નવીન સંન્યાસી.

(સામાજિક નવલકથા)

લેખક:—

વ્રજવિહારી.

ओरुम्

નવીન સંન્યાસી.

(સામાજિક નવલકથા)

લેખક,

વ્રજલાલ જાદવજી ઠક્કર (વ્રજવિહારી)

(પ્રેમની પ્રતિજ્ઞા, નિર્ભાગી કુસુમ, સુલતાન બહાદુરની ચિત્તોડ પર ચ્હડાઇ, ગૃહિણી કે દેવી ? વિગેરે નવલકથાઓના કર્તા.)

---અમદાવાદ.

પ્રકાશક

લક્ષ્મીશંકર મહાશંકર જોશી,

નડિયાદ.

કિંમત ૦-૮-૦ આઠ આના.

પ્રથમાવૃત્તિ   પ્રત ૫૦૦   સને ૧૯૧૪

અમદાવાદ—શાહપુર નવીપોળમાં આવેલા
શ્રી પ્રજાહિતાર્થ મુદ્રાલયમાં
પટેલ હલપતરામ મકનદાસે છાપ્યું

પ્રકાશકની પ્રસ્તાવના

આજકાલ બંગાલી ભાષામાં નવલકથાઓનું જેવું ઉત્તમ સાહિત્ય નજરે પડે છે, તેવું સાહિત્ય ભાગ્યે જ અન્ય કોઈ ભાષામાં અસ્તિત્વ ધરાવતું હશે, બંગાલી નવલકથાઓ એટલી તો રસનાર, આકર્ષક, મનોરંજક અને બોધક હોય છે કે તેહેની પ્રસાદિ યથાશક્તિ ગુજરાતી સાહિત્યમાં પીરસવામાં આવે તો આપણા સાહિત્યની ઉત્ક્રાંતિ થઇ શકે તેમ છે આ શુભ હેતુને લક્ષ્યમાં લેઈ આ સાહસ મ્હેં ઉપાડ્યું છે અને જો આ સાહસને ઉત્તેજન મળશે તો ભવિષ્યમાં મ્હારૂં સાહસ વધતું જશે જ એ નિસંશય છે

પ્રથમ મ્હારો વિચાર આ પુસ્તકને હમારા તરફથી અગાઉ સ્થાપન કરેલા 'કથાકુંજ'ના ગ્રાહકોને પ્રથમ પુસ્તક તરિકે આપવાનો હતો, પરંતુ કેટીલક આકસ્મિક ઉપાધીઓને લેઈ મ્હારો આ વિચાર મ્હારે મુલતવી રાખવી પડયો છે, કારણ કે હમે 'કથાકુંજ' કાર્યાલયને બંધ કર્યું છે આમ હોવાથી આ પુસ્તક સ્વતંત્ર છપાવવામાં આવ્યું છે

મી૦ વ્રજવિહારીએ પુસ્તકના પ્રુફ સંશોધન માટે જે શ્રમ લીધો છે તે માટે તેહેમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું જો કોઇ પણ દોષ જોવામાં આવે તો હંસન્યાય ગ્રહણ કરવા પાઠકોને પ્રાર્થના છે **किमधिकम् !**

લક્ષ્મીશંકર મહાશંકર જોશી. નડીયાદ.

દર્શન.

—○—

પાઠકોની સેવા બજાવવાનો આ સાહિત્યપ્રેમી સેવકને પુનઃ જે પ્રસંગ પ્રાપ્ત થયો છે તે પ્રસંગથી આત્માને કાંઈક આનંદ તેમ જ શોક ઉભય થાય છે. સાહિત્યસેવાના કાર્યો કરવામાં આનંદ થાય એ સાહજિક છે, કિંતુ શોક થવાનું કારણ એ છે કે આ પુસ્તકની એક સ્વર્ગસ્થ સ્નેહીને અંજલિ આપવાનો કમનશીબ પ્રસંગ ઈશ્વરે આણી મૂકયો છે. વિધાતાના વિધાનને કો'ણ ટાળી શકયું છે!

'**નિર્ભાગી કુસુમ**' માટે સમાજને જે લાગણી થઈ છે તે લાગણીના પ્રત્યાવર્ત્તનમાં લેખકનો આ પ્રયાસ છે, અને આશા છે કે આ પ્રયત્નને યોગ્ય ઉત્તેજન મળ્યેથી સેવક પુન ગુર્જર સાહિત્યાભિલાષિ સજ્જનોની સેવામાં વિના વિલંબે હાજર થશે.

પ્રસ્તુત નવલકથામાં પાઠકોને જો કાંઈ શ્રેષ્ઠતા માલૂમ પડે તો તેનું માન બંગાલી ભાષાના સુપ્રસિદ્ધ નવલકથાકાર શ્રીયુક્ત પ્રભાત-કુમાર બૅરિસ્ટરને જ ઘટે છે. કારણ આ લેખકનો પ્રયાસ તો માત્ર રૂપાંતર કરવાનો જ છે, છતાં હું પુસ્તકના દોષને માટે જવાબદાર છું.

આ લેખક તરફથી બીજા નવલકથાના પુસ્તકો (૧) 'ગૃહિણી કે દેવી?' (૨) સુલતાન બહાદુરની ચિત્તોડ પર ચ્હડાઈ' થોડા જ સમયમાં સાહિત્ય શોખીનોની સેવામાં ઉપસ્થિત થશે. **इतिशम्**

સાહિત્યવિલાસી '**વ્રજવિહારી.**'

અંજલિ.

પ્રિય સખે ! **મનુશર્મા ભવાનીશંકર દ્વિવેદી (સુત્રધાર)**

આ ક્ષુદ્ર સ્નેહીને તારા ટુંક જીવનને અંજલિ અર્પણ કરવાનો પ્રસંગ આવશે હેવો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો ! તારા વિયોગથી સ્નેહી સ્વજનોના આત્મા ઉપર જે મર્મભેદક આઘાત થયો છે તે આઘાત કાલાંતરે પણ ભુલાશે નહિ પ્રિય સુત્રધાર ! સુત્રધાર બની દુનિયારૂપી નાટકને બોધનુ દર્શન કરાવવાનુ જે સાહસ ઉઠાવ્યુ તે આ સકલ વિશ્વના સુત્રધારને ગમ્યુ નહિ કે જેથી કરીને તેણે તને તેના પૂજ્ય પાદારવિંદમા સ્થાન આપી હમારા આ જીવનને ધૂળધાણી કરી મૂકયુ ! હવે તો –

“ ઉર્ધ્વગમન તવ ધન્ય મનુ !
અધોગામિ જીવન અમ ધૂળ્ય મળ્યું. ”

બીજુ શુ ! તારા ટુંક જીવનમા તેં જે પરોપકાર, સ્નેહ, વિદ્વતા વિગેરેનો પરિચય કરાવ્યો છે તે પરિચય રાત્રિ દિવસ આંખોમાથી આંસુઓ સારે છે અને મનમા રણકારા વાગે છે કે –

"પ્રિય સખે મનુ મનુ!
આત્મસુખે, સુત્રધાર મનુ!"

બંધુ! કમનશીબ સ્નેહી જને આ ક્ષુદ્ર પ્રયાસ સાથે ત્હારૂ નામજોડી પોતાની મીત્રતાનો ધર્મ કાંઇક અંશે બજાવવાનો **યત્ન માત્ર જ** કર્યો છે

ત્હારા ગુણો અપાર હતા કે જે સ્વપ્નમા પણ વિસરાતા નથી, વિશેષ શુ? અનાથનો નાથ, રંકનો બેલી, જગન્નિયતા નારાયણ ત્હારા આત્માને પરલોકમા શાન્તિ આપો! કારણ, **ઇશ્વરેચ્છા બલિયસિ** એ સુત્રને આધીન થયા સિવાય છૂટકો જ નથી. છેવટે તો —

અંજલિ અમકુલ અશ્રુની મનુ!
ત્હાં સ્વીકાર્યજે ધ્વનિદ્વારા મનુ.

લી.

ત્હારો કમનશીબ **સ્નેહી.**

ओ३म्

નવીન સંન્યાસી.

(સામાજિક નવલકથા)

પ્રથમ પરિચ્છેદ.

શેષ દશા.

" પિતાશ્રી—પિતાશ્રી ! આ ઔષધ પીશો ? "

બોલનાર એક જણ પચીસ વર્ષનો યુવક છે, એક ન્હાના કાચના ગ્લાસમા ઔષધ લેઇ રોગશય્યા ઉપર સૂતેલા પિતા પાસે બેસી દુ:ખી હૃદયે આ વાકય કહ્યુ.

" પિતા—સાભળો છો કે—પિતા—ઓ પિતા ! "

કિંતુ વૃદ્ધ અચેતનાવસ્થામા છે. મધ્યાન્હકાળ ઉપસ્થિત થયો-છે ખુલ્લી બારીમાથી નહિં જેવો પવન આવે છે શય્યાથી થોડે જ દૂર એક સુંદર ખુરસી ઉપર એક આધુનિક આંગ્લ વસ્ત્રોથી વિભુષિત થયેલો ડૉકટર બેઠો છે આખ્યપર સોનાના ચસ્માં ચળકી રહ્યાં છે. યુવકે ડૉકટર તરફ દૃષ્ટિ કરી કહ્યુ—" હવે શુ કરવુ ! "

ડૉકટરે ધીમેથી પ્રત્યુત્તર આપ્યો —" ધીમે ધીમે સહજ મ્હોં ખોલી દવાને પાઇ દો, તે'મ બની શકશે કે નહિં ? "

" હુ મ્હો ખોલું છુ, આપ દવા પાઇ દો "

ડૉક્ટર ખુરશી ઉપરથી ઉઠી વૃદ્ધની શય્યા સમીપ આવ્યો તથા યુવકના હાથમાથી આષધનો ગ્લાસ પોતાના હાથમા લીધો. યુવકે વૃદ્ધનુ મ્હો ખોલવાની ચેષ્ટા કરી, તરત જ રોગી વૃધ્ધે ચક્ષુઓ વિકાસી દીર્ઘ નિશ્વાસ સાથે કહ્યુ—" આઁ–"

યુવકે કહ્યુ —" પિતાશ્રી ! આ ઔષધ પી જાઓ. "

વૃદ્ધ છતો પડી સૂતો હતો. પાસુ ફેરવી એક દીર્ઘ નિશ્વાસનો ત્યાગ કરી પુત્રના મુખ તરફ દૃષ્ટિ કરી ત્હેણે કહ્યુ —" આષધ ' હવે ઔાષધ શા માટે ભાઈ ? હવે મ્હારૂં ઔષધ ગગાજલ. મ્હને ઘણી પિપાસા લાગી છે, થોડું ગંગાજલ પાઓ "

યુવક નીરવે ડૉક્ટર તરફ જોઈ રહ્યો. ત્હેણે કહ્યુ —" કાઇ હરકત નથી. "

યુવક ઉઠીને બ્હાર ગયો, બ્હાર છજામા ત્હેની પત્ની તથા બીજી કે'ટલીક મહિલાઓ રોદન કરતી ઇશ્વિરની સહાય માટે પ્રાર્થના કરતી બેઠી હતી. યુવકે ગગાજલ માગ્યુ.

ગંગાજલનુ પાન કરતા વૃદ્ધને જાણે ચેતના આવી હોય તે'મ એ જાગી ઉઠયો. ક્ષીણકંઠે ત્હેણે કહ્યુઃ—" મોહિત ક્યહા છે ? "

" ત્હેને તાર કરી દીધો છે હમણા જ આવી પહોચશે, ફિકર કરશો નહિ "

વૃદ્ધ પુન ધીમે ધીમે નિશ્ચેતન થઇ પડયો. આ વૃદ્ધનું નામ વ્રજકિશોર છે, તે એક ક્ષુદ્ર જમીનદાર છે. વાર્ષિક આવક લગભગ ચારેક હજાર રૂપિયાની હશે. જે ગ્રામમા આ ઘટના વર્ણિત થાય છે ત્હેનુ નામ કલ્યાણપુર છે–કલ્યાણપુર ખુલના જીલ્લામા આવેલું

એક સાધારણ ગ્રામ છે. ઉપરોક્ત યુવક તે વ્રજકિશોરનો જ્યેષ્ઠ પુત્ર છે—નામ ગોપીમોહન છે, એ વૃદ્ધની પ્રથમની સ્ત્રીનો સતાન છે પ્રથમ સ્ત્રીના પરલોકવાસ પછી પ્રૌઢવયસમા વ્રજકિશોરે બીજી વખત લગ્ન કર્યુ હતુ, એ સ્ત્રી પણ એક બે વર્ષનો બાલક મૂકી પરલોક પ્રયાણ કરી ગઈ છે એ બાલનુ નામ મોહિતલાલ છે. વ્રજકિશોર વૈષ્ણવ સપ્રદાયના હોવાથી ત્હેમની હેવી ઇચ્છા હતી કે પુત્રનુ નામ નંદલાલ કિંવા લક્ષ્મીનારાયણ હેવુ રાખવુ કિંતુ ત્હેમની દ્વિતીય સ્ત્રીએ પતિની ઇચ્છા વિરૂદ્ધ પોતાની મરજી પ્રમાણે પુત્રનુ નામ મોહિતલાલ જ કાયમ રાખ્યુ. વ્રજકિશોરના વશમા આ પૂર્વે કદાપિ ઇશ્વરના કોઇ પણ નામ સિવાયનુ નામ રાખ્યુ નથી. મોહિતલાલ કનિષ્ટ પુત્ર હોવાથી ત્હેના ઉપર વ્રજકિશોરનો અપૂર્વ સ્નેહ છે હમણા મોહિતનુ વય અઢાર વર્ષનુ છે એ કલકત્તાની કૉલેજમા બી એ, ક્લાસમા અધ્યયન કરે છે

ઈશ્વરના નામને મળતુ નામ નહિં હોવા છતા પણ મોહિત ઘણો જ નિષ્ટાવાન અને ધર્મપરાયણ બાળક છે. સધ્યા પૂજન કર્યા સિવાય જળગ્રહણ સુદ્ધા કરતો નથી, ત્હેનો આહાર પણ ઘણો સાત્વિક છે ગોપીકાન્તનુ નામ ઈશ્વરના નામને મળતુ હોવા છતા ત્હેના આચાર વિચાર કાંઈ જૂદા જ પ્રકારના છે પગમા બુટ પહેરી રાખીને હૉટેલની અદર ઈરાનીની ચ્હા પીતા ઘણા લોકોએ ત્હેને જોયો છે તે મદ્યપાન કરે છે હેવી એક અખ્યાતિ પણ છે આ સિવાય એક હિંદુને યોગ્ય નહિ હેવાં અનેક કાર્યો તે કરે છે, અસ્તુ

સાંજના સમયે એક બળદગાડી આવી વ્રજકિશોરની હવેલી આગળ ઉભી રહી. ગાડીમાંથી મલિનવેશ શુષ્કમુખ મોહિતલાલે

અવતરણ કર્યું. મોહિત તત્ક્ષણ અંત પુરમા ગયો. ગોપીમોહને બન્ધુને દેખતાંની સાથે જ કહ્યુ–" ભાઇ ! આવી પહોચ્યો કે ? "

મોહિતે સ્વબન્ધુને પ્રણામ કરી કહ્યુ—" પિતાશ્રીને કયેમ છે ? "

ગોપીમોહને કહ્યુ —" હમણા તો ઠીકાઠીક છે. આજની રાત્રિ કાઢશે કે કયેમ એ શંકાયુક્ત છે. "

મોહિતના નેત્રોમાંની જલધારા વરસવા લાગી. ગોપીમોહને બન્ધુના આંસું લુંછી ધીમેથી પૂછ્યુ —" ત્હુ જમ્યો નહિ હોઉ ? "

" ના. "

" કલકત્તાથી ક્યહારે નીકળ્યો હતો ! "

" આઠ વાગ્યે. "

" જલપાન કર્યુ છે ? "

' હા, સ્નાન આન્હિક તથા જલપાન કરીને જ ત્યહાથી નીકળ્યો હતો "

એટલામા વ્રજકિશોરની વિધવા ભગિની–મોહિતની ફોઈ–ત્યહા આવી પહોંચી. મોહિતે ન્હેને પ્રણામ કર્યા. મોહિતની દાઢી પકડી ત્હેને મસ્તિષ્ક ઉપર ચુંબન કરી કહ્યુ —" ભાઈ ! ત્હને હમે ક્યહારનાયે યાદ કરીએ છીએ. હાથ મ્હોં ધોઇને વસ્ત્રો ઉતારી નાખ્ય. હુ વામનીને ભોજન પીરસવાનુ સૂચવુ છુ. "

મોહિતે કહ્યુ —" પ્રથમ મ્હને મ્હારા પિતાને મળવા દ્યો. "

ફોઇએ કહ્યું—" ભાઈ ! ઠીક વખતસર આવી પહોંચ્યો. જો યદાકદાચિત્ આજે ન આવી પહોચ્યો હોત તો મેલાપ થાત કે નહિ તે નારાયણ જાણે. જ્યહારે જ્યહારે ત્હેમને ચેતના આવે છે

ત્યારે ત્યારે તેઓ પ્રશ્ન કરે છે કે—"મોહિત આવ્યો છે ?—મ્હારો મોહિત આવ્યો છે ?" આમ કહેતાં કહેતાંમાં તો મોહિતની ફોઈના નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યા.

બુટને કહાડી મોહિત પોતાના વડિલ બંધુ સાથે પિતાની રોગ-શય્યા નિકટ ગયો. મોહિતે જોયુ કે પિતાની મૂર્તિમાં ઘણો ફેરફાર થઇ ગયો છે. હેને એમ જ લાગ્યું કે પૂર્વે જે પિતાનો હૃષ્ટપુષ્ટ દેહ હતો તે હવે બિછાનાની સાથે મળી જવાનો ઉપક્રમ કરે છે.

મોહિતે શય્યાપ્રાંત પાસે જઈ અચેતન પિતાના પદદ્વયને પોતાના મસ્તિષ્કથી સ્પર્શ કર્યો. દશ વર્ષની ઉંમરની એક બાલિકા વૃદ્ધના ઉશિકા પાસે બેસી પવન નાખે છે. સાત વર્ષની ઉંમરનો એક બાલક વૃદ્ધના પગ ચાંપે છે. મોહિતે બાલકને કહ્યુ —" તુ ઉઠી જા—હુ પગ દાબું છુ."

કેટલીક ક્ષણ પછી મોહિતની કાકીએ એ જ ઓરડામા પ્રવેશ કરી કહ્યુ —" ભાઈ! જમવા ચાલ્ય, ભોજન પીરસ્યુ છે."

મોહિતે કહ્યું—" ના, હમણા હુ જમવા જઈશ નહિં "

હેની ફોઇ સસ્નેહથી હેનો હાથ પકડી ઘણો આગ્રહ કરી હેને જમવાને લઈ ગઈ.

આહારાદિ પછી પુન પિતાની પાસે આવી મોહિત સુશ્રૂષામા પ્રવૃત્ત થયો.

રાત્રે લગભગ નવેક વાગ્યાને સુમારે વ્રજકિશોરને કાંઇક ચેતના આવી. હેમને પાસું ફેરવતા તથા નેત્રો વિકાસતા જોઈ ગોપીમોહને કહ્યુ —" પિતાશ્રી—" મોહિત આવ્યો છે."

વૃદ્ધે કહ્યુ —મોહિત ? મોહિત ? કો'ણ મોહિત ?"

" હા પિતાશ્રી હુ આવી પહોચ્યો છુ." આમ કહી મોહિતે પિતાનો એક શીર્ણ હસ્ત પોતાના હસ્તદ્વયમાં ગ્રહણ કર્યો.

વૃદ્ધે કહ્યુ —" મ્હારૂં ગળું ઘણું જ સુકાઈ જાય છે. મોહિત! ભાઇ ' ગંગાજલ પા."

મોહિત ઉઠીને ગગાજલ લેઈ આવ્યો, તથા પિતાના મુખમાં ચમચે ચમચે રેડવા લાગ્યો. જલપાનથી વૃદ્ધ વિશેષ હોશિયારીમા આવ્યો બે ત્રણ વાર દીર્ઘ નિશ્વાસ મૂકી ત્હેણે કહ્યુ —" ગોપી ' "

" પિતાશ્રી ! હુ અહિં જ છુ."

" નદલાલ ક્યહા છે ? "

નદલાલ એ ગોપીમોહનનો બાલક પુત્ર છે ઉમર ફકત ત્રણ વર્ષની છે નંદલાલને ત્હેની માતાના ખોળામાં લેઈ શય્યા નિકટ આવીને બેઠી. ગોપીમોહને કહ્યુ —" આ નંદલાલ આવ્યો છે, તે નિદ્રાધીન થયો છે."

વૃદ્ધે પુત્રવધુને આશિર્વાદ આપી પૂછ્યુ —શારદાબેન ક્યહાં છે ?

કોઇબાએ કહ્યુ —" ભાઇ ' હું અહિં છુ ત્હમને શાથી શાંતિ થાય તેમ છે ? " આમ કહી તે રોદન કરવા લાગી

વૃદ્ધે કહ્યુ —" શોક શા માટે કરો છો ' ગોપી છે, મોહિત છે, ત્હેમને હુ ત્હમને સોપી જાઉં છુ."

થોડા સમય સુધી નીરવ રહી વૃદ્ધે પુન ગગાજલ માગ્યુ. જલપાન કરી ત્હેણે પૂછ્યુ —" ત્હમે સર્વે અહિં જ છો ને ? "

" હા પિતાશ્રી ! હમે બધા અહિં જ બેઠા છીએ " ગોપીમોહને પ્રત્યુત્તર આપ્યો.

વૃદ્ધે ધીમે ધીમે એકે એક વાત પૃથકભાવે ઉચ્ચારણ કરી કહેવાની શરૂઆત કરી —

" જો ભાઈ! હવે બહુ વખત બાકી રહ્યો નથી; ત્હમે બધાં મળી મ્હને હરિનામનું શ્રવણ કરાવશો કે? રાધા નામ—કૃષ્ણ નામ—હરિ નામ?"

સર્વે રોદન કરવા લાગ્યા. મોહિતે કહ્યું—હા પિતાશ્રી! શ્રવણ કયેમ નહિં કરાવીએ?"

વ્રજકિશોરે કહ્યું —"ઠીક ત્યહારે, કિન્તુ હરિનામ શ્રવણ કરતાં પહેલા એક સાંસારિક કર્તવ્ય છે તે પૂર્ણ કરી લેઉં. ત્યહાર પછી ત્હમારે મુખે હરિનામનું શ્રવણ કરતા કરતાં, હસતો હસતો રથમાં ચ્હડી હું વૈકુંઠમા ચાલ્યો જઇ વ્હાલા વૃજવિહારીના પાદારવિંદમાં પહોચી જઇશ ગોપીકાન્ત, મોહિતલાલ પાસે આવો, ભાઇ ગોપી! ત્હને મેં માનુષ કર્યો છે. ત્હારો વિવાહ પણ કર્યો છે ત્હને સંતતિ પણ થઈ છે કિન્તુ મોહિત હજુ પણ બાલક છે, ત્હેની ગર્ભધારિણી પણ સ્વર્ગે પહોચી ગઈ છે તે બિચારી પુત્રનું યા તો પૌત્ર પૌત્રી-ઓના દર્શન કરી શકી નહિં હરિની જેવી ઇચ્છા! જો ભાઇ મોહિતલાલ! મ્હારી ગેરહાજરીમા ત્હારો મ્હોટો ભાઈ એ જ ત્હારો પિતા છે તેમ જ ત્હારાં ભાભી તે જ ત્હારી માતા તૂલ્ય છે. મ્હારી જે પ્રમાણે માન્યતા રાખતો, ભક્તિ કરતો તદનુસાર ત્હારા બંધુ સાથે પણ વર્તજે. બીજી એક વાત કહી દેઉં છુ કે આ કલિકાલમાં ભાઇ ભાઇને પણ કે'ટલેક સ્થળે બનતું નથી કિંતુ ત્હમારી ઉભયની વચ્ચે તેમ થવું જોઇએ નહિં હુ જે સંપત્તિ મૂકી જાઉં છુ ત્હેનો અપવ્યય નહિ થાય તો ત્હમારૂં જીવન સુખમા ચાલ્યુ

જશે બન્ને આ સસારમા હળીમળીને ચાલ્યજો. કોઈની કથા ઉપર વિશ્વાસ મૂકી ભાઇથી વિરોધ કરવો નહિ સ્ત્રીઓની કથા તરફ લક્ષ્ય આપવું નહિ સ્ત્રીઓ જ ભાઈ ભાઇને પરસ્પર વૈર કરાવવાના કારણરૂપ થઈ પડે છે અનેક સસારમાં જોવામા આવે છે કે ભાઇ ભાઇ વચ્ચે અપૂર્વ પ્રેમ હોય છે કિંતુ ત્હેમની સ્ત્રીઓ વચમા પડી આ પ્રણયને દૂર કરે છે ભાઇ ' મ્હારૂં કહેવાનુ તાત્પર્ય એ જ છે કે ભિન્ન થશો નહિ, સપત્તિના ભાગ પાડશો નહિ ભાગ કરવાથી પર્વત પણ ધૂળ સમાન થઇ જાય છે. ધર્મપથે ચાલ્યજો. તેમ થવાથી ઇશ્વર પણ ત્હમારા ઉપર સંતુષ્ટ રહેશે ? થયુ, વિશેષ કાઇ મ્હારે હવે કહેવાનુ રહેતું નથી, હવે ત્હમે મ્હને ઇશ્વરના મધુર નામનુ શ્રવણ કરાવો " આટલું કહી વૃદ્ધ ચુપ રહ્યો કેટલીક ક્ષણ પછી મોહિતલાલે બોલવાનો આરંભ કર્યો --

हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलं ।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ॥

વૃદ્ધે કહ્યું —" સંસ્કૃત નહિ, ગુજરાતી હરિનામ બોલો પેલુ જ ભજન ગાઓને કે "હરિ ભજન વિણ શુ ધન છે સસારે ?"

તરત જ પિતાની ઇચ્છાનુસાર મોહિત તેમ જ ગોપીમોહન ઉભય એક સાથે ગાવા લાગ્યા —

" હરિ ભજન વિણ શું ધન છે સસારે ?
ભજન સર્વ હરિ એક સ્વરે
હરિ ભજનના ગુણ ગહન છે, ગાતા પાર ન આવે;
મનવા માયા મોહ તજી દે, ભજ હરિને ભાવે.

ભજો સર્વ હરિ એક સ્વરે...."

આ પ્રમાણે હરિ નામનું શ્રવણ કરતા કરતાં ગભીર રાત્રિએ વૃદ્ધનો પ્રાણવાયુ બહિર્ગત થઇ ગયો.

દ્વિતીય પરિચ્છેદ.

ચક્ષુજલ.

ઉપરની ઘટનાને ઘટી ગયાને આજકાલ કરતા લગભગ પાચ વર્ષ વીતિ ગયા છે આ મુદતની અદર મોહિતલાલે કૉલેજનુ અધ્યયન પૂર્ણ કરી એમ એ, બી. એલની ડીગ્રી મેળવી છે. મ્હોટાભાઈના આગ્રહથી તે કલકત્તામા વકિલાત કરવાને એક વર્ષ કરતા પણ વધારે મુદત રહી આવ્યો છે કિંતુ વકિલાતનો ધધો ત્હેને બિલકુલ પસદ ન્હોતો આમ હોવાથી તે સ્વગ્રહે જ આવીને રહ્યો છે. શાસ્ત્ર-ચર્ચા તેમ જ સધ્યાદિ કર્મમા જ ત્હેનો વિશેષ સમય વીતિ જાય છે.

અત્યાર સુધીમા કે'ટલીક વખત ગોપીમોહને ભ્રાતાનો વિવાહ કરવાનો યત્ન કર્યો હતો કિંતુ મોહિતે ત્હેમાં પોતાની સંમતિ આપી નથી સમતિ નહિં આપવાનુ કારણ સસાર ધર્મ ઉપર અનિચ્છા, દ્વિતીયત ભ્રાતૃવિચ્છેદ શકા પોતાના પિતાશ્રી મૃત્યુ સમયે જે આદેશ દેઈ ગયા હતા તે આદેશને મોહિત એક પણ દિવસ ભૂલી શકતો નહિં, વળી મૂલથી જ ત્હેને સ્ત્રીઓ પ્રતિ કાંઇક તિરસ્કાર હતો, તે'થી કરીને તે પોતાના વિચારમા પૂર્ણાશે દૃઢ હતો.

જો કે મોહિત સ્વત વિવાહવિમુખ હતો કિંતુ ગ્રામનો સમાજ આપસ આપસમા વાતો ચલાવતો હતો કે —"ગોપીમોહનનો મોહિતનાં લગ્ન કરવાનો વિચાર જ હોય એમ જણાતુ નથી, ક્યહાંથી વિચાર હોય ? ગમે તે'ટલો તો પણ સાવકો ભાઇને—સહોદર હોય તો આ પ્રમાણે બેસી રહેવાય ખરૂં કે ? મોહિત ઇંગ્રેજી અભ્યાસ પૂર્ણ કરી ચુક્યો છે, રૂપમા કામદેવ જેવો છે, પૂર્ણ યૌવનકાલ ઉપસ્થિત થયો છે. અરેરે ! હાવા સ્વરૂપવાન યુવાન્ તેમજ વિદ્વાન્ બધુને કુવારો જોઇ કયા ભાઈ, કયી ભાભી તથા કઈ ફોઈનુ મન પીગળ્યા સિવાય રહે ? આજે જો વૃદ્ધ વ્રજકિશોર જીવતા હોત –" ઇત્યાદિ

ગ્રામમા કોઈ પણ ખબરપત્રી નહિં હોવા છતા ઉક્ત ભાવાત્મક વક્તૃતા યથાવિધિ ગોપીમોહનની પત્ની તરફ "રિપોર્ટેડ" થતી હતી. આથી કરીને તે વારવાર મોહિતનો વિવાહ સ્થિર કરવા સબંધે સ્વામીને આગ્રહ કરતી હમણા ગોપીમોહન કલકત્તામા એક પ્રખ્યાત્ જણને ત્યા બંધુનો વિવાહ સ્થિર કરવાના પ્રયત્નમાં જ છે કન્યાનો પિતા ઘણો જ લક્ષ્મીવાન તેમજ ખટપટી પુરૂષ છે, ઘણા જજો તથા બૅરિસ્ટરો સાથે ત્હેને પિછાન છે, વિવાહ થઈ ગયા પછી જમાતૃને કલકત્ત લેઈ જઇ વકિલાતના કાર્યમા વણી સહાયતા કરી શકે તે'મ છે, વળી બંધુ કઇ પણ ઉદ્યમ કર્યા સિવાય ગ્રહમા બેસી રહે એ ગોપીમોહનને પસંદ પણ ન્હોતુ, જો ભાઇ કલકત્તા જઇ વકિલાત કરે તો તે ત્હેને વિશેષ પસદ હતુ. આજે કલકત્તાથી કન્યાપક્ષનાં એક બે માણસો મોહિતલાલને જોવા આવનાર છે જો તે લોકો પાત્રને પસંદ કરશે તો ગોપીમોહન ભ્રાતાના વિવાહ માટે સમતિ આપનાર છે.

* * *

આશ્વિન માસ છે, આકાશ તેમ જ ધરણી સૂર્ય કિરણોથી પરિપ્લાવિત્ત છે, પોતાની હવેલીની આસપાસ આવેલા વિશાલ બાગના એક ખુણે એકાંત જગ્યાએ એક વૃક્ષની છાયા નીચે દર્ભાસન પાથરી તે ઉપર બેસી આંખ્યોએ ચશ્મા પહેરી મોહિતલાલ યોગવાશિષ્ઠ રામાયણનુ ધ્યાનપૂર્વક અધ્યયન કરે છે દર્ભાસનની પાસે જ એક કચકડાની છીકણીથી ભરેલી દાબડી પડી છે તેહેના ઉપર સોનેરી અક્ષરે લખેલું છે કે–' હરિનામ સત્ય. ' મોહિત જે સ્થળે બેઠો છે તે સ્થળેથી થોડેક દૂર એક ન્હાની પુષ્કરણી છે પુષ્કરણીની અંદર કેટલાક પદ્મો પ્રફુલ્લિત થઇ ઉષાકાન્ત પ્રતિના પોતાના અપૂર્વ સ્નેહનુ દર્શન કરાવે છે. કે'ટલાક હંસ જળની અંદર તરતા દેખાય છે વચ્ચ વચ્ચે કે'ટલાક પક્ષીઓ આવી પુષ્કરણીમાથી મત્સ્ય પકડી ઉડી જાય છે, કિંતુ આ સકલ પ્રતિ મોહિતની બિલકુલ નજર નથી, તે પોતાના અધ્યયનમા જ નિમગ્ન છે

ગયા પાચ વર્ષમા મોહિતના અંગમા ઘણો ફેરફાર થઈ ગયો છે. તે હવે સંપૂર્ણ યુવાન થઈ ચુકયો છે દ્રૌગીકૃત ચિબુકનો અગ્રભાગ માનસિક દઢતાનો પરિચાયક છે. નેત્રદ્વય સ્થિર તથા ધીર છે લલાટ વિચારશીલતાની પરિચાયક કુંચનરેખાવલી–સમાવૃત છે

કે'ટલોક સમય વીતિ ગયા પછી મોહિતલાલે સાંભળ્યુ કે —
' ભાઈ ! "

પુસ્તકમાથી મ્હો ઉઠાવી લેઇ મોહિતલાલે જોયુ તો એક દ્વાદશવર્ષીય બાલક નજરે પડયો તેહેનું નામ વિનોદચંદ્ર છે તે મોહિતની વિધવા ફોઇનો પુત્ર છે

" ભાઈ–ઘરમા ચાલો ! "

મોહિતે વિરક્ત સ્વરે કહ્યુ —" કેમ "

" મ્હોટાભાઈ બોલાવે છે. "

" જા, હુ પછીથી આવુ છુ. "

બાલકે કહ્યુ —" ના હમણા જ ચાલો. બેઠકખાનામા કોઈ બે માણસો આવ્યા છે. મ્હોટાભાઇએ મ્હને કહ્યુ કે જા મોહિતલાલભાઇને બોલાવી લાવ, વિલબ કરીશ નહિ. "

આ વાક્ય સાભળી મોહિત થોડા સમય સુધી બાલકના મુખ તરફ એકાગ્રદૃષ્ટિથી જોઈ રહ્યો, પછી પૂછ્યુ –" કેમ, તે બે જણ લોક શા માટે આવ્યા છે ?"

બાલક કોણ આવ્યું છે તે જાણતો હતો કિંતુ ગોપીમોહને એ બાબતનો ખુલાસો કરવાની ના પાડેલી હોવાથી ત્હેણે કહ્યુ — " કોણ જાણે ! " આ શબ્દો કહેતા બાલકના કઠસ્વરમા મિથ્યાભાષણજનિક એક પ્રકારનો સકોચ સ્પષ્ટ રીત્યે માલૂમ પડતો હતો

મોહિતલાલે એક દીર્ઘનિશ્વાસનો પરિત્યાગ કરી કહ્યુ –અરર ! વિનોદ ! અસત્ય વચન શા માટે ઉચ્ચારે છે ?"

બાલક ચુપ થઈ ગયો ત્હેને નિરૂત્તર જોઇ મોહિતલાલે કહ્યુ — " શુ હજુ સુધી ત્હુ ભણ્યો નથી કે ખોટું બોલવુ એ મહાપાપ છે ? પિતૃ–આજ્ઞા પાળવાને માટે રામચંદ્ર રાજાના પુત્ર હોવા છતા વનવાસી થયા હતા એ શુ ત્હુ જાણતો નથી ? પ્રાચીન સમયના હિંદુઓ પ્રાણાતે પણ અસત્ય વચન ઉચ્ચારતા નહિ–એ ક્હ્યા ત્હુ જાણતો નથી ? ત્હુ પણ તે જ હિંદુ–સંતાન છે એ શુ ત્હું ભૂલી ગયો ? અસત્ય શબ્દો ઉચ્ચારી આજે ત્હેં ત્હારી જાતને કલકિત

કરી છે. અફસોસ વિનોદ ! ઘણું શરમ ભરેલુ કહેવાય. ”

આ વાક્યબાણોથી જર્જરિત થઈ બાલક રૌદન કરવા લાગ્યો ત્હેના નેત્રદ્વયમાથી અવિરલ અશ્રુધારા વહેવા લાગી મોહિતલાલની તીવ્ર જ્વાલામયદૃષ્ટિ એ સહ્ય નહિં કરી શકવાથી બન્ને હાથથી પોતાનુ મ્હો ઢાંકી દેઇ ડુસકાં ખાતો રોદન કરવા લાગ્યો

મોહિતલાલે કહ્યુ —“ રડ રડ, જે પાપ કર્યું છે ત્હેને નેત્રોના આસુથી ધોઇ નાખીને પુન પવિત્ર થા. પાપનું શશાક ફક્ત આસુથીજ ધોવાઇ જાય છે. બીજા કોઇ પણ ઉપાયથી માણસ પવિત્ર થઈ શકતું નથી. ” આમ કહી ત્હેણે પુન પોતાનુ મન યોગવાસિષ્ઠ રામાયણના અધ્યયનમા રોકયું બાલક અવનત મુખે ત્યહાથી પ્રસ્થાન કરી ગયો

કે'ટલીક ક્ષણો પસાર થઇ ગઇ દૂરથી કોઇના ઝાઝરની ઘુઘરીઓનો ઝણકાર શ્રવણે પડતા મોહિતે એક વખત ફક્ત તે તરફ દૃષ્ટિપાત કર્યો. ત્હેણે જોયુ કે ત્હેની ભ્રાતુષ્પુત્રી કિરણબાલા આવે છે. મોહિત પુન· પોતાના અધ્યયનમાં નિમગ્ન થયો.

કિરણ આવીને નિર્વાક પુતળીની માફક મોહિત પાસે ઉભી રહી. ક્રમે મોહિતે પુસ્તકમાથી ઉંચી નજર કરી પૂછ્યુ.—“ કેમ શુ છે કિરણ ? ”

કિરણે કહ્યુ·—“ કાકા ! એક વખત ઘરમા આવી જાઓ, પિતાજી બોલાવે છે. ”

“ શા માટે બોલાવે છે ? ”

“ બે પુરૂષો આવ્યા છે. ”

“ કોણ છે તે'ઓ ? ”

"તે તો હુ જાણુતી નથી કિંતુ તે સર્વે દિવાનખાનામા બેઠા છે."

મોહિતલાલે પોતાના મનમા જ "હું!" કહી બાલિકાની નૈતિક પરીક્ષા લેવાને માટે અવશેષે પૂછયુ—એ બન્ને પુરૂષો ક્હાથી આવ્યા છે?"

"કલકત્તાથી."

"કેમ?"

બાલિકાએ બિલકુલ દ્વિધા કર્યા સિવાય કહ્યુ—"ત્હમને જોવાને માટે" વિનોદચન્દ્રની લાઞ્છનાના વિષયથી ત્હેણી અનવગત ન્હોતી.

મોહિતે ભમર ચ્હડાવી કહ્યુ—"કેમ જોવાને શા માટે? શુ હુ કાઇ વાઘ બાઘ છુ કે?"

ઈષત્ હાસ્ય કરી કિરણે કહ્યુ—"આપના વિવાહ સંબન્ધ કરવાને આવ્યા છે."

કિરણનુ આ હાસ્ય જોઈ મોહિતલાલના મનમાં દાવાનળ સળગી ઉઠયો. ગુરૂજનની આગળ કિરણની આ લઘુતા, ધૃષ્ટતા તથા ચપલતા તદ્દન અમાર્જનીય હતા, આથી કરીને ચક્ષુને લાલચોળ કરી કૈઇ કર્કશ કંઠે ત્હેણે કહ્યુ—"કિરણ!"

કાકાની મુખમુદ્રાનો એકાએક થયેલો ફેરફાર જોઇ હતબુદ્ધિ કિરણે ત્હેની પ્રતિ સભય દૃષ્ટિપાત કર્યો.

"કિરણ ત્હુ હસી કેમ?"

બાલિકા નીરવ જ રહી કિંતુ ત્હેના નેત્રદ્વય વિષણ્ણ થઇ ગયા.

મોહિતલાલે ગંભીર ભાવથી કહ્યુ—"ત્હારા કાકાનો વિવાહ એ શું ત્હારે માટે એક તમાસા તથા રંગરાગનો વિષય છે? વડિલ-

જનોની સાક્ષાતમાં કે'વા પ્રકારે વર્ત્તવુ તે શુ હજુ સુધી ત્હુ જાણતી નથી ? ત્હારી માએ અદ્યાપિપર્યંત ત્હને આ સંબધી કાંઇ પણ શિક્ષણ આપ્યુ નથી ? ત્હુ ઘણી વખત રામાયણ, મહાભારત વાચતી જણાય છે, તો પછી ત્હેં ત્હેમાંથી શુ ઉપદેશ ગ્રહણ કર્યો—ધિક્કાર છે ! "

કિરણના તેજસ્વી નેત્રોમા આસુ ભરાઇ આવ્યાં; ત્હેણે કંપતા કંપતાં ક્ષીણ ક ઠે કહ્યુ —"હુ આપના વિવાહની વાત ઉપર હસી નથી."

" ત્મ્હારે શી વાત ઉપર ત્હું હસી ? "

" આપે નહિં કહ્યુ કે 'શું હુ વાઘ બાઘ છુ ?' તે વાક્ય સાભળી મ્હને હસવુ આવ્યુ. વાઘ બાઘ ક્મ્હારેય પણ ચશ્મા પહેરીને રામાયણનું અધ્યયન કરતા હશે કે ? આથી કરીને જ મ્હને હસવુ આવ્યુ હતુ. " આમ કહેતા કહેતામા તો કિરણના નેત્રોમાથી જલબિંદુ ટપકવા લાગ્યા.

બાલિકાની અવસ્થા જોઇ મોહિતલાલનું પાષાણ હૃદય કાંઇક પીગળ્યુ—ક્રોધને દૂર કરી પુન ત્હેણે અધ્યયનનુ કાર્ય શરૂ કર્યુ; કિંતુ કિરણ ત્મ્હાથી ગઇ નહિં. ત્હેને ઉભી રહેલી જોઈ મોહિતે કહ્યુ —" કિરણ ' ત્હુ ઉભી શા થાટે રહી છુ ?" આ વખતે મોહિતનો સ્વર પૂર્વવત્ કર્કશ ન્હોતો.

કિરણે નમ્રતાથી કહ્યુ —" ચાલોને કાકા. "

મોહિતે વિરક્ત સ્વરે કહ્યું —" હું વારંવાર કહી ચુકયો છુ કે હું વિવાહ કરનાર નથી. મ્હને કો'ણ જોવાને આવ્યુ ? " આમ કહી મોહિત પુસ્તકમાં મન મયોગ કરવાનો વૃથા પ્રયત્ન કરવા લાગ્યો.

કિરણે કહ્યુ—"તે બાબત હુ શુ જાણું ? આપને જે કાંઇ કહેવુ હોય તે પિતાશ્રીને કહેજો ચાલો.

"આવીને શુ કરૂં ? આવવાથી શુ ફલ ?"

"આપ એક વખત ચાલો તો ખરા."

મોહિતે ચશ્મા ઉતારી પૅકેટમા ઘાલી દીધા છીકણીની ડબ્બી-માથી કેટલીક છીંકણી સુઘી લેઈ, પુસ્તકને બગલમા રાખી, આસ-નને હાથમા લેઈ અપ્રસન્ન મુખે તે કિરણની સાથે સાથે હવેલી તરફ જવા લાગ્યો.

તૃતીય પરિચ્છેદ.

અપમાન !

ગોપીમોહનની હવેલીનુ બેઠકખાનુ આજે ઘણું જ શણગારેલુ જણાય છે; કારણ કલકત્તાથી કન્યાપક્ષના બે માણસો પાત્ર જોવા આવનાર હતા. કન્યાપક્ષના માણસો આવી ગયા છે ત્હેમાંનો એક કન્યાનો ન્હાનો કાકો થાય છે, ત્હેનુ નામ વીરેશ્વરપ્રસાદ છે વીરે-શ્વરપ્રસાદની સાથે જે અન્ય પુરૂષ આવેલો છે તે ત્હેમનો કાંઇ પણ પ્રકારનો આત્મીય નથી, ફક્ત સ્નેહી જ છે. ત્હેનુ નામશ્ યામચરણ-દાસ છે. કલકત્તાની એક કૉલેજમાં તે અધ્યાપકનુ કાર્ય કરે છે જ્યહારે અપ્રાપ્તવયઃ પાત્રનો વિવાહ થાય છે ત્યહારે જોવા આવતી વખતે એક પ્રકારે પાત્રની પરીક્ષા લેવાની પ્રથા હોય છે જો કે આ કન્યા-

પક્ષવાળા ઉપરની પ્રથા જાણતા હતા છતા પાત્ર એમ, એ, બી. એલ. મા પાસ થયો છે એમ જાણી ત્હેમણે ત્હેની સવિશેષ ચિકિત્સા કરવાનુ વ્યાજબી ધાર્યું નહિં, તો પણ સાથે એક જણ વિદ્વાન માણસ શ્યામચરણ આવેલો છે.

વીરેશ્વરપ્રસાદ તથા શ્યામચરણદાસ બન્ને જણ દિવાનખાનામાં બેઠા હતા ગોપીમોહન ત્હેમની પાસે બેસી વાતચીત કરતો હતો. પ્રતિવેશીઓમાના બે ચાર સ્નેહી પુરૂષો પણ આવીને ઉપસ્થિત થયા હતા. હુક્કાના ધુમાડાથી આખું દિવાનખાનુ અંધકારપ્રાય થઇ રહ્યુ હતુ વાત રસમા ચ્હડી હતી. અધ્યાપક શ્યામચરણદાસ બેસી રહ્યો હતો વચ્ચે વચ્ચે તે છીકણી સુંધ્યા કરતો, તથા સર્વેની વાતચીત શ્રવણ કરતા કરતાં કોઇ કોઈ સમયે હસી પડતો હતો.

વખત ઘણો થયો છતા મોહિતનાથ આવ્યો નહિં તે'થી ગોપીમોહને સ્વયં ઉઠીને અંતપુરમા પ્રવેશ કર્યો આંગણામા પ્રવેશ કરતા જ જોયુ કે આગળ ત્હેની કન્યા કિરણબાલા અને પાછળ પુસ્તકને બગલમાં રાખી, દર્ભાસનને હાથમા ઝુલાવતો ઝુલાવતો મોહિત આવે છે, ભાઇને જોતાં જ ગોપીમોહને કહ્યુ —“ અત્ય્હાર સુધી ક્ય્હા હતો વારૂં ? થોડો સમય દિવાનખાનામા આવી જા આટલી બુમાબુમ કરીએ છીએ, એક ઉપર એક માણુસ મોકલીએ છીએ; ત્હેનો ત્હારે કાંઇ હિસાબ જ નથી કયેમ ? ”

આજે પ્રાતકાલથી જ્ય્હારથી મોહિતે શ્રવણ કર્યું છે કે ત્હેને જોવાને કલકત્તાથી કન્યાપક્ષનાં માણુસો આવવાના છે ત્ય્હારથી ત્હેનું મન ઘણું જ વિરકત બની ગયુ છે, કિંતુ મનની વિરકિત

ગોપન કરી હેણે વિનીતભાવે કહ્યુ —" ભાઈ ! દિવાનખાનામા જવાની કાંઇ આવશ્યકતા જેવુ છે ?"

" હા, કલકત્તાથી બે ભદ્ર પુરૂષો આવ્યા છે હેમની પાસે જઈને વાતચીત કર. "

" શુ તે'ઓ મ્હારા વિવાહને માટે આવ્યા છે ?"

અલ્પ ક્ષણ સુધી નીરવ રહી ગોપીમોહને કહ્યુ —"હા "

" મ્હેં હમોને નથી કહી દીધુ કે હુ વિવાહ કરવાને ઇચ્છિતો નથી ? તો પછી મ્હને— '

મોહિતને બોલતો અટકાવી ગોપીમોહને કહ્યુ —" હેમા હરકત જેવુ શુ છે ? શુ હેમને મલવાથી કાંઈ એકદમ હારો વિવાહ નકકી થઇ જવાનો છે ? તે'ઓ તો ફકત હને જોવાને જ આવ્યા છે. પાત્ર ઉત્તમ જણાય તો તે'ઓ વિવાહ કરવાને તૈયાર છે"

આ કથા સાભળીના મોહિતનુ વિમુખ મન વિશેષ વિમુખ બની ગયુ ગોપીમોહને બધુને શાત જોઇ કહ્યુ –' તે'ઓ ઘણા મ્હોટા લોક છે અનેક જમીનદારો કરતા પણ હેમની પાસે વિશેષ દ્રવ્ય છે જો તે'ઓ હને પસદ કરે તો હારે તો એમ જ સ્હમજવુ જોઇએ કે 'લક્ષ્મી સ્વત જ હને ચાલ્લો કરવા આવી છે ' કલકત્તાની અદર મ્હોટા મ્હોટા અધિકારીઓ સાથે હેની ઓળખાણો છે મ્હે સાભળ્યુ છે કે જો આ કાર્યમા આપણે યશસ્વી થઇએ તો તે હને કલકત્તા લેઇ જઈ એક બગલો, બે જોડ ગાડી ઘોડા વિગેરે અયશઆરામનાં સાધનો આપનાર છે, વળી હેમની લાગવગ હેવી છે કે ફક્ત ૭ માસમા તો હાઇકોર્ટમા હારો પ્રભાવ ઉત્તમ પ્રકારે

જામી જશે, કહેવાનું તાત્પર્ય એ છે કે હેમની સાથે ઘણી નમ્રતાપૂર્વક વર્તજે ચાલ્ય દિવાનખાનમા મ્હારી સાથે ચાલ્ય ”

મોહિતના હૃદયમા જે અગ્નિ સલગતો હતો તે અગ્નિના ગોપીમોહનના ઉપરોકત કથને તૈલનિષિકત લાકડા ઉમેરી આપ્યા. બધુના કથનથી મોહિતને ઘણું ખોટું લાગ્યુ આત્મસવરણ કરી ત્હેણે કહ્યુ —“ ભાઇ ! મ્હને ક્ષમા કરો, હમણા હુ દિવાનખાનામા આવીશ નહિં ”

“ કારણ ?”

‘ મ્હારો જીવ અત્ચારે કાઇ ઠીક નથી ”

ગોપીમોહને વિરકિતના સ્વરે કહ્યુ —આજકાલ ત્હારી ગી તભાત હાવી વિચિત્ર કેમ થઈ ગઇ છે ? કે'ટલે દૂરથી એ લોકો અહિ ત્હને ભેટવાને આવ્યા હેમને મલવાની ત્હારી ઇચ્છા નથી ' આશ્ચર્ય ' આ બધી મૂર્ખામીનો ત્યાગ કરી હેમની પાસ જઇને બેસ, વાતચીત કર, ચાલ્ય ત્હા આવવાને કાઇ હરકત નથી '

ઇધન ઉપર ઇધન સીંચાવા લાગ્યા પોતાના ઓષ્ઠને દશન કરી કપિત સ્વરે મોહિતે કહ્યુ -“ ઠીક ચાલો ત્હારે, કિતુ કજાકજીનો દોષ મ્હને દેશો નહિ ”

ભ્રાતાને લેઇ ગોપીમોહન દિવાનખાનામા ઉપસ્થિત થયો તથા વીરેશ્વરપ્રસાદના સ્થુલ સુગોલ મુખમડલ પ્રતિ દષ્ટિપાત કર્યો ચ-વર્ત્તિ મહાશયના કઠમા એક કિમતી મોતીની માલા ઝુલી રહી હતી જમણા હાથની ન્હાની અગુલિ ઉપર સુવર્ણમુદ્રિકા પ્રકાશી રહી હતી મોહિતે પોતાના હસ્તદ્વય ઉત્તોલન કરી ચક્રવર્ત્તિ મહાશયને પ્રણામ કર્યા

ચક્રવર્ત્તી મહાશયે પૂછયુ—“ આપનુ નામ શુ છે ?”

મોહિતે પોતાનાં ચશ્માના કાચની અંદરથી પ્રશ્નજીજ્ઞાસુના પ્રતિ એ અગ્નિબાણુને ફેંકી કહ્યું—“ મ્હારૂં નામ શ્રીમોહિતલાલ દેવશર્મા છે. પિતાનુ નામ વ્રજકિશોર છે. આપનું શા અર્થે અત્રે આગમન થયુ છે ? જો વિવાહસંધાન અર્થે આપ આવ્યા હો તો મ્હારી વિવાહ કરવાની બિલકુલ ઇચ્છા નથી. ”

હાવા વિચિત્ર ઉત્તરથી દિવાનખાનામા બેઠેલી સર્વ મડલી સ્તભિત થઈ ગઇ. જે'ઓ તમાકુ પીતા હતા ત્હેમના હુક્કાનો અવાજ એકાએક અટકી ગયો. ગોપીમોહન લજ્જાથી અધોવદન થઇ ગયો.

ચક્રવર્ત્તી મહાશયે પ્રથમ નિસ્તબ્ધતાનો ભગ કરી કહ્યુઃ—“ ઓ —હમે આમ જાણુતા ન્હોતા. ”

મોહિતલાલ ચક્રવર્ત્તી મહાશયને પ્રણામ કરી ત્હાથી ચાલ્યો ગયો. જે'મના હાથમા હુક્કો હતો તે'ઓ પુનઃ ધુમ્રપાન કરવા લાગ્યા. ચક્રવર્ત્તી મહાશયે ગોપીમોહન તરફ નજર કરી કહ્યુ —“ હાવી રીત્યે બોલાવીને હમારૂં અપમાન કરવુ એ શું ત્હમારા જે'વા ગૃહસ્થને છાજતુ છે કે ? ”

ગોપીમોહને પ્રત્યુત્તરમા કહ્યું—“આપના પ્રશ્નનો હું શું ઉત્તર આપું ? ઉત્તર આપવા જે'વું મ્હારૂં મ્હો પણુ ક્ય્હા રહ્યુ છે ? મ્હેં તો યોગ્ય વિચાર કરીને જ આ કાર્યમા મ્હારી સંમતિ દર્શાવી હતી, કિંતુ દુર્દૈવને કો'ણુ મીથ્યા કરી શકે ? આપ મ્હોટા લોક છો હમારો જો કાંઇ અપરાધ જણાતો હોય તો ક્ષમા કરજો. આપ તો મ્હારા ભાઇના હિત માટે જ આટલી બધી તસ્દી વેઠી અહિં પધાર્યા કિંતુ

હાવો પ્રકાર બનશે હેવો મ્હને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

પાડોશમાંનો એક સભ્યજન જે ત્ય્હાં બેઠો હતો તે બોલી ઉઠ્યો—"ચિરકાલથી સાંભળવામાં આવે છે કે **विद्या विनयं ददाति.** મોહિતલાલે આટલો બધો અભ્યાસ કર્યો છે છતાં ત્હેની હાવી ઉદ્ધત પ્રકૃતિ થઈ ગઇ છે એ મહા શોકની વાત છે. હવે તો આપણુને હેવો જ વિચાર થાય છે કે આપણે વધારે અભ્યાસ નથી કર્યો એ જ સારી વાત છે."

અધ્યાપક શ્યામચરણદાસે આ વખતે કહ્યું.—" સત્ય હકીકત જોવા જતાં એમ માલૂમ પડી આવે છે કે આજકાલ્યની સ્કૂલોમાં કે કોલેજોમા જે'વી રીત્યે અતિશય વિદ્યાશિક્ષણ આપવામાં આવે છે તે'વી રીત્યે નીતિશિક્ષણુ આપવામાં આવતું નથી, અને તે'થી કરીને જ હાવુ ફ્લ આવે છે."

ચક્રવર્તી મહાશયે ગોપીમોહન તરફ પુન દૃષ્ટિ કરીને કહ્યુ—"ત્ય્હારે હવે હમને આજ્ઞા હોય તો ઘેર જઇ પહોંચીએ ?"

ગોપીમોહને કહ્યુ—"વખત વીતિ ગયો છે. હવે સ્નાનાહાર કર્યા પછી જ આપ સુખેથી જાઓ તો શું હરકત છે ?"

"કૃપા કરીને આપ માફ કરો. હમારા મનની અવસ્થા અત્ય્હારે ઠીક નથી. ત્હમારે ત્ય્હા હમારૂં ઘણું જ અપમાન થયુ છે, કિંતુ હમો આપને કાઇ દોષ દેતા નથી—દોષ હમારા અદૃષ્ટનો જ છે. સ્ટેશન નજીક હમારો એક સ્નેહી રહે છે. ત્ય્હા જ સ્નાનાહાર કરીશૂ"

અતિથિઓને રહી જવા માટે ગોપીમોહને ઘણો આગ્રહ કર્યો

કિંતુ તે'ઓએ માન્યુ નહિ પાલખી આવતાની સાથે જ બન્ને જણ સ્ટેશન તરફ રવાના થઈ ગયા પ્રતિવેશી વ્યક્તિઓ આ ઘટના સબંધી વાતચીત કરતી કરતી ધીમે ધીમે સ્વગૃહાભિમુખ પ્રતિ પ્રસ્થાન કરી ગઈ

ગોપીમોહનને બનેલા પ્રકારથી ઘણુ જ લાગી આવ્યુ હતુ તે પોતાના ક્રોધનુ સંવરણ કરી શકયો નહિં–ક્ષુભિત વ્યાઘ્રની માફક તે ભ્રાતાને શોધવા લાગ્યો

ચતુર્થ પરિચ્છેદ.

વાક્ય–બાણ

અંતઃપુરમા થઈ આગળ વધી મોહિતે પોતાના શયનાલયમાં પ્રવેશ કર્યો હેની માતા, ભાભી, બ્હેન વિગેરે ઉત્સુક નયને હેના તરફ જોઈ રહ્યાં હતા હેની ભાભીએ એક વખત હાસ્ય કર્યુ કિંતુ હેની તે તરફ બિલકુલ દૃષ્ટિ ન્હોતી

કે'ટલીક ક્ષણ પછી ગોપીમોહને મોહિતના શયનાલયમા પ્રવેશ કર્યો, તથા દ્વાર બંધ કર્યા ભ્રાતાની પાસે આવી વાતાયનપથે પુંકરિણીની તરફ દૃષ્ટિપાત કર્યો હવેલીની આસપાસ સુંદર તથા સાગધપૂર્ણ ઉદ્યાન તથા ઉદ્યાનની અંદર તરુશાખાની અંતરાળમા આ એક પુંકરિણી આવેલી હતી અત્યારે આ પુંકરિણીમા બેઠી બેઠી હવેલીની પાચિકા (રસોઇએણ) પોતાના ગાત્રોનુ માર્જન

કરતી હતી આ પાચિકા એક અનાથ બ્રાહ્મણ કન્યા તથા નવયૌવના વિધવા હતી. ગોપીમોહને પુન એક વખત પુષ્કરિણી તરફ તથા ભ્રાતાની તરફ સદિગ્ધભાવે દૃષ્ટિપાત કર્યો, ત્યહાર પછી ક્રોધાવેશમા જ પ્રશ્ન કર્યો–" મોહિત ! ત્હારો વિચાર શુ છે ? "

મોહિત ભ્રાતાના મુખ તરફ એક વખત દૃષ્ટિપાત કરી નિ-રૂત્તરે ઉભો જ રહ્યો.

ગોપીમોહને પુન પ્રશ્ન કર્યો–" ત્હારો વિચાર શુ છે તે કહે જોઉ વારૂં ? "

સ્થિરભાવે મોહિતે ઉત્તર આપ્યો –" હુ વિવાહ કરીશ નહિં; તમને આ પ્રમાણે હુ ઘણા વખત પૂર્વથી કહ્યા કરૂં છુ "

" એ તો ઠીક છે, કિંતુ આપણે ત્યહા આવેલા અતિથિઓનું તેં આવુ અપમાન કેમ કર્યું ? મ્હારે કેટલુ નીચુ જોવુ પડયુ તેનો કાંઈ તને ખ્યાલ છે ? "

મોહિત નિરૂત્તર રહ્યો ગોપીમોહને ક્રોધપૂર્ણ સ્વરે કહ્યું — ' ઉત્તર કેમ નથી આપતો ? "

મોહિતે કહ્યુ –" આપને નીચુ જોવડાવવાનો મ્હારો લેશ માત્ર પણ વિચાર ન્હોતો

" વિચાર ન્હોતો ? ત્હારે ત્હારો શુ વિચાર હતો ? આપણી હવેલીમા જે ભદ્રલોકોને આમત્રણ કરી બોલાવ્યા હતા તેમનુ અપમાન કરવાનો ત્હારો વિચાર હતો ? તુ ભણતા ગણતા શીખ્યો તો પણ ત્હારી ઉદ્ધતાઈ ન જ ગઇ કે ? તેં આવુ જ જ્ઞાન સપાદન કર્યું કે ? આ જ ત્હારી ભદ્રતાનો આદર્શ કે ? ધિક્–ધિક્ ! "

મનનો આવેગ મહા મુશિબતે સમાવી મોહિતે કહ્યું:—" શુ ત્હેમણે મ્હારૂં અપમાન નથી કર્યું ? "

ગોપીમોહને ગુસ્સાના આવેશમા જ કહ્યુ:—" ત્હેમા ત્હેમણે શું ત્હારૂં અપમાન કર્યું ? ઉલટુ ત્હેમણે પોતાના ઘરની કન્યા આપવાનો વિચાર કર્યો ત્હેમા ત્હારૂં અપમાન થઈ ગયુ ? એ તે અપમાન કે સન્માન ? "

દીર્ઘનિશ્વાસનો ત્યાગ કરી મોહિતે કહ્યુ —" એ અપમાન કે સન્માન એ હુ આપને કે'વી રીત્યે સ્હમજાવી શકું ? "

" મ્હને કે'વી રીતે સ્હમજાવે ? શુ હુ મૂર્ખ છુ કે ન સ્હમજી શકું ? તું કૉલેજમા પાસ થયો છે તો હુ પણ સેકન્ડ સ્ટૅન્ડર્ડમા પાસ થયો છુ સ્હમજ્યો ? કિન્તુ શેકસપિયર, મિલ્ટન વિગેરે આગ્ન વિદ્વાનોની ભાષા શ્રવણ કરવા કરતાં મ્હને ગુજરાતી—મ્હારી માતૃભાષા ઉપર—વિશેષ પ્રેમ છે ! ત્હારૂં શુ અપમાન થયુ તે મ્હને કહે તો હુ સ્હમજી શકું ને ? "

એટલામાં પાચિકા પોતાના ગાત્રોને માર્જન કરવાનુ પૂર્ણ કરી એક જલપૂર્ણ ન્હાનો પિત્તળનો ઘડો કેડમાં લેઈ ગજગામિનીની માફક હાલતી હાલતી હવેલી તરફ આવવા લાગી ત્હેણે એક વખત ઉચી નજર કરી તથા કો'ણ જાણે શાથી પોતાની નજર એકદમ નીચી ખેચી લેઈ પોતાના અનાવૃત્ત મસ્તિષ્કની ઉપર કપડું ખેચ્યુ. ગોપીમોહને આ સર્વ પ્રકાર જોયો.

મોહિતે કહ્યુ —" ત્હમે એમ જણાવો છો કે મ્હારા જે'વાને કન્યા આપી તે સુખી કરવાનુ ઈચ્છે છે, કિંતુ તે'ઓ સભ્યતા લેશ

માત્ર પણ જાણે છે કે ? શું હુ કાંઇ બજારમાંની વસ્તુ છુ કે મ્હને પસંદ કરી તેઓ ખરીદ કરવાનું ઇચ્છે છે ? આ એક પ્રકારનું અપમાન નહિં કે ? "

મોહિત નીરવે બેસી જ રહ્યો. હવેલીની આસપાસ ઘણાં વૃક્ષો આવેલાં હતા. મોહિતના શયનાલયની પાસે જે એક ભવ્ય વૃક્ષ હતુ ત્હેની ડાળ ઉપર એક વાંદરો કૂદી આવ્યો તથા હિંચવાનો આરંભ કર્યો. વાંદરાની હાવી પ્રવૃત્તિથી અન્ય પશુ પક્ષીઓ ઉડી ગયાં. થોડો વખત નીરવ રહી ગોપીમોહને કહ્યું:—" ત્યહારે શું ત્હું વિવાહ નહિં જ કરે હેવી ત્હારી દૃઢ પ્રતિજ્ઞા છે કે ? "

" હા. "

ગોપીમોહને અલ્પ સમય સુધી કાંઇ વિચારી કહ્યુ —" આ ત્હારી સૃષ્ટિત્યાગની ઇચ્છા કહેવાય. ત્હુ જાણે છે કે સંસારી લોક— જે સંસારાશ્રમમાં રહે છે—ત્હેમના પક્ષમાં વિવાહ કરવો એ એક પ્રકારનો ધર્મ જ છે. વિવાહ એ હિંદુ જાતિનો એક પ્રકારનો સંસ્કાર છે, એ શું ત્હું જાણતો નથી ? જ્યહારે તું ધાર્મિક પુરૂષ છે તો પછી ત્હારે ત્હારા કર્તવ્યનો વિચાર કરવો જ જોઇએ. જો ત્હું તે વિચાર ન કરે તો ત્હને ધાર્મિક પુરૂષ નહિં કિંતુ ઢોંગી પુરૂષ જ જાણવો જોઇએ. "

બિચારો મોહિત આજે કો'ણ જાણે કો'નું મુખ જોઇને ઉઠયો હતો. આજે સ્હવારથી જ ત્હેનું મન અસ્થિર થતું જાય હેવા પ્રકારો બન્યા કરે છે. ત્હેને હવે ધૈર્યનું રક્ષણ કરવાનું ઘણું કઠિન થઈ પડયુ; તે મહા મુશિબતે આત્મસંવરણ કરી બોલ્યો:—" સંસારી

લોકોના સંબધમા વિવાહ કરવાનું જે અવશ્ય કર્તવ્ય ત્હમે ગણો છો ત્હેવી ધારણા મ્હારી પોતાની નથી ”

ભાઇને ફટકો મારવાના વિચારથી ગોપીમોહને કહ્યુ —“ ઠીક છે વિવાહ નહિં કરે તો કાંઇ ફિકર નહિં કિંતુ રહેણી કરણી ઉત્તમ પ્રકારની રાખવી પડશે ”

ભાઈની કથાનો મોહિતે કાંઇ પ્રત્યુત્તર આપ્યો નહિં ભાઇના ઉપરોક્ત વાક્યથી ત્હેનું મસ્તિષ્ક ફરી ગયુ તે ક્રોધથી એકામ થઈ જઈ બેસી રહ્યો. મોહિતને નિરૂત્તર જોઈ ગોપીમોહને કહ્યુ —“ જો કે ત્હું મ્હારા કરતા વિશેષ ભણ્યો ગણ્યો છુ, કિંતુ ત્હારા કરતા મ્હારી ઉમર વિશેષ મ્હોટી હોવાથી સસારનો મ્હને સપૂર્ણ અનુભવ મલ્યો છે, એમ મ્હારે ખાસ કરીને ત્હને કહેવુ જોઇએ ત્હારા જેટલી ઉંમરના મનુષ્યે સસારની રીત્ય પ્રમાણે વિવાહ કરવા અત્યાવશ્યક છે જો ત્હું સંસારનો ત્યાગ કરી **સન્યાસી** થઈ ગયો હતે તો તે અન્ય વાત હતી, કિંતુ ગૃહસ્થાશ્રમમા રહી ગૃહસ્થાશ્રમના ધર્મો વિરૂદ્ધ વર્ત્તવાથી ત્હેનુ પરિણામ ખરાબ જ આવે એ સાહજિક છે. મ્હારા મત પ્રમાણે તો જો ત્હુ વિવાહ કરે તો ત્હેમા ત્હારી ધર્મચર્ચાની કોઈ પણ પ્રકારે ક્ષતિ થશે નહિં જો અવિવાહિત રહીશ તો હાનિ થવાની વિશેષ સભાવના છે વિવાહ કર્યા છતા પણ ઘણા પુરૂષો નિર્મલ રહી શકતા નથી વિવાહ કરવાનો વિચાર માંડી વાળી ત્હુ ગૃહસ્થાશ્રમ ધર્મનુ પાલન કરવા ઇચ્છે તો ત્હેમા છેવટ ત્હારે ઘણું પસ્તાવાનો વખત આવ્યા સિવાય રહેશે નહિં સ્નાનના ઘાટ ઉપર વિધવા સ્ત્રીઓની પ્રતિ પાપદૃષ્ટિ કરવા કરતા વિવાહ કરવો એ ઉત્તમ વાત છે ”

ભાઈના અંતિમ્ વાક્યથી મોહિતના ક્રોપાગ્નિનો દવ વિશેષ પ્રજ્વલિત થયો લ્હેણે પણ વાક્યસયમનુ ભાન રાખ્યા સિવાય એકદમ કહ્યુ —" સર્વ પોતાના જે'વી જ દુનિયાને દેખે—કમળો હોય તે પીળું જ જોઇ શકે "

બંધુનું વાક્ય શ્રવણ થતાની સાથે જ ગોપીમોહને ખુરશી ઉપરથી એકદમ ઉભા થઇ જઇ ફાટેલી આંખોએ બંધુ તરફ જોઈ રહી અગ્નિ વર્ષાવતા કહ્યુ —" શુ ' જે'ટલુ મ્હોટુ મ્હો તે'ટલી મ્હોટી વાતો કેમ ? " આમ કહી ગોપીમોહન મોહિતના શયનાલયનો ત્યાગ કરી ચાલ્યો ગયો મોહિત અનેક પ્રકારોના વિચારો કરતો કરતો શયનાલયમા આમ તે'મ આટા મારવા લાગ્યો છેવટે લ્હેણે સ્વગૃહનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો

પંચમ પરિચ્છેદ.

સ્વામી-સ્ત્રી.

ખુલનાથી પાચ છ ગાઉ દૂર સાગરદીધિ નામનુ એક ગામ છે, ત્ય્હા આગત આપણા મોહિતલાલનો એક સહપાઠી પ્રમથનાથ રહે છે પ્રમથનાથના પિતાનુ નામ વિશ્વેશ્વરપ્રસાદ છે તે'ઓ પ્રથમ ડેપ્યુટી ઇન્સ્પેકટરના હોદ્દા ઉપર હતા, હમણા પેન્સન ઉપર છે સાગરદીધિ ગ્રામમા તે'ઓ એક પ્રખ્યાત સદ્ગૃહસ્થ તરીકે સુપ્રસિદ્ધ છે

વિશ્વેશ્વરપ્રસાદને બે પુત્ર અને એક કન્યા છે. જ્યેષ્ઠ પુત્રનુ

નામ પ્રમથનાથ છે. કનિષ્ઠનું નામ વસંત છે, બન્ને બંધુઓની ઉમર અનુક્રમે પચીશ અને અગીઆર વર્ષની છે. પુત્રીનું નામ સરોજિની છે તે વસંત કરતાં બે વર્ષે મ્હોટી એટલે કે ત્રયોદશ વર્ષીયા છે. ત્હેના વિવાહને માટે પ્રમથનાથના પિતા કાંઇક ઉદ્વિગ્ન છે. સરોજિનીના સત્ય નામથી ત્હેને કોઈ સંબોધતું નથી; ત્હેને સર્વે ચિનિ સંબોધનથી સંબોધે છે. પ્રથમ ' સરોજિની ' નામને સંક્ષિપ્ત કરી જિની કહેવામાં આવતુ તથા ધીમે ધીમે ત્હેનો અપભ્રંશ થતાં '**ચિનિ**' બની ગયુ છે.

વિશ્વેશ્વરપ્રસાદ યૌવનકાળમા બ્રાહ્મસમાજમા આવજાવ કરતા અને તેઓ દિક્ષા લેનાર છે હેવુ પણ એક વખતે જાહેર થયું હતું, કિંતુ ઘણા જનોએ ત્હેમને ભય દર્શાવ્યો. હિંદુધર્મ પરિત્યાગ કરવાથી પિતૃદેવો કોપાયમાન થશે—આ કારણથી વિશ્વેશ્વરપ્રસાદે બ્રાહ્મસમાજની દિક્ષા લેવાનો પોતાનો વિચાર માંડી વાળ્યો—કિંતુ ત્હેમના મનમા તો બ્રાહ્મધર્મને માટે વધારે સહાનુભૂતિ રહી હતી. એક મિશનરી મેમ ત્હેમની સ્ત્રીને વાચતા લખતા શીખવાડવાને માટે આવતી હતી. કે'ટલાંક વર્ષ પછી ત્હેમનું મન પાછુ વૈષ્ણવધર્મ તરફ આકૃષ્ટ થયું. હમણા પણ તેઓ વૈષ્ણવધર્મના અનુયાયી છે. રામાયણ મહાભારતના અધ્યયનમા જ પોતાના દિવસો વ્યતીત કરે છે. ત્હેમની બાલિકા સરોજિની જો કે સ્કૂલમા જતી નથી કિંતુ ત્હેણીએ પોતાની માતા પાસેથી આવશ્યકીય શિક્ષણ લીધુ છે અને લે છે. આમ હોવાથી વિશ્વેશ્વરપ્રસાદ એ બાબતમાં અસંમત નથી.

પ્રમથનાથની પત્નીનું નામ સુશીલા છે. સુશીલાના માતાપિતા

ચુસ્ત સુધારક છે. ત્હેનાં માતાપિતાએ ત્હેનું મેટ્રીકની પરીક્ષામાં પસાર થયા પછી જ લગ્ન કર્યું છે. સુશીલા દેખાવમાં સુંદરી હોવા ઉપરાંત ઘણી જ ગુણવાન છે. ત્હેની ઉંમર હમણા સત્તર વર્ષની છે.

એક દિવસે સંધ્યા સમયે સુશીલાએ પ્રમથનાથને પ્રશ્ન કર્યો – "હમણાં ત્હમારા સ્નેહી મોહિતલાલનો કેમ કાંઇ પત્ર નથી ?"

પ્રમથનાથે કહ્યુ —"આજે જ પત્ર આવ્યો છે. તે કુશલ છે. એક બે દિવસમા અહિં આવવાનું જણાવે છે."

"વિવાહની બાબત કાઇ થયું ?"

"કાઇ જ નહિં"

"ત્યારે શુ તે વિવાહ જ કરનાર નથી ?"

"બધો પ્રકાર તો હેવો જ લાગે છે."

"અરે એમ તે બને ખરૂં ? શું ચિરકાલ આ પ્રમાણે રહી શકશે કે ?"

"ત્હેનું એમ કહેવુ છે કે પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરવાને માટે સંસારબંધનનો ત્યાગ કરવો જોઇએ—**સંન્યાસી** થવું જોઇએ."

આ વાકયો શ્રવણ કરી સુશીલાએ પૂછયું –" પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરવાને સંસારબંધનનો ત્યાગ કરીને **સંન્યાસી** થવુ જોઇએ ? ! વારૂં, 'આધ્યાત્મિક ઉન્નતિ' એટલે શુ ?"

. પ્રમથનાથે હસીને કહ્યું–" શું હું કાંઇ ત્હારો શબ્દકોષ છુ

કે ? જરા શબ્દકોષમા જોઇ લે ”

સુશીલાએ કહ્યું –“ આધ્યાત્મિક ઉન્નતિ શું એ જ ફક્ત મ્હારે જાણવું છે. જે પ્રમાણે શારીરિક ઉન્નતિ એટલે શરીરને બળવાન કરવું, માનસિક ઉન્નતિ એટલે બુદ્ધિમા વૃદ્ધિ કરવી–ઘણા ભારે હિસાબો કરી શકવા, ગહન વિષયો વાચી ત્હેનો મર્મ સ્હમજી શકવો, ઉત્તમ પ્રકારના પુસ્તકો સહજમા લખી શકવા–નૈતિક ઉન્નતિ એટલે કે હમેશાં સત્ય કથન કરવું, કોઇનું અનિષ્ટ કરવું નહિ, કોઈ પણ પ્રકારનું પાપકર્મ કરવું નહિ, પાપ વિચારને મનમા સ્થાન આપવું નહિ તે છે, તે જ પ્રમાણે મ્હને સ્હમજાવો કે ‘આધ્યાત્મિક ઉન્નતિ’ એટલે શું ? ”

પ્રશ્ન શ્રવણ કરી પ્રમથનાથ કાંઇક વિવ્રત થઇ ગયો–ત્હેણે ટુંકામા જ કહ્યું –“ જે’વી રીતે પૂર્વકાલના ૠષિ મુનીઓ પોતાની ઉન્નતિ કરી શક્યા છે ત્હેને ‘આધ્યાત્મિક ઉન્નતિ કહે છે ”

સુશીલાએ સ્મિત કરી કહ્યું –“ નારદ ૠષિ વીણા બજાવતા બજાવતા આકાશમા ઉડી જતા તદનુસાર મોહિતદાસ પણ શું હાર્મોનિયમ બજાવતા બજાવતા ઉડવા ઇચ્છે છે કે ? ”

પ્રમથનાથે કહ્યું –“ નારદ ૠષિ ઉડી શકતા નહિ, કિંતુ ઇશ્વરની એકાગ્રતાપૂર્ણ કરેલી આરાધનાથી ઇશ્વરના દર્શન પામતા ત્હેમના જે’વા ઇશ્વર ભક્તો ઘણા જ થોડા હોય છે ”

સુશીલાએ કહ્યું –“ તે’થી કરીને શું ? વિવાહ કરવાથી ઇશ્વરની આરાધના ન થઈ શકે હેવું તો કાંઇ છે નહિ ? ”

“ ત્હેનો મત હેવો છે કે સમસ્ત સંસારનો ત્યાગ કરી એકાંત

વાસમા ગયા સિવાય ભક્તિની એકાગ્રતા થતી નથી."

"ઠીક છે, તે'ઓ અહિં આવશે એટલે હું ત્હેમનો વિચાર કે'વા પ્રકારનો છે તે ત્હેમને સ્હમજાનીશ, ક્ય્હારે આવનાર છે ?"

"ત્રણ ચાર દિવસમા જ."

લગભગ એક મિનિટ સુધી સુશીલા નીરવે વિચાર કરતી બેસી રહી, પછી ધીમે ધીમે ત્હેના અધરયુગલ ઉપર હાસ્યરેખા ફુટી નીકળી. ત્હેણીએ ઉભી થતા કહ્યું-"હુ એક પુસ્તક લેવા જાઉં છુ"

"કયુ પુસ્તક ?"

"Lamb's Tales from Shakespeare."

"એકદમ શેકસપિયરના ઉપર આટલી બધી ભક્તિ કેમ થઇ ગઇ ?"

"એક વાર્તા વાચવાની ઇચ્છા છે."

"કઇ વાર્તા ?"

"Much Ado About nothing."-કહી સુશીલા ત્હાંથી બ્હાર ચાલી ગઇ.

ષષ્ઠ પરિચ્છેદ.

મોહિતનું આગમન.

સાંજના ચાર વાગ્યાનો સમય છે. વિશ્વેશ્વરપ્રસાદ બેઠકખાનામાં એક વિરામાસન પર બેઠા બેઠા એક ઉત્તમ અંગ્રેજી પુસ્તકને વાંચે છે. ચક્ષુઓ ઉપર સોનાનાં ચશમાં ચઢાવ્યાં છે.

ઓરડામાં બીજું કોઇ જ નથી

વિશ્વેશ્વરપ્રસાદની ઉમર પચાસની ઉપર છે. ત્હેમનું શરીર હૃષ્ટપુષ્ટ તે'મ જ વર્ણ ગૌર છે. મસ્તિષ્ક ઉપરના કેશ શુભ્ર થઇ ગયા છે. નેત્ર યુગલ વિશાલ અને હાસ્યવિભાસિત છે. ત્હેમનુ મુખમંડલ જ ત્હેમની સહૃદયતાનો ઉત્તમ પ્રકારે પરિચય કરાવે છે. ઢાકાની મલમલનું એક પહેરણ ત્હેમણે અત્યહારે પહેરેલું છે. પાસે પડેલા હુક્કાની નલીને વારંવાર પોતાના મુખમાં મૂકી ધુમ્રપાન કરે છે. વિશ્વેશ્વરપ્રસાદને હેવી ટેવ છે કે તે'ઓ વાંચતા હોય ત્યહારે ત્હેમના મુખમાં હુક્કાની નલી હોવી જ જોઇએ. નોકર થોડી થોડી વારે આવીને તમાકુ બદલી જાય છે.

બેઠકખાના આગળ વિસ્તૃત ઓટલો આવેલો છે તથા ઓટલાની નીચે કે'ટલાક ભાગમાં સૌગંધિત ગુલાબના છોડ ઉગેલા છે. એ સ્થલે શ્વેત, પીત અને રક્તવર્ણનાં વિભિન્ન જાતીય ગુલાબનાં પુષ્પો પ્રસ્ફુટિત થયાં છે. ઘડીઆલમાં પાંચના ટકોરા થતાંની સાથે જ એક પાલખી બેઠકખાનાના ઓટલા નજીક આવી પહોંચી. વિશ્વે-

શ્વરપ્રસાદે પુસ્તકમાંથી બ્હાર દૃષ્ટિ કરી જોયુ તો એક યુવાન પુરૂષને ત્હેમણે પાલખીમાંથી નીચે ઉતરતાં જોયો. બેઠકખાનાના પાછળીના ભાગમાંથી પ્રમથનાથ એકદમ બ્હાર ઓટલા ઉપર આવ્યો તથા મોહિત સાથે સેકહેન્ડ કરી કુશલ વર્ત્તમાન પૂછ્યા. બિછાનું તથા ચામડાની બૅગ એક નોકરના હાથમાં આપી મોહિતને સાથે લેઇ પ્રમથનાથ પિતાની પાસે આવ્યો તથા કહ્યું –“ પિતાશ્રી આ મ્હારો મિત્ર મોહિતલાલ આવ્યો છે. ” સાથે સાથે મોહિતે ભૂમિષ્ઠ થઈ વિશ્વેશ્વરપ્રસાદને પ્રણામ કર્યા.

“ આવ્ય ભાઇ આવ્ય–છે તો કુશળ ને ? ”–કહી વિશ્વેશ્વરપ્રસાદ ઉભા થયા તથા ચશમા કાઢી પુસ્તકની અંદર ચિન્હસ્વરૂપે રાખ્યાં.

“ જી હા કુશલ છુ; આપનું શરીર તો સારૂં છે ને ? ”

“ હા–સારૂં છે. આવ્ય બેસ. ” આમ કહી વૃદ્ધ બેઠકખાનાની વચ્ચે આવેલા એક રાઉન્ડ ટેબલની આસપાસ પડેલી ખુરસીઓ પૈકી એક ખુરસી ઉપર બેઠા તથા મોહિત તે'મ જ પ્રમથ સાથે થોડા સમય સુધી વાતચીત કરી.

બેઠકખાનાની પાછળ એક સુંદર દિવાનખાનામા પ્રમથનાથનું નિવાસસ્થાન છે. સ્નાનાગાર અને પ્રમથનાથનું દિવાનખાનું સાથે સાથે જ આવેલાં છે, પ્રમથનાથ મોહિતને પોતાના દિવાનખાનામાં લેઇ ગયો તથા કે'ટલાંક ઉત્તમ પુસ્તકો બતાવી તે થોડા સમયને માટે ત્હાંથી વિદાય થયો.

કે'ટલીક ક્ષણ પછી જ્યહારે પ્રમથનાથ પાછો આવ્યો ત્યહારે મોહિત હાથ મ્હોં ધોઈ, વસ્ત્રો પરિવર્ત્તન કરી બુકકેસમાંથી એક

મ્હોટું પુસ્તક લેઇ એક ખુરસી ઉપરપડયો પડયો વાચતો હતો.

પ્રમથે કહ્યું —" શુ વાચે છે ? "

" હક્ષલીની લેખાવલી. "

" ના વાચ્ય, ના વાચ્ય—નાસ્તિક થઈ જઇશ. "

મોહિતે પુસ્તક બંધ કરી કહ્યુ —" મ્હારી આસ્તિકતા હેવી ક્ષણભંગુર નથી. "

પ્રમથે કહ્યુ —" બગલામા ઉપર ચાલ્ય. દેવને પ્રણામ કરી માને પણ પ્રણામ કરી આવીએ. "

મોહિત ઉઠી પ્રમથનાથની પાછળ પાછળ મેડા ઉપર ગયો તથા ઉભયે અંતપુરમા પ્રવેશ કર્યો ઉપર પ્રથમ જે ઓરડામા પ્રવેશ કર્યો તે ઓરડાની અંદર એક કોચ ઉપર બેઠો બેઠો એક બાલક થર્ડ રીડર વાચતો હતો આ બાલકને પ્રમથનાથે પૂછ્યું — " મા ક્યહા છે ? "

આગન્તુક પ્રતિ સંદિગ્ધભાવે દૃષ્ટિપાત્ કરી બાલકે ઉત્તર આપ્યો —" અંદર છે. " પ્રમથે મોહિતને લેઈ દેવાલયમા (દેવના ઓરડામાં) પ્રવેશ કર્યો. સિંહાસનની ઉપર કાલા પત્થરના બનાવેલા રાધાવલ્લભજી હાથમાં બંસી લેઈ ઉભા રહેલા છે. પાસે જ રાધિકા છે. મોહિતલાલે મૂર્ત્તિ આગળ જઇ ઘુંટણીએ પડી પ્રણામ કર્યો. આ દેવાલયની પાસેના ઓરડામા જ મોહિતને બેસાડી પ્રમથ પોતાની માતાને બોલાવી લાવવા ગયો મોહિતે જોયું તો એ ઓરડાનો બધો ઠાઠમાઠ ઇગ્લીશ ફેશનનો જણાયો. વચ્ચે એક રાઉન્ડ ટેબલ હતું ત્હેની ચારે બાજુએ ખુરસીઓ ગોઠવવામા આવી હતી. ચારે

દિશાની દિવાલની પાસે પાસે ચાર અનેકાસનો આવેલા હતા ટેબલની ઉપર એક ખેંચવાનો પંખો પણ ઝુલી રહ્યો હતો. મોહિત એક અનેકાસન ઉપર બેઠો બેઠો પ્રથમની રાહ જોવા લાગ્યો.

કે'ટલીક ક્ષણ પછી પ્રમથનાથે જનનીને સાથે લેઇ ઉક્ત ઓરડામા પ્રવેશ કર્યો. મોહિતે દૃષ્ટિ કરતાંની સાથે જ જાણી લીધુ કે પ્રમથનાથની માતાનાં વસ્ત્રાભુષણ સાધારણ હિંદુ ગૃહસ્થની સ્ત્રીના જે'વા નહિં કિંતુ બ્રાહ્મમહિલાના જે'વાં ઉત્તમ છે, કેવલ પગમા બુટ તેમ જ મોજા નથી.

પ્રમથે કહ્યુ—"મા ! આ મ્હારો સ્નેહી બધુ મોહિતલાલ આવ્યો છે."

મોહિતે ઉઠી પ્રમથની માતાને પ્રણામ કર્યા. માએ કહ્યુ—"આવ્ય ભાઈ આવ્ય, ચીરાયુ થા, રાજરાજેશ્વર થા.'

પ્રમથે સ્મિત કરીને કહ્યુ,—"મા મોહિત રાજરાજેશ્વર તો નહિં કિંતુ **સંન્યાસી** થનાર છે."

માતએ કહ્યું—"ભાઇ પ્રમથ ! તુ શું કહે છે ? હજુ તો મોહિતલાલની બાલ્યાવસ્થા કહેવાય, આટલી ન્હાની ઉંમરમા તે શા માટે સંન્યાસી થઈ જવાની ઇચ્છા રાખે છે ?'

પ્રમથે કહ્યુ—"એ તો **નવિન સંન્યાસી** છે."

આ પ્રમાણે વાતચીત ચાલે છે હેવામાં એક ત્રયોદશવર્ષીયા બાલિકા આવી પોતાની માતા પાસે ઉભી રહી

મોહિતે જોયું કે બાલિકાનો વેશ પણ ત્હેની માતા પ્રમાણે

નવ્યતંત્રનો છે. ત્હેનું મુખશ્રી અતિ સુગોળ છે. વર્ણ પણ સુંદર છે ન્હાની ઉંમરમાં ઇંગ્રેજ બાલિકાઓને હોય છે તેમ કેશકલાપ સ્વતંત્રતાથી પીઠ ઉપર ઝુલી રહ્યો છે. વિશાલ ભાલપ્રદેશમાં એક સુંદર ન્હાની કુંકુંમની ટિપકી શોભી રહી છે. પગમા બુટ કે મોજાં ત્હેણે પણ પહેરેલાં નથી.

પ્રમથે બાલિકાને પૂછ્યું --" આ કો'ણ છે તે ત્હું જાણે છે?"

બાલિકાએ નીરવે મસ્તક હલાવ્યું.

" એ મ્હારા સ્નેહી મોહિતલાલ છે; હમે ઉભય કલકત્તામાં સાથે અભ્યાસ કરતા હતા. "

આ કથા શ્રવણ કરી બાલિકાએ મોહિતને શરમાતાં શરમાતાં પ્રણામ કર્યાં. પ્રમથે મોહિત તરફ નજર કરી કહ્યું:—" આ મ્હારી ન્હાની બ્હેન **ચિનિ** છે. "

બાલિકાએ એક વખત માની તરફ તથા એક વખત બંધુની તરફ નજર કરી કહ્યું:—" જાઓ જાઓ ભાઈ! એમ હમારૂં નામ ખરાબ શા માટે કરો છો ?"

" કેમ ત્હારૂ નામ ચિનિ નથી ? "

" ના. "

" ત્મ્હારે શું મિસરી છે ?"

બાલિકાએ ભ્રકુંચિત કરી કહ્યું:—" મા‸જુઓને ! ભાઈ શું કહે છે ! "

ગૃહિણીએ કન્યાના કપાળ ઉપર લટકતી એક કેશની લટપર

પોતાનો કોમળ હસ્ત ફેરવતાં ફેરવતાં સ્નેહસૂચક સ્વરે કહ્યું-"હેમા શું ખોટું છે બેટા ! ત્હું ન્હાની હતી ત્યારથી જ સરોજિનીને બદલે ચિનિ નામથી ઓળખાય છે, હેમા ત્હારે શરમાવા જે'વુ શુ છે ?" આમ કહી ગૃહિણી કન્યાની સાથે પાસેના સોફા ઉપર બેઠી. પ્રમથનાથ ટેબલની પાસે પડેલી એક ખુરસી ઉપર બેઠો.

પ્રમથે કહ્યું.—"ચિનિ હજુ બાલિકા હોવા છતાં ઘણી ડાહી થઈ ગઈ છે. આખ્યોએ ચાળીસાં પણ આવ્યાં છે. માટે ચશમાં ખરીદી આપવાં જોઇએ."

ચિનિએ પોતાની માતાનો એક હસ્ત પોતાના હસ્તદ્વયમાં લેઈ કહ્યુ —"ભાઈ, જ્યારે ત્યારે ચશમાં લેઈ આપવાની વાત કરે છે, કિંતુ જે લેઈ આપવાનુ હુ કહુ છું તે લાવી આપવાનું તો નામ જ લેતા નથી."

"કયેમ વળી ત્હારે શું જોઇએ છીએ ?" માતાએ પ્રશ્ન કર્યો.

"ભાઇને જ પૂછો ને."

પ્રમથે ગંભીરતાથી કહ્યુઃ—"એક ઉત્તમ ભગવું વસ્ત્ર''

ચિનિએ કહ્યું —"નહિં નહિં, ભૂલી ગયા."

પ્રમથે કહ્યુ—"ત્યારે તો એક હરિનામની માલા !"

ચિનિએ સ્મિત કરી કહ્યું—"ના મા, ભાઈ બધુ અસત્ય કહે-છે હેમાંનું કાઇ પણ મ્હારે જોઇતુ નથી ?"

માએ કહ્યું—"ત્યારે તુ જ કહેને કે ત્હારે શું જોઇએ છીએ ?"

ચિનિએ શરમાતાં શરમાતાં ધીમેથી કહ્યું—"ગ્રામોફોન."

ગૃહિણીએ કહ્યુ –" ના બેટા ! ગ્રામોફોનની કાંઇ જરૂર નથી. કલકત્તામા જ્યહારે આપણે રહેતાં હતાં ત્યહારે આપણી પાસેના જ બંગલામાં એક બાલકને ત્હેનાં માબાપોએ ગ્રામોફોન અપાવ્યુ હતું. બાલક પણ હેવું હતું કે રાત્રિ દિવસ બસ ત્હેને વગાડ્યાં જ કરતું. આખો દિવસ તે'મ જ મોડી રાત સુધી આવતા ગ્રામોફોનના અવાજથી હમને ઘણો જ કંટાલો આવતો કે'ટલાક દીવસ પછી જ્યહારે એ ગ્રામોફોનની કલ ભાગી ગઈ ત્યહારે જ હમને શાંતિ મલી નહિં તો એ મકાન બદલવું પડતે. તે સમયે ત્હારી ઉમર દશ વર્ષની હતી, ત્હને યાદ નથી ?"

ચિનિએ કહ્યું –" કેમ નહિં, મ્હને સર્વ ખબર છે, કિંતુ મા મ્હને ગ્રામોફોનનો ઘણો શોખ છે, કારણ ત્હેમા કે'ટલાંક તો ઘણાં સારા ગાયનો આવે છે."

" ના બ્હેન ! સારાં કે ખોટાં ગમે તે'વા હોય કિંતુ તે'થી તો હમને અશાતિ જ થવાની, માટે હવે થોડા સમય પછી હમે જ્યહારે કાશી વૃન્દાવન ચાલ્યાં જઇએ ત્યહારે ત્હુ ત્હારે બંગલાની અદર ગ્રામોફોન લાવી વગાડ્યા કરજે."

આ વાક્યો સાભળી ચિનિને કાઇક ખોટું લાગ્યુ, ત્હેણે કહ્યુ – " ઠીક ત્યહારે ના લેઈ આપશો." આમ કહી તે ઉદાસચિત્તે ત્યહાથી ચાલી ગઈ

માતાએ કહ્યુ —" જોયુ અભિમાન ! થોડા સમયમા વિવાહ થશે, શ્વસુરને ઘેર જવું પડશે ત્યહારે પણ હાવું છોકરવાદપણું ચાલશે કે ? મોહિત ! ભાઇ ! ત્હને ક્ષુધા લાગી હશે કારણ કે ઘણે

દૂરથી ત્હું આવ્યો છે. તૈયારી થઈ ગયા પછી હું ત્હમને ભોજન માટે બોલાવું છું" આમ કહી તે ત્હાંથી ચાલી ગઈ. પ્રમથનાથ મોહિતને લેઈ નીચે બાગમાં ફરવા ગયો.

સપ્તમ પરિચ્છેદ.

વાર્તા-વિનોદ.

બાગમા ફરતા ફરતા મોહિતે પ્રથમનાથને પ્રશ્ન કર્યો—" પ્રમથ ? ત્હું સંધ્યા કેમ કરતો નથી ?"

પ્રમથનાથે સ્મિત કરી કહ્યું—" વૃદ્ધાવસ્થામાં કરવાનો વિચાર રાખ્યો છે."

" ત્હારે શું ત્હારા પિતાશ્રી ત્હને કાંઈ કહેતા નથી ?"

"તેઓ કોઇની પણ ઈચ્છા વિરૂદ્ધ કાંઈ પણ કહેતા નથી તે એમ જ કહે છે કે જ્યારે ક્ષુધા લાગશે ત્યારે પોતાની મેળે જ ખાશે."

" આધ્યાત્મિક ક્ષુધા, કેમ ?"

"હા."

" ત્હારે પિતાશ્રી હાવા નિષ્ઠાવાન અને ત્હું કાળો પહાડ કેમ ?"

" ના, ના, એ તો ત્હારી ધારણા ભૂલ્ય ભરેલી છે. ધર્મ સંબધી મ્હારા વિચારો કાંઈ છેક જ સંકુચિત તો નથી જ. રોજ

સંધ્યા વખતે પિતાશ્રી જ્હારે સાયં સંધ્યાદિથી નિવૃત્ત થઇ રાધા-વલ્લભજીને ભોગ ધરાવે છે તે વખતે હુ પૂજાના ઓરડામાં જ હોઉં-છું. બંગલામાંના સર્વ મનુષ્યો–તે દાસ દાસી પર્યંત–તે સમયે ત્હાં હાજર હોય છે. ભોગ ધરાવી રહ્યા પછી પિતાશ્રી રાધાવલ્લભજીનુ સ્તવન કરે છે, આરતિ ઉતારે છે, એ સમયે મ્હને પણ આનંદ થાય-છે. આજે આરતિને સમયે પિતાશ્રી આપણને અવશ્ય બોલાવશે જ.'

મોહિતે કહ્યુ —"એ તો ઘણી ઉત્તમ વાત, કિંતુ સ્ત્રીઓની હાજરીમા આપણે ત્હાં કે'વી રીત્યે જઈ શકીશું ?

" હમારે ત્હાં હેવો પડદા બડદાનો રિવાજ નથી, તો પણ એટલું તો ખરૂં કે સ્ત્રીઓ ઘોડા ઉપર બેસી ફરવા જાય, જૉલમાં નાચે હેવા પ્રકારો પિતાશ્રીને બિલકુલ પસંદ નથી વળી જે સકલ જનો ઉપર પિતાશ્રીનો ઘનિષ્ઠ પ્રેમ હોય છે ત્હેમને તેઓ ખુસીથી અંત-પુરમા લેઇ જાય છે, ત્હેમા તે'ઓ કોઈ પણ પ્રકારનું નુકશાન જોતા નથી "

વાતચીત કરતા કરતા ઉભયે પુન બંગલામાં પ્રવેશ કર્યો. સાયંસંધ્યાદિ કરી રહ્યા પછી મોહિત પ્રમથનાથના દિવાનખાનામા આવીને બેઠો તથા પ્રમથનાથ સાથે વાતચીત કરવા લાગ્યો અડધા કલાકમા તો વિશ્વેશ્વરપ્રસાદે ઉભયને બોલાવી લાવવા માણસ મોકલ્યુ.

મોહિતે પૂજાના ઓરડામાં જઇને જોયું તો પટ્ટવસ્ત્ર પરિધાન કરી વિગ્રહની સ્હામે જ વિશ્વેશ્વરપ્રસાદ બેઠા છે. ભોગ ધરાવવાનું કાર્ય પૂર્ણ થઇ ગયું છે. ત્હેમની બન્ને બાજુ તરફ બે લાબી શેત-રંજીઓ પાથરેલી છે. એક બાજુની શેતરંજી ઉપર સ્ત્રીઓ બેઠી છે,

ત્‍હારે અન્ય બાજુની શેતરંજી ઉપર પુરૂષ વર્ગ બેઠો છે. પ્રમથ તથા મોહિત ત્‍હા જઇને બેઠા. દ્વારની પાસે દાસદાસીઓ બેઠા છે.

વિશ્વેશ્વરપ્રસાદ કર જોડી રાધાવલ્લભજીનું સ્તવન કરવા લાગ્યા. ગભીર કંઠે સુલલિત સંસ્કૃત શ્લોક એક પછી એક ઉચ્ચારવા લાગ્યા, આ પ્રમાણે કેટલાક સમય સુધી સ્તવન કરી છેવટે ભૂમિષ્ઠ થઈ દેવતાને પ્રણામ કર્યા. તે વખતે ઓરડામાંના દરેક મનુષ્યે પોતપોતાના સ્થલેથી બેસી રહીને પ્રભુને પ્રણામ કર્યાં ત્‍હાર પછી એક હાથમાં પ્રજ્વલિત પંચપ્રદીપ અને દ્વિતીય હાથમા એક ન્હાની ઘંટડી લેઈ આરતિને ઉતારવાને માટે તેઓ ઉભા થયા, ઓરડામાંના સર્વ મનુષ્યો પણ ઉભાં થયા મંત્રોચ્ચારણ કરી વિશ્વેશ્વરપ્રસાદ આરતિ ઉતારવા લાગ્યા. બે ન્હાનાં બાલકો કાંસર વગાડવા લાગ્યાં આરતિ પૂર્ણ થઇ ગયા પછી વિશ્વેશ્વરપ્રસાદે પુનઃ દેવતાને પ્રણામ કર્યાં. બીજા સર્વ જનોએ પણ ત્‍હેમનું અનુકરણ કર્યું છેવટે ત્‍હેમણે પોતાના હાથમા ગગાજલ લેઈ સર્વેના માથા ઉપર છાટતા છાંટતાં કહ્યુ — “ શાંતિ શાંનિ શાતિઃ ”

ત્‍હાર પછી સર્વ ઉઠી પોતપોતાને સ્થાને વિદાય થયાં વિશ્વેશ્વરપ્રસાદ મોહિતનો એક હસ્ત પકડી બ્‍હાર આવી પૂર્વે જણાવેલા ત્‍હેમના બેઠકખાનામા ત્‍હેને લેઈગયા તથા કહ્યું:—“બેસ ભાઈ! અહિં બેસ. હુ કપડાં બદલીને આવુંછુ; ત્‍હાર પછી આપણે સાથે બેસીને જ ચ્હા પીશુ.” આમ કહી તેઓએ ત્‍હાંથી ગમન કર્યું.

પ્રમથ આવીને મોહિત પાસે બેઠો ત્‍હેણે કહ્યું —“ સંધ્યાસમય પછી પિતાશ્રી અહિં જ બેસે છે. ”

એટલામાં વિશ્વેશ્વરપ્રસાદ પણ વસ્ત્રોને પરિવર્ત્તન કરી આવ્યા તથા એક ખુરસી ઉપર બેસતાં બેસતાં મોહિત સ્હામે દૃષ્ટિ કરી પ્રશ્ન કર્યો —" ભાઈ મોહિતલાલ ! ત્હને કોઈ સમયે ચ્હા પીવાની ટેવ છે કે ? કોઈ કોઈ સંધ્યા થના પૂર્વે ચ્હા પીએ છે; મ્હને સંધ્યા થઇ ગયા પછી પીવાની ટેવ છે. "

મોહિતે કહ્યું —" જી હુ ચ્હા પીતો નથી "

વિશ્વેશ્વરપ્રસાદે આશ્ચર્યથી પૂછયું –"વાહ ! શુ કહે છે ? ચ્હા પીતો નથી ?"

" જી, ના "

" શુ કોઈ સમયે પણ પીતો નથી ?"

"ભાગ્યે જ–કોઈ દિવસ પીઉ છુ–શરીર સારૂં ન હોય ત્યહારે જ "

" ઘણુ સારૂં, ઉત્તમ વાત, એ પ્રકારનો અભ્યાસ નથી રાખ્યો એ જ ઠીક છે. હમારા ગૃહમા તો કે'ટલાંકને હેવી ખરાબ ટેવ પડી ગઇ છે કે યથાસમય જો ચ્હા ન મળે તો જીવને ચેન પડે જ નહિં. માથું પણ દુખી આવે ! હું, પ્રમથ, પ્રમથની માતા, હમારી ચિનિ, સુશીલા તથા દાસદાસીઓ વિગેરે સર્વે ચ્હાનાં ઉપાસક છે."

બરોબર આ જ સમયે ચિનિ એક ચાદીના ટાટમાં ત્રણ પ્યાલા ચ્હા લેઇ ત્યહા આગળ આવીને ઉપસ્થિત થઈ. વિશ્વેશ્વર-પ્રસાદે મોહિતને પૂછયું —" આ હમારી ચિનિ સાથે વાતચીત કરી કે ? હેને ચ્હા બનાવતાં ઘણી જ ઉત્તમ આવડે છે હેના સિવાય કોઈના હાથની ચ્હા મ્હને પસદ પડતી નથી, કે'ટલી મિનિટ સુધી ચ્હા ઉકળવા દેવી, કે'ટલુ દૂધ રેડવું, કે'ટલી ખાંડ નાંખવી એ વિગેરે

બાબતો એ જે પ્રમાણે જાણે છે તે પ્રમાણે બીજુ કોઇ જાણતું નથી. (ચિનિ તરફ દષ્ટિ કરી) કેમ ચિનિ ! ત્રણ પ્યાલા કેમ લાવી છુ બ્હેન ? મોહિતનાલ તો ચ્હા પીશે નહિં ”

ત્હેણીએ મોહિતલાલ તરફ ફરી પ્રશ્ન કર્યો —“ શુ આપ ચ્હા પીતા નથી ?” ત્હેણીના કંઠસ્વરપરથી હેવા પ્રકારની ભાવના જણાઈ આવી કે જે કલિયુગમા ચ્હા પીએ નહિં તે માણુસ દર્શનીય હોવું જોઇએ.

મોહિતે પ્રત્યુત્તર આપ્યો —“ ના હુ ચ્હા પીતો નથી ”

વિશ્વેશ્વરપ્રસાદ પ્યાલાની અંદર ચમચાને હલાવતા હલાવતા બોલી ઉઠયા —“ જોયુ ! જો, જો ! જોઇને કાઇક શીખ આખી જીંદગીમા ભાગ્યે જ હેમણે ત્રણ ચાર વખત ચ્હા પીધી હશે, અને તે પણ શરીર સારૂં નહિં હોય ત્યારે જ, તુ અને ત્હારી માતા તો વળી દૂધનો ત્યાગ કરી ચ્હા પીતા શીખ્યા છો જો કે મ્હને પોતાને ચ્હા પીવાનો અભ્યાસ છે, અને હુ તમને બોધ આપુછુ એ વાસ્તવિક નથી, કિંતુ હવે હમારી તો ઉમર આવી રહેલી છે, કિંતુ ત્હમારે ત્હમારૂં આખું જીવન હજુ પસાર કરવાનું છે, માટે શરીરના સુખને સારૂં ચ્હા છોડી દેવી જ જોઇએ ચ્હાને બદલે દૂધ પીવાનો અભ્યાસ રાખો.” આમ કહી ત્હેમણે ચ્હાનો પ્યાલો મ્હોંએ મૂકયો.

ચિનિએ એક પ્યાલો ભ્રાતાના આગળ મૂકયો .તથા ત્રીજા પ્યાલા સંબંધી ત્હેણે પૂછયુ —“ ત્યારે આ પ્યાલાનુ શુ થશે ?”

વિશ્વેશ્વરપ્રસાદે અવશેષ રહેલા પ્યાલા પ્રતિ લુબ્ધદષ્ટિ કરી કહ્યુ —“ ત્યારે તો નષ્ટ થાય ત્હેના કરતાં લાવ્યને હુ જ પી લેઇશ.

અહિં આવીને મૂકી જા." ચિનિએ મૃદુ હસીને પ્યાલાને ટેબલ ઉપર મૂકયો તથા શુન્ય થાલ લેઈ તે ત્હાંથી ચાલી ગઈ.

વિશ્વેશ્વરપ્રસાદે પ્રથમ પ્યાલાને પોતાના ઉદરમા સ્થાન આપ્યા પછી બીજો પ્યાલો ગ્રહણ કરતાં કહ્યુ–" આ ચ્હાની પણ એક પ્રકારના નીશામા ગણના થાય છે. જે'ટલી થોડી પીવાય તે'ટલું સારૂં. ઘણાંને તો ધીમે ધીમે ત્રણ ત્રણ ને ચાર ચાર પ્યાલા પીવાની ટેવ પડી જાય છે. હુ એક પ્યાલો સ્હવારમાં તથા એક અત્યારે પીઉં છુ. બહુ બહુ તો એક પ્યાલાને બદલે બે પ્યાલા પણ થઇ જાય ખરા.

બરાબર આ જ સમયે ચિનિએ આવીને પ્રશ્ન કર્યો.–" પિતાશ્રી! એક પ્યાલો ચ્હા લેશો ?"

વૃદ્ધે કહ્યુ–"પુન એક પ્યાલો ચ્હા ! બે પ્યાલા તો પધરાવ્યા. વધારે ચ્હા પીવી એ સારૂં નથી." આમ કહી વિશ્વેશ્વરપ્રસાદે મોહિત પ્રતિ દૃષ્ટિ કરી કહ્યું–" એક ઉત્તમ વાત મ્હને યાદ આવી છે જે સાભળવા લાયક છે."

વાતનું નામ સાંભતા જ ચિનિ ત્હાં આગળ પડેલા એક સોફા ઉપર બેઠી.

તમાકુનુ પાન કરતાં કરતાં વિશ્વેશ્વરપ્રસાદે બોલવાની શરૂઆત કરી —

" હુ તે સમયે બક્ષરાનો સબડિવિઝનલ ઑફિસર હતો. ડિસ્ટ્રિકટમાં ફરતો હતો. ગ્રીષ્મકાલ હતો. સખ્ત તાપ પડતો હતો. દિવસે લ્હુ વરસતી હતી. દિવસે આવજા કરવાનુ અસંભવ હતું; તે'થી હમે રાત્રે મુસાફરી કરતા હતા. એક દિવસે હમે ગંગા નદીમાં થઇને બે નૌકાઓમાં આગળ વધતા હતા જે'માંની એક હમારી અને એક બીજાં ઑફિસનાં માણસોની હતી. ચાંદની રાત્રિ હતી. ફરફર કરતો પવન વિહરતો હતો. રાત્રિના લગભગ બારેક વાગવાના સમયે કિનારા નજીક થઇને નૌકાઓ આગળ વધતી હતી. એટલામા કિનારા ઉપર થોડે દૂર એક વિશાળ ઝાડ દેખાયુ; ત્હેની પાસે થઇને જતા કોઈ મનુષ્યનો રૂદ્ધ સ્વર હમારે શ્રવણે પડ્યો. નૌકા ઉભી રખાવી પ્રશ્ન કર્યો.—" કોણ છે ?" કાંઇ પણ ઉત્તર મળતો નહિં; ફક્ત એટલો જ ધ્વનિ કાન ઉપર આવ્યો કે—'યા અલ્લાહ—જાન ગિયા'—મ્હેં વિચાર કર્યો કે આ શો પ્રકાર હશે ? શું કોઇને કોઇ પાપી મારી તો નહિં નાંખતો હોય ? કોઈ પણ પ્રકારના દુ:ખથી કોઈ ગરીબનો પ્રાણ તો નહિં જતો હોય ! નૌકાને તીર આગળ લઈ જઈ ઉભી રખાવી તથા હમે નીચે ઉતર્યા. તે માણસની પાસે જઇને જોયું તો ત્હેને એક વાર સૂતાં તો એક વાર બેસતાં જોયો. ત્હેનો જીવ ઘણો જ આકુલ વ્યાકુલ જણાતો હતો. ત્હેનો વેશ મુસલમાન ફકિરના જે'વો હતો. ત્ય્હાં આગળ કોઈ પણ અન્ય મનુષ્ય હમારી નજરે પડયું નહિં. ફક્ત નદીનાં મોજાં કિનારા સાથે અથડાઈ ત્હેનો ધુ—ધુ અવાજ કાને પડતો હતો. મ્હેં તે માણસને પ્રશ્ન કર્યો:—" ત્હમને શું થયું છે ? આમ શા માટે કરો છો ?" મ્હેં બે ત્રણ વાર આ પ્રશ્ન કર્યો, કિંતુ કાંઇ પ્રત્યુત્તર મળ્યો નહિં; ફક્ત 'યા અલ્લાહ—યા

અલ્લાહ્' એટલું જ તે બરબડયા કરતો હતો. કોલેરા અને હેવા કોઈ રોગનું પણ કાંઈ ચિન્હ જણાયું નહિ. શરીરે હાથ મૂકી જોયો તો તાવ પણ ન્હોતો. ત્હેનું સર્વાંગ શીતલ હતું. મ્હેં મ્હારા એક સિપાઈને ગંગાજલ લાવવા કહ્યું સિપાઈ જલદીથી લેઈ આવ્યો એટલે મ્હેં જલપાત્ર તે મનુષ્યના આગળ મૂક્યું, કિંતુ ત્હેણે તે પ્યાલો પોતાના હાથમા લેઈ દૂર ફેંકી દીધો મ્હારા મુખ્ય કારકુન ભગવતીદાસ કે જે વૃદ્ધ અને અનુભવી પુરૂષ હતા, તથા અફિણનો ઉપયોગ કરતા હતા ત્હેમણે કહ્યું —" સાહેબ! મ્હને લાગે છે કે એ અફિણી છે. અફિણ નહિ મળવાથી હેની હાવી દયાજનક અવસ્થા થઇ પડી છે." આમ કહી ત્હેમણે પોતાના ખીસામાથી અફિણનો એક કટકો બ્હાર કાઢી ફકિરના હાથમા મૂક્યો. ફકીરે અફિણને તરત જ પોતાના મ્હોમાં મૂક્યુ. મુખમા અફિણનો સ્વાદ મળતાની સાથે જ ત્હેણે પોતાના બે હાથને જોડી ભગવતીદાસને નમસ્કાર કર્યાં બાલક જેવી રીતે પયપાન કરે તદનુસાર એ ફકિર અફિણને ચુસવા લાગ્યો ચુસી ચુસીને અફિણને પૂરૂં કર્યું, કિંતુ આટલા સમયમા તો ત્હેની સ્થિતિમા ઘણો ફેરફાર થઇ ગયો. છેવટે ત્હેણે ભગવતીદાસને પુન પ્રણામ કરી ઉર્દુમા કહ્યુ —" હુજુર! જીવતા રહો. આજે આપે મ્હને જે આનંદ આપ્યો છે ત્હેની તુલના આ દુનિયામાં થઇ શકે તેમ નથી. આજે હવે મ્હને જો કોઈ દિલ્લીનુ સિંહાસન આપે તો તે પણ હુ તુચ્છ સમજી ત્હેનો તિરસ્કાર કરૂં." હમે આશ્ચર્યથી અરસ્પરસ વાતો કરતા ચાલ્યા ગયા; ત્યહાર પછી તે પણ ઉઠીને અન્ય દિશા તરફ ચાલ્યો ગયો. વ્યસનનું આમ હોય છે. ત્હેને અન્ય કોઈપણ વસ્તુની દરકાર હોતી નથી. એક નહિ જેવી ચીજ અફિણ

આગળ તે ફકિર દિલ્લીના સિંહાસનને પણ તુચ્છ સ્હમજતો હતો."

આ વાત સાંભળી પ્રમથ અને મોહિત-ઉભય હસી પડ્યા. વૃદ્ધે તે વખતે ઓરડાની ચારે દિશાએ દૃષ્ટિપાત કરી પ્રશ્ન કર્યો—"ચિનિ-ચિનિ ક્‌ય્હા જતી રહી ?"

ચિનિ વાત શ્રવણ કરવા બેઠી હતી ખરી, કિંતુ ત્હેને જ્ય્હારે એમ માલૂમ પડયુ કે આ તો પૂર્વે શ્રવણ કરેલી વાત છે ત્ય્હારે તે ત્ય્હાંથી ગુપચુપ પ્રસ્થાન કરી ગઇ હતી. પિતાનો અવાજ સાંભળતા ત્હેણે પુન ત્ય્હાં આગળ આવી પૂછયુ—" શુ છે પિતાશ્રી ?"

વિશ્વેશ્વરપ્રસાદે કહ્યું—"ત્હેં પહેલા આવીને શુ પૂછયુ હતુ ! મ્હને એમ લાગે છે કે ત્હેં એક પ્યાલો ચ્હા વધારે પીશો કે કયેમ હેવું પૂછયુ'તુ, જા ત્ય્હારે બીજો એક પ્યાલો લેઇ આવ્ય જો વધારે ટંગ નહિં જોઇએ હો !" ચિનિ સ્મિત કરી અન્તર્હિત થઈ.

વિશ્વેશ્વરપ્રસાદે મોહિત તરફ દૃષ્ટિ કરી કહ્યું—" આ મ્હેં જે કહ્યું કે—'વધારે ટંગ નહિં જોઇએ હો !' ત્હેમાં ત્હું કાંઇ સ્હમજ્યો કે ?"

મોહિતે કહ્યું—" જી ના. '

" હમારો એક ચાકર હતો; તે રોજ ચ્હા તૈયાર કરતો હતો. જ્ય્હારે જ્ય્હારે ત્હેનાથી ચ્હા વધારે પડી જતી ત્ય્હારે તે કહેતો કે આજે ચ્હા વધારે ટંગ થઈ ગઈ છે. ટંગ એટલે સ્ટ્રોંગ. ત્હેની મશ્કરી કરવા ખાતર હમે પણ ટંગ બોલવાનું શરૂ કર્યું હતુ, કિંતુ પેલી પ્રમથની ટેવ પડી ગયેલી તે'થી હમણાં પણ ટંગ બોલાઈ જવાય છે."

ચિનિ પુનઃ એક પ્યાલો ચ્હા લેઈ આવી. વિશ્વેશ્વરપ્રસાદે કહ્યું:—"બ્હેન ! આજે થોડા સમય સુધી મહાભારતનું શ્રવણ કરાવો જોઉં !"

ચિનિ પિતાની આજ્ઞાનુસાર તરત જ ચ્હાનો પ્યાલો પિતા પાસે મૂકી મહાભારત લેઈ આવી તથા પિતાની પાસે બેસી ત્હેણે વાચવાની શરૂઆત કરી.

અષ્ટમ પરિચ્છેદ.

સ્ત્રીશિક્ષાનું પરિણામ !

રાત્રે શયનાલયમાં પ્રવેશ કરી પ્રમથનાથે પત્નીને પ્રશ્ન કર્યો—"કયેમ મોહિતની પ્રકૃતિ જોઈ ?"

સુશીલાએ કહ્યું:—"હા, સંયમી યુવક જણાય છે."

પ્રમથનાથે કહ્યું—"સત્ય છે, આધ્યાત્મિક વિષયમાં તથા ધર્મ સંબંધમાં તે ઘણો જ સંયમી યુવક છે. ત્હેનું મન અન્ય દિશા પ્રતિ વિચલિત થાય એમ નથી.

સુશીલાએ પ્રશ્ન કર્યો—"શું હેમની હેવી ધારણા છે કે વિવાહ કરી સંસારી થવું એ ખોટું કર્મ છે ?

"હા, તે'મ જ છે."

"કિન્તુ યદાકદાચિત્ જો એ કોઈ કુમારીના રૂપગુણથી મોહિત થાય તો ?"

" પ્રથમતઃ હેની પ્રકૃતિ હેવી છે કે એમ બનવું સર્વથા અ-સંભવિત છે. દ્વિતીયતઃ જો કદાચિત્ એમ બન્યુ તો પોતાના મનના ભાવને અમાર્જનીય દુર્બલતા જાણી ત્હેનો ત્યાગ કરવાનો તે પોતાનાથી બનતો પ્રયત્ન કરે."

" જો તે'વા પ્રયત્નમાં ફળિભૂત ન થાય તો ? "

" તો શું ? પોતે જ એકાંત વાસમાં ચાલ્યો જાય."

સુશીલાએ ઈષત્ હાસ્ય કરી કહ્યું:—" અર્થાત् स्थान त्यागेन दुर्जन । "

" હુ તો એમ જ ધારૂં છુ કે તે એમ જ કરે."

સુશીના પોતાના મનમાં હસવા લાગી. છેવટે માથું ધૂણાવતાં ત્હેણે કહ્યું.—" હં......"

" હા, ત્હારી શઙ્કા અસ્થાને છે. મ્હારા મીત્ર સંબંધી મ્હેં જે ધારણાઓ બાંધી છે તે સત્ય જ છે."

" હુ તો નથી ધારતી કે ત્હમારો મીત્ર પ્રેમ નામક વ્યાધિથી પોતાનો બચાવ કરી શકે ! જુઓ, આ આપણા જ ઘરની ચિનિ. દેખાવમાં પણ સુંદર છે, ત્હેની વાતચીત કરવાની છટા તથા હાવ-ભાવ પણ આકર્ષણીય છે, સ્વભાવે પણ ઘણી કોમલ છે; શું ત્હમે એમ ધારો છો કે મોહિત ત્હેનો પ્રેમ લાગ્યા પછી ત્હેનાથી દૂર જવા જે'ટલી હિંમત ધારણ કરી શકે ? "

પ્રમથ પ્રથમ તો હસી પડયો; પછી ત્હેણે કહ્યું:—" એ અસંભવિત છે. આપણી ચિનિ આપણને જેટલી આકર્ષક લાગે તેટલી અન્યને લાગે નહિં."

" અને ધારો કે મોહિતલાલને કદાચ તે આકર્ષક લાગે તો ? "

" ત્હું તો ગાંડી થઈ ગઈ છે. ત્હું કેવી રીતે ચિનિને મોહિત આગળ આકર્ષણીય કરી શકીશ ? "

" અરે હું એ કાર્ય અવસ્ય કરી શકીશ. એ પ્રકારની વિદ્યા હું જાણું છું. "

" શું ત્હું જાદુગરી છે ? "

" હુ જાદુગરી છુ કે કયેમ તે હજુ સુધી ત્હમે જાણુતા નથી?"

પ્રમથનાથે પત્નીને આલિંગન કરી કહ્યું:–" ખરેખર હુ જાણું છું કે ત્હું જાદુગરી છે, કિંતુ મોહિત આગળ ત્હારૂં કાંઈ જાદુ ચાલશે નહિં. તે તો જાદુ–પ્રુફ છે. "

" જાદુ–પ્રુફ છે કે કયેમ તે તો વખત આવ્યે માલૂમ પડશે જો કદાચ મોહિતલાલ અહિં થોડા દિવસ રહેશે તો હું ત્હમને મ્હારૂં કહેવું સાચું કરી બતાવીશ. "

" સાચુ થશે જ નહિં ને. "

" શરત મૂકો છો ! "

" શાની ? "

" જો મ્હારા કહેવા પ્રમાણે થાય તો ત્હમારે મ્હને એક પિયાનો લેઇ આપવો ! "

" હા લેઈ આપીશ, કિંતુ જો ત્હારૂં કહેવુ સાચું ન ઠરે તો ત્હું મ્હને શું આપીશ ? "

સુશીલાએ સ્મિત કરતાં કરતાં કહ્યું:—" હું ત્હમોને એક રેશમી રૂમાલ આપીશ "

પ્રમથનાથે મ્હોટેથી કહ્યુ –" વાહ, ખરી દાતા ! લેવાની વખતે પિયાનો અને આપવાની વખતે એક રેશમી રૂમાલ ! ઠીક એમ તો

એમ, જો હું ત્હારા કહેવા પ્રમાણે કબૂલ થાઉં છું."

"ત્હમે કબૂલ તો થાઓ છો, કિંતુ મ્હારા જાદુવિદ્યાના પ્રયોગમાં ત્હમારે મ્હને એક પ્રકારની સહાય કરવી પડશે"

"મ્હારે ? મ્હારે શું સહાય કરવી પડશે ?"

"બીજી કાંઇ જ નહિં, હું જ્યહારે જે પ્રમાણે કહું, ત્યહારે તે પ્રમાણે કરવું."

"સુંદરી ! ત્હારા હુકમો ઉઠાવવાની કાંઈ નવાઇ છે ? વિવાહ થયો ત્યહારથી તો હુકમો ઉઠાવતો આવું છું."

"આ વખતે કાંઈ ફક્ત ઉઠવા બેસવાનું નથી. વક્તૃતા પણ કરવી પડશે."

"વક્તૃતા ?"

"હા પ્રેમનૈતિક વક્તૃતા. હું જે પ્રકાર કરવા ઇચ્છું તે એક ચમત્કારપૂર્ણ પ્રકાર છે. ઓગણીસમી સદીના શેકસપિયરના જે'વુ કરવાનો મ્હારો વિચાર છે."

"શુ વિચાર છે, કહે જોઉં ?"

"હું વિવિધ યત્નોથી મોહિતલાલના મનમાં હેવું ઠસાવવાને ઇચ્છું છું કે જાણે ચિનિ પોતાના મનમાં છુપી રીત્યે ત્હેમના ઉપર પ્રેમ રાખે છે. ત્હેનું ફલ હેવું થશે કે એ પણ ચિનિ ઉપર પ્રેમ કરશે. **ચુંબક એકલું લોઢાને આકર્ષણ કરી શકે છે એમ નથી, લોઢું પણ ચુંબકને આકર્ષે છે.**"

આ કથા શ્રવણ કરી પ્રમથનાથે જીજ્ઞાસાથી પૂછ્યું.—"પછી શું કરવાની ઇચ્છા છે ?"

" કાલ્યે ત્હમે જઇને મોહિત સાથે વાતચીત કરતાં કરતાં કહેજો કે ચિનિ, કે જે મ્હાની આટલી બધી ઉપાસક હતી ત્હેણે કો'ણુ જાણે શું કારણુથી મ્હા બિલકુલ નહિં પીવાની એકદમ પ્રતિજ્ઞા કરી છે. "

પ્રમથે માથું હલાવી કહ્યું:—" વાહ ! ત્હું મ્હારી પાસે અ-સત્ય કથા કહેવડાવવા માગે છે. આ પ્રેમનૈતિક વક્તૃતા નહિ, કિંતુ દુર્નૈતિક વક્તૃતા કહેવાય. "

" ના, હુ અસત્ય કહેવડાવવા ઇચ્છતી નથી. આજે પિતાશ્રીના કથનથી ચિનિના મન ઉપર ગંભીર અસર થઇ છે; તે કહે છે કે, હવે આ જન્મમાં પુનઃ મ્હા પીશ નહિં. મોહિતલાલ એમ જ ધારશે કે પોતાનુ અનુકરણુ કરવાનેજ ચિનિએ આ પ્રમાણે નિશ્ચય કર્યો છે ! "

" અરે એ તે કયેમ માની શકાય ? ચિનિ જ જ્યહારે બિચારી મ્હાનો ત્યાગ કરશે ત્યહારે મ્હા જશે ક્યહાં ? "

" જુઓ સાભળો, બે દિવસ પછી વળી વાતચીત કરતાં ત્હમારે એમ પણુ કહી દેવુ કે ચિનિને શું થયું છે તે કાંઈ સ્હમજાતુ નથી, રાત્રિ દિવસ તે એકાંતમાં બેસી રહી કોઈ પણુ પ્રકારના ગુઢ વિચારોમા મગ્ન રહે છે ! "

" આ પણુ અસત્ય કથા કહેવાય, ચિનિને આટલો વહેલો કાવ્ય રોગ લાગે હેવાં તો કાંઈ લક્ષણો નથી ! "

" ત્હમારી ભૂલ્ય છે, હું લેશ માત્ર પણુ અસત્ય કથા કહેતી નથી. ચિનિને કાવ્યરોગ લાગ્યો છે એ હું સત્ય કરી આપીશ. "

" આ.—રમણીની શી ચાતુરી ! હવે બીજું કાંઈ ? "

" હવે બીજું યથા સમયે સૂચવતી રહીશ. સમય આવ્યે ચિનિએ જે કવિતાઓ બનાવી રાખી છે તે હું મોહિતલાલને બતાવવાની ત્હેને સૂચના કરીશ. તથા જણાવીશ કે 'મોહિતલાલ પણ ઉત્તમ કવિતાઓ બનાવી જાણે છે જેથી ત્હને ત્હેમની પાસેથી કાંઈ નવું શીખવવાનુ મળશે;' વળી વાત પર વાત નીકળતાં હું ત્હેને એમ પણ કહી દેઈશ કે ' મોહિતલાલ સાથે ત્હારો વિવાહ સંબંધ થનાર છે. ' ત્હેનું પરિણામ એ આવશે કે ઉભયની નજર એક થતાં જ ચિનિનાં નેત્રો શરમથી નમી જશે તથા ગાલ ઉપર લાલીની સુરખી પ્રસરી રહેશે. ચિનિ પોતાને ચાહ્ય છે એમ મોહિતલાલ પણ ઉપર પ્રમાણે બનવાથી ધારી શકશે ત્હમારો શુ મત છે ? "

પ્રમથનાથે કહ્યુ.—" હામાં હું કાંઈ પણ મત આપી શકતો નથી. " આમ કહી તે શાંત બેસી રહ્યો, સુશીલાએ વિચાર્યું કે સ્વામી ત્હેનું કૌશલ બિલકુલ પસંદ કરતા નથી, તો પણ સ્મિત કરી ત્હેણે કહ્યુ:—" ત્હમે હામા તે શું મ્હોટા વિચારોમા પડી જાઓ છો ? "

પ્રમથનાથના વિચાર તરંગો ધીમે ધીમે બંધ પડયા. સ્નેહથી પત્નીનો એક હાથ પકડી ત્હેણે કહ્યું:—" સુશીલા ! આ સર્વ વિચારો છોડી દે. "

" સુશીલા પોતાનાં ચક્ષુદ્રય શાંતતાથી નીચાં નમાવી રહી. "

પ્રમથનાથે કહ્યું:—" સુશીલા ! એમ કરવામાં શું સાર છે ? શું મ્હારી બ્હેનને માટે પાત્રની ખોટ છે કે આ પ્રમાણે ધૃણિત કૌશલનો ઉપયોગ કરવો ! છળનાનો આશ્રય આપણે શા માટે લેવો જોઇએ ? "

"ચિનિને પાત્રસ્થ કરવા માટે જ મ્હેં હાવો વિચાર કરી રાખ્યો છે એમ ધારતા નહિં; શેકસપિયરની વાર્ત્તા વાંચી કાર્યતઃ ત્હેની પરીક્ષા કરવાને માટે આ પ્રમાણે કરવાનો મ્હારો વિચાર થયો છે।"

"ઉં—**ઓીક્ષિઆનું કેવું ભીષણ પરિણામ!**" કહી પ્રમથ હસવા લાગ્યો.

સુશીલાએ પતિને આનંદમાં જોઈ કહ્યું—"જાઓ જાઓ, એમ ઓીક્ષિઆની નિંદા શા માટે કરો છો? હું **પ્રકૃત જીવનમાં એક નવલકથાની લીલા જોવાની ઈચ્છા રાખુંછું**" આમ કહી સુશીલા હસવા લાગી

પ્રમથે કહ્યું:—"ત્હેં કહ્યુ તે પ્રમાણે હું કરીશ તો ખરો, કિંતુ મ્હારૂં કહેવું સત્ય જ ઠરશે—કદાચ જો મોહિતનું મન ચિનિ તરફ આકર્ષાશે તો એ અહિંથી ચાલ્યો જશે"

સુશીલાએ કહ્યુ—"ક્યહાં ચાલ્યા જશે? પ્રેમબંધનમા બંધાયા પછી ચાલ્યા જવું એ શું સહેલું ધારો છો કે? મ્હારૂં કથન સત્ય જ ઠરવાનું છે માટે પિયાનો લાવી આપવાની તજવીજમાં રહેજો।"

નવમ પરિચ્છેદ.

ચિનિ કાઇથી બ્હીતી નથી!

"ન જાણું ત્હું શું છે, તુંજ સમ હશે શું જગતમાં?
ન ત્હારા જેવી મ્હેં નિરખી, ખુશબો કો કુસુમમાં;

નહીં હું પૃથ્વીનું, એમ મુજ કહે ક્યહાં અવતર્યું ?
વસ્યું'તું કૈલાસે ? શિવશિર પરેથી સરી પડ્યુ."

—કલાપ'.

બીજે દિવસે પ્રભાતમાં મોહિતને એમ માલુમ પડયું કે આવતી કાલ્યે વિશ્વેશ્વરપ્રસાદનો જન્મ દિવસ છે, તેથી કરીને કાંઈક પારિવારિક અમોદ પ્રમોદનું આયોજન થાય છે. ગામથી બે ગાઉ દૂર નદીના ઉપર જ એક સુંદર પરિચ્છન્ન જંગલ આવેલું છે. સકલ ત્યહા આગળ જઇ વનભોજન કરનાર છે; મોહિતને પણ સાથે આવવાનો આગ્રહ કરવાથી તે ત્યહા જવાને કબૂલ થયો છે; કિંતુ ચાલનો સઘળો પ્રકાર કોણ જાણે કે શાથી ત્હેને બિલકુલ પસદ નથી તે વિચારે છે કે.—" પ્રમથનાથને ત્યહાંનો સર્વ પ્રકાર ઇંગ્રેજી રીતરીવાજાનુસાર હોય એમ જણાય છે."

સ્હવારે આઠ વાગ્યાના સમયે બે બળદગાડીઓમાં તંબુઓ બાંધવાનો સામાન, કેટલીક ખુરસીઓ, ટેબલો વિગેરે રવાના કરવામાં આવ્યું, વળી તબુના મથાળા ઉપર તથા ત્હેની આસપાસ લાલ પીળા ધજાઓ બાંધવાને પણ મોકલવામાં આવી, આસોપાલવના પાંદડા તો ત્યહાંથી જ મળા આવે તેમ હતુ પ્રમથનાથ સ્વત તંબુને સજ્જ કરવાને માટે જનાર છે.

ઉભય મીત્રો વાતચીત કરતા હતા. મોહિતે પ્રમથને પ્રશ્ન કર્યો —" ત્હમારે ત્યહાં બધા ઈંગ્રેજી રીતરીવાજો જોવામાં આવેછે?"

પ્રમથે કહ્યું —" હા હમે કેટલુંક ઈંગ્રેજોનું અનુકરણ કરીએ છીએ ખરા; ઉત્સવ કરવામાં તે લોકો ઘણા ઉમંગી હોય છે, વિશેષતઃ જન્મદિવસના ઉત્સવની પ્રથા તો હમને ઘણી જ સુંદર લાગે છે."

" હાવા પ્રકારના ઉત્સવોની આમોદ પ્રમોદ સિવાય બીજી કાંઈ સાર્થકતા છે કે ? "

"કયેમ નહિ ? એમ કરવાથી પ્રીતિનો વિનિમય થાય છે."

" શું ઉત્સવ સિવાય પ્રીતિનો વિનિમય થઈ શકતો નથી ?"

પ્રમથનાથે કહ્યું.—" ત્હું મ્હને ચાહ્ય છે, હું ત્હને ચ્હાઉં છું, એ અનુભૂતી–એ ધારણા યથેષ્ટ નથી માનુષનો આત્મા ફકત એટલાથી જ સંતોષ માનતો નથી વચ્ચે વચ્ચે હાવા કે'ટલાક પ્રસંગે અંતરના પ્રેમનુ દાન કરવામાં આવે છે. આ સકલ ઉત્સવ તે પ્રીતિની સાકાર પૂજા છે. "

મોહિત હસી પડયો; ત્હેણે કહ્યું—" ઘણી સારી વાત. હું કાંઈ સાકાર પૂજાનો વિરોધી નથી. અન્યાન્ય આયોજન કરતાં કરતા સ્નાનાહારનો સમય ઉપસ્થિત થયો. આહારાદિ પછી કે'ટલાક સમય સુધી વિશ્રામ લેઈ પ્રમથનાથ અશ્વ ઉપર આરોહણ કરી જંગલ તરફ ચાલી નીકળ્યો. એ દિવસે સંધ્યા સુધીમા તબુ સજ્જ કરવાનો હતો, કારણ બીજે દિવસે સ્હવારે ચ્હાપાન કરીને જ ત્યહાં જઇ પહોંચવાનુ હતું. સંધ્યા સમયે પ્રમથનાથ સ્વગૃહે પ્રત્યાવર્તન કરનાર હતો.

* * * *

દ્વિપ્રહરનો સમય છે. ચિનિ અને ત્હેનો ન્હાનો ભાઈ વસત મેડા ઉપર બેસી કાતરથી કે'ટલાક રંગીન કાગળો કાપે છે. સુશીલા પણ ત્યહાં બેઠી બેઠી ચિનિને કાગળો કયેમ કાપવા તે સ્હમજાવે છે. હેવામાં ચિનિને એકાએક કાંઈ વિચાર આવવાથી ત્હેણે સુશીલા સ્હામી નજર કરી કાતરને પોતાની અંગુલિયોમા હલાવતાં હલાવતાં કહ્યું:—" ભાભી ! એક કાર્ય કરવાનું તો રહી ગયું ! "

" શું ?"

" સુંદર લાલ યા તો ગુલાબી રંગનાં ફૂલોની એક માલા ગુંથી ત્હેના ઉપર ' Many Happy Returns. ' આ અક્ષરોની રચના કરવાનો મ્હારો વિચાર છે. આ માલા તંબુના આગલા ભાગના દ્વાર આગળ ઝુલતી રાખવાની છે."

સુશીલાએ કહ્યું:—" વાહ ! એ તો ઘણી જ સારી વાત. બ્હેન ! ત્હમારી બુદ્ધિની તુલના થઇ શકે તે'મ નથી."

" ત્ય્હારે કયાં ફૂલોની માલા ગુંથીશું ભાભી ?"

" મ્હારા ધારવા પ્રમાણે તો પુષ્પોની માલા કાલ્ય દ્વિપ્રહર સુધી સારી સ્થિતિમાં રહી શકશે નહિં—ચીમળાઈ જશે. બીજી કાંઈ યુક્તિ કરવી જોઇએ."

ચિનિએ ચિંતાતુર થઇ પૂછ્યું:—" ત્ય્હારે શુ યુકિત કરીશું ભાભી ?" સુશીલાએ અલ્પ સમય સુધી વિચાર કરી કહ્યું –" પુષ્પો કરતાં તો પીળા, લીલા વિગેરે રંગીન કાગળોની અંદરથી ' Many Happy Returns ' અક્ષરો કાતરી કાઢવા, તથા તે અક્ષરોને એક સફેદ લાંબા કટકા ઉપર ચોઢી દેવા. આમ કરવાથી સારૂં દેખાશે, તે'મ જ તે બગડશે પણ નહિં."

ભાભીની કથા શ્રવણ કરી રહેતાંની સાથે જ ચિનિ ઉઠી તથા બીજા કે'ટલાક રંગીન કાગળો લેઈ આવી, ત્હેણે સુશીલાને કહ્યું:— " ભાભી ! ત્હમે આ કાગળોમાંથી કાતર લેઇ અક્ષરો કાતરો, ત્ય્હાર પછી ત્હેને કપડા ઉપર ચોટાડવા વિગેરેની વ્યવસ્થા હું કરીશ. મ્હારા અક્ષરો વાંકા આવે છે નહિં તો હું જ કાતરત."

"ત્ય્હારે મ્હારા અક્ષર ત્હમારા કરતાં સીધા ક્ય્હારે આવે છે?"

" ના ભાભી ! આ કાર્ય તો ત્હમારે જ કરવું પડશે."

" ના બ્હેન ! મ્હારા અક્ષરો જોઈ સહુ હસે ત્હેના કરતાં તો ત્હમારા ભાઈ આવીને જો લખી આપે તો વધારે સારૂં."

" તે ક્ય્હારે આવશે ! ત્હેમના આવતાં પહેલાં તો સંધ્યા થઈ જશે, હવે શું કરવુ ? !

" ક્યેમ શું કરવુ ? હજુ પણ એક ઉપાય છે, કિંતુ ત્હમારી હિંમત ચાલી શકશે ? ત્હમે બ્હી જશો !"

" શુ ઉપાય છે, ભાભી !"

સુશીલાએ માથું ધુણાવી કહ્યુઃ—" ત્હમારાથી ક્ય્હી રીત્યે બની શકશે ? ત્હમારૂં સાહસ ચાલશે નહિં."

" ક્યેમ નહિં બને ભાભી ? ત્હમે શું ઉપાય છે તે કહો તો ખરા !"

" મોહિતલાલ ઘેર જ રહ્યા છે; ત્હેમને જઇને કહેશો તો તે'ઓ તરત જ પેન્સીલથી અક્ષરો કાઢી આપશે, તથા તે અક્ષરો આપણે સહજમાં કાતરી શકીશું, કિંતુ ત્હમે બ્હીકણુ હોવાથી ત્હેમની પાસે જવાની હિંમત કરી શકશો નહિં !"

ચિનિએ પોતાના ઓષ્ઠદ્વય વિસ્ફુરિત કરી કહ્યું—" ઓહ્ ! અત્ય્હાર સુધી ત્હમે મ્હને, આ વાત ક્યેમ કરી નહિં ? હમણાં જઇને લીટીઓ દોરાવી લાવુ છુ. **હું કોઈથી બ્હી જાઉં હેવી નથી, સ્હમજ્યાં કે ભાભી સાહેબ!"** આમ કહી ચિનિ હાથમાં રંગીન કાગળો તથા પેન્શીલ લેઈ ઉભી થઇ તથા વસંત સ્હામે દ્રષ્ટિ કરી કહ્યું:—"વસંત ! ચાલ્ય જોઉં મ્હારી સાથે આવે છે કે?"

સુશીલાએ વસંતને સંબોધી કહ્યું:—" વસંતભાઇ ! જાઓ પહેલાં જોઇ આવો કે મોહિતલાલ ક્યહા છે અને શું કરે છે ? "

વસંતે તરત જ તપાસ કરી આવીને કહ્યું કે –"મોહિતલાલ લાયબ્રેરી રૂમના પાછળના છજામાં બેસી એક સંસ્કૃત પુસ્તક વાંચે છે."

સુશીલાએ પ્રશ્ન કર્યો:–" તે સ્થલે બીજું કોણ છે ? "

" કોઈ નથી. "

તરત જ **ચિનિ વસંતને સાથે લેઇ ધીમે ધીમે કલિના મહાદેવનું ધ્યાન ભંગ કરવા અગ્રેસર થઇ.**

મોહિત છજામાં બેસી પુસ્તક વાંચે છે, છજાની નીચે થોડે દૂર એક સરિતા ખરખર અવાજ કરતી વહેતી ચાલી જાય છે સર્વત્ર શાંતતા હોવાથી મોહિત એકાગ્રતાથી મુંબઇ સંસ્કરણનું કઠોપનિષત્ વાંચે છે

ચિનિ તથા વસંત જ્યહારે છજા નિકટ જઈ પહોંચ્યાં ત્યહારે મોહિત વાચનકાર્યમાં એટલો બધો ધ્યાનસ્થ હતો કે તે ત્હેમનો પદરવ પણ શ્રવણ કરી શકયો નહિં મોહિતને ધ્યાનસ્થ દશામાં જોઈ ચિનિને ત્હેની પાસે જતાં ભય ઉપસ્થિત થયો. ત્હેણે વિચાર્યું કે 'ભાઇની અને મોહિતલાલની પ્રકૃતિમાં ઘણો ફેર છે. બંધુનો જીવ જેમ સદાસર્વદા આનંદમાં હોય છે તદનુસાર આ ધ્યાનસ્થ મહાત્માનો હોતો નથી.' હાવા વિચારો આવવાથી ચિનિએ પાછી ફરી જવાનું વિચાર્યું, કિંતુ ત્હેને એમ લાગ્યુ કે જો હું કાર્ય પૂર્ણ કરાવ્યા સિવાય ભાભી પાસે પાછી જઈશ તો મ્હારી મશ્કરી કરી મ્હને હસશે, તથા કહે પણ ખરાં કે—" મ્હેં ત્હમને પ્રથમથી જ ભ્હીકણ ન્હોતાં કહ્યાં ! " આથી કરીને સાહસને એકઠું કરી ચિનિ

વસંત સાથે મોહિત પાસે ગઇ તથા શરમાતાં શરમાતાં હેણે કહ્યું:–
" મોહિતલાલ ! "

બાલિકાના કંઠસ્વરથી ચમકીને મોહિતે પુસ્તકમાંથી પોતાના ચક્ષુ ઉંચાં કર્યા !

ચિનિ ચકિત હરિણીની માફક પોતાનાં ચક્ષુદ્વય મોહિત પ્રતિ સ્થિર કરી બોલી:—" મોહિતલાલ ! બંધુ ઘેર નથી તે'થી કરીને આપને એક પ્રકારનુ કાર્ય સોંપવા આવી છુ. "

મોહિતે પુસ્તક બંધ કરી પૂછ્યુ.—" શુ ? "

કંપિત હસ્તે રંગીન કાગળો આગળ ધરી હેણે કહ્યુ:—" આ કાગળો ઉપર ' Many Happy Returns of the Day. ' એટલા અક્ષરો કાઢી આપો. "

સ્વદેશી બાલિકાના મુખે વિશુદ્ધ ભાવથી ઉચ્ચારિત ઇંગ્રેજી ભાષા મોહિતે આ પ્રથમ જ સાંભળી. સાંભળતાં જ હેનું મન આશ્ચર્યથી એક પ્રકારના અપૂર્વ આનંદમાં ડોલવા લાગ્યું. પોતાને શુ કાર્ય કરી આપવાનું છે તે બરોબર નહિં સ્હમજાયાથી હેણે પુન પ્રશ્ન કર્યો –" હેમાં કષ્ટ શાનુ ? મ્હારી પાસે ત્હમારે શું કરાવવુ છે ?"

ચિનિએ જાણ્યું કે મોહિતનો કઠસ્વર કોઇ હેડમાસ્તરના જે'વો કઠિન નથી; જાણે કે પોતાના બંધુના સ્વર જે'વો સ્નેહમિશ્રિત છે તરત જ હેની આશંકા દૂર થઇ ગઇ. સાહસ એકઠું કરી હેણે કહ્યુ:—"આવતી કાલ્યે પિતાશ્રીનો જન્મદિવસ હોવાથી આપણે સર્વે નૌકામા બેસી હેમની સાથે વનભોજન કરવા જનાર છીએ. તે સ્થળે તંબુઓ ઠોકવામાં આવ્યા છે આ કાગળો ઉપર ' Many Happy Returns of the Day. '–લખી આપો કે જે શબ્દોને કાતરી

લેઈ એક સુંદર કડકા ઉપર ચોંટાડવા છે તથા એ કપડાને તંબુના આગલા દ્વાર ઉપર ટાંગવાનું છે. મ્હેં ભાભીને કહ્યું ત્હારે ત્હેમણે કહ્યું કે મ્હારા અક્ષર સારા આવશે નહિ, આથી કરીને હુ આપની પાસે આવી છુ."

મોહિતે બાલિકાના હાથમાંથી કાગળો તથા પેન્સીલ લેઈ કહ્યુઃ–"ઘણું સારૂં ત્હારે હું લખી આપુ છુ, કિંતુ આંકણી જોઈશે."

"ઠીક." કહી ચિનિ આંકણી લેવા ચાલી ગઈ.

આંકણી લાવી ચિનિએ મોહિતના હાથમા મૂકી. મોહિતે લાયબ્રેરી રૂમમાં પ્રવેશ કરી કાગળોને ટેબલ ઉપર ગોઠવી કહ્યુ–"પીન છે કે? પીન હશે તો અક્ષરો સારા અને સીધા આવશે."

"પિનો લાવી આપુ છુ" કહી ચિનિએ પિતાનું ટેબલ ઉઘાડી ત્હેમાંથી પિનો કાઢી મોહિતને આપી.

કાગળોને પિનો સાથે દબાવી મોહિતે કહ્યુઃ—"મ્હને એક વિચાર થાય છે કે ઇંગ્રેજીમાં લખવા કરતાં ગુજરાતીમાં લખવાને શું હરકત છે?" આપણી માતૃભાષાનો ત્યાગ કરી વિદેશી ભાષાથી આપણે માતાપિતાની કુશલ કામના શા માટે કરવી?"

"હા, ત્હમારી હેવી ઇચ્છા હોય તો ગુજરાતીમા જ લખો; કિંતુ શું લખશો? '**થજો પ્રત્યાગમન આ દિનનું બહુ બહુ વારે.**' નહિ નહિ એમ નહિ, આપ જ કાઈ ખોળી કાઢોને"

મોહિતે કહ્યું·—"મૂલ ઈંગ્રેજીનો અનુવાદ કરીએ તો ત્હમારી લીટી બરોબર છે, કિંતુ એકલો ભાવાર્થ લેવાથી ઠીક થઇ પડશે. કદાચિત્ એમ ચાલી શકે કે—'**કરે વિધાતા વારંવાર**' હવે શું કરીને મેળવી દઇશું?"

ચિનિએ ઉચ્છ્વસિત આનંદથી કહ્યું:—" ઠીક થયું છે—ઠીક થયું છે—'આ દિન આવે બહુ બહુ વાર'.-આ પૂર્ત્તિ આપને કયેમ લાગે છે?"

કરે વિધાતા વારંવાર,
આ દિન આવે બહુ બહુ વાર.

વાહ એ તો ઠીક, કિંતુ મોહિતલાલ! આપ કવિ છો?"

મોહિતે સ્મિત કરી કહ્યું:—" હું કવિ—નહિં કવિ તો ત્હમે છો. હું તો બીજી લીટી મેળવી શક્યો નહિં, પૂર્ત્તિ તો ત્હમે જ કરી કવિયશ ત્હમે જ પ્રાપ્ત કર્યો."

ચિનિએ હસતા હસતાં કહ્યું:—" ના તે'મ નહિં. પ્રથમ ચરણ તો આપનું જ ને?"

ત્હાર પછી મોહિત આકણી તથા પેન્સીલ લેઈ અક્ષરો કાઢવામાં પ્રવૃત્ત થયો. ચિનિએ કહ્યું:—" આપ આ અક્ષરો કાઢો ત્હા સુધીમાં હુ જઇને કોઇ સુંદર કપડું અક્ષરો ચોટાડવા માટે શોધી કાઢું; જો એકાએક ભાઈ આવી પહોંચે તો ત્હમે ત્હેમને આ રચના બતાવશો નહિં."

"કયેમ?"

"કાલ્યે ભાઇને આશ્ચર્ય પમાડવુ છે એ તંબુ સજ્જ કરવાને ગયા છે તે'થી આ રચના સંબંધી કાંઈ જાણતા નથી ભાભીને હું કહી દેવાનું ના પાડીશ. કાલ્યે નૌકામાંથી સર્વેની સાથે ત્હા ઉતર્યા પછી હું ઉતાવળી ઉતાવળી સહુથી પહેલી તબુ આગળ જઈ પહોચીશ અને આપણી આ રચનાને દ્વાર ઉપર જ સ્થાન આપીશ. ભાઈ જોઇને સ્તબ્ધ થઈ જશે તથા તરત જ વિચારમાં પડી જશે કે, 'ગર્ભ

કાલ્ય સંધ્યા સમયે. તો હું તંબુ સજ્જ કરી ગયો છું અને આ ક્યહાંથી આવ્યું ?'—આપ તે વખતે ભાઇને કહેજો કે—' વનદેવી રાત્રે આવીને આ ટાંગી ગઇ છે." આ પ્રમાણે કહી ચિનિ હસતી હસતી ત્યહાંથી ચાલી ગઈ.

* * * *

બીજે દિવસે પ્રભાતકાલે સર્વે જાગ્રત થયાં. અંધકારને દૂર થતાં પહેલાં તો વિશ્વેશ્વરપ્રસાદે સાધારણ ગરમ પાણીથી સ્નાન કરી લીધું. સ્નાન થઇ ગયા પછી પટ્ટવસ્ત્રો પરિધાન કરી તેઓ રાધાવલ્લભજીની પૂજામાં બેઠા. આજે પોતાનો જન્મદિવસ હોવાથી ભગવાનની પાસેથી આશીર્વાદ મેળવ્યા વિના તેઓ આત્મિય સ્વજનોના અભિનંદનને ગ્રહણ કરનાર નથી.

વિશ્વેશ્વરપ્રસાદ પૂજાપાઠ કરે છે. ત્હેમનાં પુત્ર કન્યા બ્હાર રાહ જોઇ બેઠાં છે. તરત જ પ્રમથનાથ જઇને મોહિતને બોલાવી લાવ્યો. મોહિતનું મન કો'ણ જાણે શાથી વિરક્ત જણાય છે. તે વિચારવા લાગ્યો—ઇંગ્રેજી રીત્ય પ્રમાણે 'Many Happy Returns of the Day.' બોલી વિશ્વેશ્વરપ્રસાદ સાથે સેકહેન્ડ કરવી કે કેમ ? મોહિતને આ ઈંગ્રેજી રીત્ય પસંદ નથી, કિંતુ પોતે અતિથિ હોવાથી જો નિયમાનુસાર વર્તન ન કરે તો સૌજન્ય પ્રકાશ કર્યું નહિ એમ કહેવાય આથી આજે તે ઘણા વિચારમાં પડી ગયેલ છે। કિંતુ થોડા સમય પછી મોહિતે જે જોયું તે'થી કરીને ત્હેની સઘળી વિરક્તિ દૂર થઇ, ત્હેનું હૃદય આનંદથી ઉભરાઈ ગયું !

પૂજા પૂર્ણ થયા પછી વિશ્વેશ્વરપ્રસાદે કહ્યું:—"ત્હમે સર્વે પ્રથમ નારાયણને નમન કરો તથા મંત્ર બોલો." કહી વિશ્વેશ્વર-

પ્રસાદ સ્વતઃ ધીમે ધીમે સર્વેને બોલાવવા લાગ્યાઃ—

"નમો બ્રહ્મણ્યદેવાય ગોબ્રાહ્મણહિતાય ચ।
જગદ્ધિતાય કૃષ્ણાય ગોવિન્દાય નમોનમઃ॥"

મંત્ર બોલી રહ્યા પછી સર્વ જણે પ્રભુને પ્રણામ કર્યા; ત્હાર પછી અભિનંદનનું કાર્ય શરૂ થયું. પ્રથમ ગૃહિણીએ ભૂમિષ્ઠ થઇ સ્વામી દેવતાને પ્રણામ કર્યાં વિશ્વેશ્વરપ્રસાદે પત્નીને આશીર્વાદ આપી ત્હેનો હાથ પકડી ઉઠાડી. બન્ને વચ્ચે વિશેષ વાતચીત થઇ નહિં, કિંતુ ઉભયનાં નેત્રોની ભાષા ઉભય સારી રીત્યે સ્હમજી શક્યાં. ત્હાર પછી યથાક્રમે પ્રમથનાથ, સુશીલા, ચિનિ અને વસંતે ત્હેમને પ્રણામ કર્યાં પુત્રદ્વયના મસ્તક ઉપર વિશ્વેશ્વરપ્રસાદે પોતાનો હસ્ત ફેરવ્યો પુત્રવધુ તથા કન્યાના મસ્તક ઉપર હસ્ત મૂકી ત્હેમને આશીર્વાદ આપ્યા. છેવટે મોહિતે પણ આગળ આવી ત્હેમને પ્રણામ કર્યા. મોહિતનો હસ્ત પકડી ત્હેને ઉઠાડતાં ત્હેમણે કહ્યુંઃ—"ભાઈ ! દીર્ઘાયુષી થા."

થોડા સમયમાં જ સૂર્યોદય થયો. સર્વે જણ દિવાનખાનામાં જઇને બેઠાં સુશીલા તથા ચિનિ રંધનશાલામાં પ્રવેશ કરી એક મ્હોટા થાળમાં કેટલાક ચ્હાના પ્યાલા અને કેટલીક રકાબીઓમાં જલેબી મૂકી દિવાનખાનામાં લાવ્યાં પ્રત્યેકને ચ્હા તથા જલેબી પીરસવામાં આવી, સુશીલાએ મોહિત પાસે જઈ કહ્યું—"મોહિતલાલ ! આજે તો એક પ્યાલો ચ્હા પીવાની કૃપા કરવી જ પડશે."

સુશીલાનો કંઠસ્વર હેવો તો મધુર તથા ચિત્તવિભ્રમકર હતો કે મોહિત આત્મરક્ષા કરી શકયો નહિં; ત્હેણે કહ્યુંઃ—"ઠીક ત્હારે આપો."

પ્રમથનાથ આ વ્યાપાર જોઇ પ્રકાશમાં જ ધીમે ધીમે હસવા લાગ્યો, તથા ત્હેણે મનમાં વિચાર્યું કેઃ—" **સુશીલા જાદુગરી જ છે, હેમાં કાંઇ સંદેહ નથી.** "

ચિનિ પણ આ અભિનવ દૃશ્ય જોઇ પૂછયા વિના રહી શકી નહિં કેઃ—" **મોહિતલાલ ! ચ્હા કે'વી લાગે છે ?** "

મોહિતે સ્મિત હાસ્યની સાથે પ્રત્યુત્તર આપ્યો—" ઘણી સારી ! "

ચ્હાપાન પૂર્ણ થઇ ગયા પછી સ્ત્રીઓ પાલખીમાં અને પુરૂષો પગે ચાલતા નદી તીરે ગયા અને ત્ય્હાંથી નૌકારોહણ કર્યું. બે નૌકાઓ હતી, એકમા સ્ત્રીઓનો તે'મ જ અન્યમા પુરૂષોનો સમાવેશ કરવામા આવ્યો હતો

દશમ પરિચ્છેદ.

પીડિતા.

પરવશ થવું વ્હાલું શાને, ચુવાન દિલે હશે ?
પરવશ થઈ રોવું શાને, ચુવાન દિલો ચહે ?
કલાપી.

વિશ્વેશ્વરપ્રસાદનો જન્મદિન ઉજવવા વનભોજન સંપૂર્ણ કરી સર્વે જ્યહારે નૌકાદ્વારા પુનઃ ઘેર આવ્યાં ત્ય્હારે લગભગ સધ્યા સમય થઈ ગયો હતો. ઘેર આવી સંધ્યાવંદનાદિ પૂર્ણ કરી સર્વે

દિવાનખાનામાં ચ્હા પીવાને એકઠાં થયાં. વિશ્વેશ્વરપ્રસાદ આજે ગંભીર જણાય છે, કારણ કે સમગ્ર દિવસ આમોદપ્રમોદની વાતચીતો કરી તેઓ શ્રાન્ત થઈ ગયા છે.

કેટલાક સમય પછી ચિનિ સર્વેને માટે ચ્હા લાવી. પ્રથમ પિતાને આપી ત્યાર પછી મોહિત આગળ એક પ્યાલો ધર્યો; મોહિતે કહ્યું:—"માફ કરો."

ચિનિએ કહ્યું:—"કેમ તે વખતે તો પીધી હતી! તમે ન્હોતુ કહ્યું કે ઘણી સારી લાગે છે! હવે શરમાવછો શા માટે!"

"પિતાશ્રીનો જન્મદિવસ હોવાથી જ તે વખતે મ્હેં ફક્ત એક પ્યાલો પીધી છે."

"પિતાશ્રીનો જન્મ દિવસ હજુ પણ બાકી રહ્યો છે."

મોહિતે હસીને કહ્યું:—"તમારાં ભાભી હઠ મૂકે નહિં, તેથી જ તે વખતે પીધી હતી."

ચિનિએ કિંચિત્ રોષમાં જ પ્રશ્ન કર્યો:—"ત્યારે **શું ભાભીના અનુરોધથી ચ્હા પી શકયા અને મ્હારા અનુરોધથી પી શકસો નહિં કે?"**

વિશ્વેશ્વરપ્રસાદ અને તેમનાં પત્ની, પ્રમથ તેમ જ સુશીલા વિગેરે બેઠાં બેઠાં આ તમાસો જોયા કરતાં હતાં. મોહિતે ચિનિના મુખ તરફ જોઇ વિચાર્યું કે જો ચ્હા નહિં લેઉં તો બાલિકાના હૃદયને વાસ્તવિક રીત્યે દુઃખ થશે. આથી કરીને મૃદુ હાસ્યની સાથે હસ્ત પ્રસારણ કરી કહ્યું—"ઠીક લાવો ત્યારે."

ચ્હા આપી ચિનિ ડાબા હાથ તરફ બેઠેલી સુશીલા પાસે ગઈ તથા તેણે કહ્યું:—"ભાભી સાહેબ! રૂપિયો લાવો."

ત્હેની માતાએ પ્રશ્ન કર્યો.–" શાનો રૂપિયો ? "

ચિનિએ કહ્યુઃ–" શાનો તે વળી શરતનો રૂપિયો. ભાભીએ કહ્યુ હતુ કે ' મ્હેં તો એ વખતે મોહિતલાલને ચ્હા પીવડાવી, કિંતુ ત્હમે પીવડાવી શકશો કે ? ' મ્હેં કહ્યું હતુ કે ' નિશ્ચય પીવડાવીશ.' છેવટે ભાભીએ મ્હારી સાથે શરત કરી છે કે 'જો પીવડાવી શકો તો મ્હારે ત્હમને એક રૂપિયો આપવો. "

સુશીલાએ હસતાં હસતાં પોલકાના ખીસામાંથી રૂપિયો કાઢી ચિનિના હાથમા મૂકયો.

સર્વે ચ્હા પી રહ્યાં, તથા કે'ટલીક વાર સુધી વાતચીત કર્યા પછી સહુ પોતપોતાના શયનાલયમા ગયા. મોહિતને આજે હમેશની માફક નિદ્રા આવી નહિં. ત્હેના હૃદયમા એક સુંદર સુકુમાર મુખ વારંવાર આવીને દૌરાત્મ્ય કરવા લાગ્યુ. મોહિતનાં ચંચલ ચક્ષુઓ આ સુંદર મુખને દૂર કરી શક્યાં નહિં. આજે આખો દિવસ ચિનિએ પોતાનાં પરિજનો સાથે જે આમોદપ્રમોદ કર્યો છે, જે મિષ્ટ વાતો કરી-છે તે સર્વ દર્શન મોહિતના મનોપ્રદેશમાં પુનઃ પુનઃ અભિનીત થવા લાગ્યુ. છેવટે જ્યહારે નિદ્રાના આવેશે ત્હેને ધીમે ધીમે વિહ્વલ કરી મૂકયો ત્યહારે ત્હેણે વિચાર્યુઃ–" **બાલિકા ઘણી સુંદર છે. જે'ની સાથે ત્હેનો વિવાહ થશે તે સુખી થશે !** "

હાવી માનસિક અવસ્થામાં મોહિત નિદ્રાધીન થયો. આજે આખો દિવસ મુક્ત વાયુનુ સેવન કર્યું હોવાથી નિદ્રા પણ ગંભીર આવી. પ્રભાત સમયે ત્હેને એક સ્વપ્ન આવ્યું કે તે વરવેશમાં સજ્જિત થઈ વિવાહ મંડપમાં અવતીર્ણ થયો છે, ચારે દિશાએ

લોકોની મેદની થઇ રહી છે—પ્રકાશિત-દીપકો ઝળહળી રહ્યા છે, બ્હાર શરણાઈ વાગે છે; જાણે કે સ્ત્રીઆચારનો પણ આરંભ થયો શુભ દ્રષ્ટિને માટે વર અને કન્યાના મસ્તક ઉપર વસ્ત્રાવરણ પડયું **મોહિતે જોયું કે કન્યા અન્ય કોઇ નહિં, કિંતુ ચિનિ જ છે!**

નિદ્રાભંગ થયા પછી કે'ટલાક સમય સુધી મોહિતને એમ લાગ્યું કે જાણે તે સુખના સાગરમાં સ્નાન કરી રહ્યો છે. બારી-માંથી ચંદ્રમાનો પ્રકાશ ત્હેની શય્યા ઉપર પડતો હતો તે ઉઠીને બેઠો થયો તથાં વિચારવા લાગ્યો, 'શું આ મ્હેં સ્વપ્ન જોયું ? છેવટે તો આ જ પરિણામ કે ? શું હુ મ્હારા જીવનનું મુખ્ય ધ્યેય છોડી દેઇ વિવાહ કરી સંસાર જાલમાં જડીભૂત વાસનાતૃપ્તિ તથા અર્થોપાર્જન કરવામા જ પ્રવૃત્ત રહીશ કે ?' સ્વપ્નની હકીકત જે'મ જે'મ વિશેષ સ્મરણમાં આવવા લાગી તે'મ તે'મ ત્હેને પોતાના આત્મા ઉપર ક્રોધ પણ ઉત્પન્ન થયો. "સ્વપ્ન" જોવુ એ કોઇને ઇચ્છાધીન નથી, કિંતુ સ્વપ્નમાં ત્હેના આત્માનુ આંદોલન કયેમ થયુ ? એ વિચારથી જ ત્હેનું મસ્તિષ્ક ફરી ગયુ ત્હેને પોતાની જાત્ય ઉપર તિરસ્કાર પેદા થયો

પ્રભાતમા ઉઠતાંની સાથે મોહિતે સાંભળ્યું કે ચિનિને જ્વર આવ્યો છે. ગઈ કાલ્યે જ્યહારે વનભોજન કરવા ગયા ત્યહારે ઘણા સમય સુધી ચિનિએ સરિતામાં સ્નાન કરેલું હોવાથી આજે ત્હેને ત્હેનું પ્રતિફલ મળ્યું છે જ્વર સામાન્ય હોવાથી વિશેષ ચિંતા કરવાનું કાંઈ પ્રયોજન ન્હોતું. સન્ધ્યાદિ નિત્યકર્મથી નિવૃત્ત થઇ મોહિત જ્યહારે જલપાન કરવાને માટે અંદર ગયો ત્યહારે ત્હેનાં નેત્રો

ચિનિને શોધવા લાગ્યાં, કિંતુ ચિનિ નજરે પડી નહિં મોહિતનું મન નિરાશ થઇ ગયું.

એ દિવસે સંધ્યા સમયે ચ્હાપાન વખતે ચિનિ અવશ્ય આવશે હેવી મોહિતની ચોક્કસ ધારણા હતી, કિંતુ એ આશા પણ વિફલ થઈ. સુશીલા તથા પ્રમથનો અત્યાગ્રહ હોવા છતાં મોહિતે એ દિવસે ચ્હા પીધી નહિ. એ દિવસની રમણિય સધ્યા મોહિતને નિરાનંદ લાગી.

રાત્રે શય્યાવશ થયા પછી મોહિત વિચારવા લાગ્યો કે ત્હેનું જીવન એક નવલકથાના નાયકની માફક થતું જાય છે. ત્હેને એમ લાગ્યું કે માણસ એક એક પગલું ભરતા ભરતાં ત ક્રમે ક્રમે અગાધ જલમા જઈ પડે છે, તથા છેવટે ડૂબી મરે છે. પોતાનામા આટલી બધી દુર્બલતા છે હેવી ત્હેને પૂર્વેથી ખબર ન્હોતી. ત્હેનુ મન રાત્રિ દિવસ ચિનિ—ચિનિ જ કર્યાં કરે છે ! ત્હેના હૃદયની દુર્બલતા જ્યહારે વધી પડતી ત્યહારે એ વિચારે છે કે, 'હેવું તે એ બાલિકામા શુ છે ? ત્હેનામા શું આકર્ષણ છે ? તે દર્શન જાણતી નથી, વિજ્ઞાન સ્હમજતી નથી, શાસ્ત્રચર્ચા કરતી નથી, ગીતા તથા ઉપનિષદ્ ત્હેનાથી અનધીત છે. ચિનિ વિચારશક્તિહીન ત્રયોદશ-વર્ષીયા બાલિકા છે ! ત્હેનું મુખ વિશેષ સુદર છે, ચક્ષુદ્વય વિશાલ અને સ્વચ્છ છે, ત્હેના ઓષ્ઠ યુગલપર રાત્રિ દિવસ સ્મિત હાસ્ય નાચ્યા કરે છે, કંઠસ્વર સંગીતના જેવો સુદર છે. બસ આ સિવાય ત્હેની સંપત્તિ કાંઈજ નથી શું હું ત્હેની આ સંપત્તિ જોઇ દીવાનો બની જઇશ ? નહિં નહિં—

થોડા સમય સુધી શાંત રહ્યા પછી પાછી વિચારમાલા ગુંથાવા લાગી·—" ફક્ત વિચારો કરવાથી શું વળ્યું ? દીવાના થઇ જવામાં

પણ હવે શું બાકી રહ્યું છે ? સ્વપ્નમાં પણ મ્હેં મ્હોટો અપરાધ કર્યો છે ! આજે આખો દિવસ ચિનિના અનુસંધાનાર્થ મ્હારાં નેત્રો કે'વાં ચંચલ થઇ રહ્યાં છે ? શું આ એક પ્રકારની પિપાસા કહેવાય નહિં ? રોગના આગમનનાં આથી વિશેષ ચિન્હો બીજાં શું હોઈ શકે ! ત્યારે હવે કાંઈ ઉપાય ? આ ગૃહનો ત્યાગ કર્યા સિવાય મન સ્થિર થનાર નથી. અગાઉથી જ સાવધાન રહેવું વધારે સારૂં "

એ રાત્રે મોહિતે પુનઃ ચિનિનું સ્વપ્ન જોયું નહિં, પ્રભાતે જ્યહારે તે ઉઠયો ત્યારે ત્હેની મુખમુદ્રા વિજયીવીરના જે'વી જણાતી હતી. ઉઠયા પછી થોડા સમયમા જ હેને ખબર મળી કે ગઈ રાતથી ચિનિનો જ્વર ઘણો વધી પડયો છે. આખી રાત ત્હેણે મહાકષ્ટે પસાર કરી છે. ચિનિનો તાવ વધી ગયાનું સાંભળતા જ મોહિતના મનમાં અપાર વેદના થઈ. ત્હેણે પ્રમથને પુછ્યું –" તાવ કે'ટલી ડિગ્રી છે ? "

" રાત્રે ૧૦૫ ડિગ્રી હતો, અત્યહારે ૧૦૪ ડિગ્રી છે. "

" ડૉક્ટર કો'ણ છે ? "

" એક નૅટિવ ડૉક્ટર રાત્રે આવ્યો હતો, હમણાં ત્હેને પુનઃ બોલાવી લાવવા માણસ મોકલ્યું છે. ત્રિસ કલાક થઇ ગયા છતાં જ્વર હજુ નરમ પડતો નથી. "

એ દિવસે પ્રાતઃકાલે મોહિતનું મન સ્વસ્થ રહ્યુ નહિ તે અસ્થિર ચિત્તે બ્હાર છજામાં બેસી રહ્યો. પ્રમથ તથા વિશ્વેશ્વરપ્રસાદ અંદર હતા. વારંવાર દાસ દાસીને પ્રશ્ન કરી મોહિત ચિનિની સ્થિતિના સમાચાર મેળવતો હતો.

આ પ્રમાણે કેટલોક વખત મોહિત બેસી રહ્યો, કિંતુ પછીથી તે આત્મા ઉપર સંયમ રાખી શક્યો નહિ. હેણે અંતઃપુરમાં જઈ ચિનિની ખબર જોવાનો વિચાર કર્યો; એમ કરવામાં હેને બિલકુલ સંકોચ જણાયો નહિં !

તરત જ તે અંતઃપુર તરફ ચાલ્યો. અંતઃપુરમાં પ્રવેશ કરતાં ત્હાં આગળ સુશીલાને બેઠેલી હેણે જોઇ. મોહિતે સુશીલાને પ્રશ્ન કર્યો.–" ચિનિને કયેમ છે ? "

" તાવ વિશેષ છે, હમણાં લગભગ ૧૦૬ ડિગ્રી સુધી તાવ છે, આવો, હેને જોઈ જાઓ. " આમ કહી સુશીલા મોહિતને ચિનિ પાસે લેઈ ગઇ.

ચિનિ પલંગ ઉપર સુતી છે ચક્ષુઓ મીચેલાં છે. મોહિતના પદરવથી હેણે નેત્રો વિકાસ્યાં, કિંતુ હેને ઓળખી શકી નહિં. ચિનિનાં માતા પિતા તથા ભ્રાતા વિગેરે ઉદ્વિગ્ન ચિત્ત શય્યા નિકટ બેઠાં છે.

ચિનિનું રોગતપ્ત મલિન મુખ જોઇ મોહિતનું હૃદય ભરાઇ આવ્યું. મહાકષ્ટે આત્મસંવરણ કરી તે પુનઃ બ્હાર ચાલ્યો ગયો.

રાત્રે મોહિત ફકત આહાર ઉપર બેઠો જ–હેનાથી કાંઇ પણ ખાઈ શકાયું નહિ

બીજે દિવસ પ્રભાતે ઉઠી હેણે અંતઃપુરમાં જઇને જોયું તો દેવાલયના દ્વાર આગળ સુશીલા બેઠી બેઠી રોદન કરતી માલૂમ પડી. સુશીલાને હાવી સ્થિતિમાં જોઈ મોહિત ચમકી ઉઠયો; હેણે પ્રશ્ન કર્યો –" કયેમ છે ? "

સુશીલાએ રૂદ્ધકંઠે પ્રત્યુત્તર આપ્યોઃ-" સ્થિતિ ભયંકર છે! બચી શકશે કે કેમ તે કાંઈ કહી શકાતું નથી ! "

મોહિતનાં નેત્રદ્વયમાંથી જલ વહન થવા લાગ્યું-તે પોતાના હૃદયના આવેગને રોકી શકયો નહિં; ત્હેણે પ્રશ્ન કર્યોઃ-" એક હોશિયાર ડૉકટરને ખુલનાથી બોલાવીએ તો કેમ ? "

સુશીલાએ કહ્યું-" રાત્રે ત્રણ વાગે પાલખી લેઇ સિવિલ સર્જનને બોલાવી લાવવા માટે મનુષ્યો ગયા છે. "

અવનત મસ્તકે મોહિત બ્હાર ચાલ્યો ગયો.

લગભગ નવ વાગ્યાના સુમારે સિવિલ સર્જન આવી પહોંચ્યો આખો દિવસ ચિકિત્સા થયા કરી સધ્યા સમયે જ્વર નરમ પડવા લાગ્યો.

મોહિત સધ્યા સમયથી ચિનિના શયનાલયની બ્હાર જ બેઠો હતો, ત્યહાં આગળ વિશ્વેશ્વરપ્રસાદે આવી કહ્યુ -" ભાઈ ! દશ વાગી જવા આવ્યા. રાત્રિ ઘણી વીતિ ગઇ છે માટે જલપાન કરી શય્યાવશ થઈ જા. "

મોહિતે કહ્યુ -" શુશ્રુષાને માટે મ્હને આજે બેસવા દ્યો ત્હમે બધા ઘણા શ્રમથી થાકી ગયા હશો "

વિશ્વેશ્વરપ્રસાદે કહ્યુ -" કાલ્યે રાત્રે ત્હને શુશ્રુષા માટે રાખીશુ આજે વિશેષ આવશ્યકતા નથી, જા ભાઇ ! દુખી થઈશ નહિ ! "

' ડૉકટર સાહેબનું શુ કહેવુ છે ? "

" તે'ઓ કહે છે કે આજે રાત્રે તાવ ઉતરી જશે, કિંતુ રાતના ત્રણ વાગ્યાથી સૂર્યોદય સુધાનો સમય ઘણો જ સાંઘાતિક

છે. જો ઇશ્વર કરે ને એ સમય કોઇ પણ પ્રકારની દુર્ઘટના ઘટયા વિના પસાર થાય તો પછી કોઈ પણ પ્રકારની અડચણ નથી, નહિં તો—"

વિશ્વેશ્વરપ્રસાદની કથા અશ્રુપ્રવાહના આવેગથી અટકી ગઇ. મોહિત ત્હાંથી ઉઠીને ધીમે ધીમે બ્હાર આવ્યો. સુશીલાએ જલપાન કરવા કહ્યું, કિંતુ તે તરફ ત્હેનું બિલકુલ લક્ષ્ય ન્હોતું !

એકાદશ પરિચ્છેદ.

મોહિતનો ગૃહત્યાગ.

શીખાવો મ્હને પ્રેમના ગ્રંથ સ્વામી,
બનો આપ મ્હારા પ્રભુ પૂજ્ય સ્વામી;
હું શિષ્યા ત્હમો છો ગુરૂરામ સ્વામી,
હું સ્વામિનીના આપ સંન્યાસી સ્વામી

શયનાલયમાં પ્રવેશ કરી મોહિતે શયન કર્યુ નહિં, એક ખુરસી ઉપર બેઠો બેઠો તે અનેક પ્રકારના વિચારો કરવા લાગ્યો. 'અહા ! હાવુ સુદર પવિત્ર પુષ્પ શુ હમેશને માટે આ જગતમાથી ચાલ્યુ જશે ?' આ વિચારથી ત્હેનુ હૃદય ચકડોળે ચ્હડયુ. અનેક ક્ષણ સુધી તે બેસી રહ્યો, પછી ખુરસી ઉપરથી ઉઠી ઘડીઆળ કાઢીને જોયુ તો બાર વાગેલા માલૂમ પડયા. તે ધીમે ધીમે અંતઃપુર તરફ વળ્યો તો ત્હાં આગળ બે ઓરડામાં દીવા બળતા ત્હેની નજરે

પડયા. એકમાં ચિનિ સૂતી છે—ત્ય્હારે બીજામાં ડૉક્ટરે શયન કર્યું છે. મોહિત છજામાં આમતે'મ લટાર મારવા લાગ્યો. વચ્ચે વચ્ચે તે અંતઃપુરના બે આલોકિત ઓરડાઓ તરફ દૃષ્ટિ કરે છે. ત્હેણે વિચાર્યું કે 'જો કદાચ હુ વિશ્વેશ્વરપ્રસાદનો આત્મિય હોત તો તો અવશ્ય તે'ઓ મ્હારાથી કોઈ પણ પ્રકારની જૂદાઇ રાખત નહિં; અનેક ક્ષણ સુધી ત્હેણે લટાર માર્યા કરી. ધીમે ધીમે વખત જતાં એક પણ વાગ્યો; એકનો ટકોરો શ્રવણે પડતા જ પોતાના શયનાલયમાં જઈ અંદરથી દ્વારને રૂદ્ધ કરી, દીપકને હોલવી શય્યાધીન થયો; કિંતુ જે'નું મન ચિંતાપીડિત હોય ત્હેનાં નેત્રોમા નિદ્રા સહજમાં કે'વી રીત્યે આવી શકે ? અનેક વખત આમતે'મ પાસું ફેરવ્યા પછી છેવટે સહજ તન્દ્રા આવી.

તન્દ્રાની અ દર મોહિતને હેવુ લાગ્યું કે જાણે અ ત પુરમાંથી રોદનધ્વનિ આવે છે. રોદનધ્વનિની ભ્રમણા થતાંની સાથે જ તે એકાએક જાગ્રત થયો તો ત્હેને તે સર્વ સ્વપ્નમય ભાસ્યું. મોહિતે દીવો સળગાવી ઘડીઆળમાં જોયું તો બે વાગેલા માલૂમ પડયા. દ્વાર ઉઘાડી તે છજામાં આવી પુન· આમતે'મ લટાર મારવા લાગ્યો. ઉપરોક્ત બન્ને ઓરડાઓમાં હજુ પણ દીપકો સળગતા જણાયા. અંત.પુર નિસ્તબ્ધ માલૂમ પડયું. ત્હેને લાગ્યું કે હજુ કાંઇ પણ અમંગલ ઘટના ઘટવા પામી નથી.

છજામાં ફરતાં કરતાં તે વારંવાર વિચારવા લાગ્યો કે,—'એક વખત ચિનિની રોગશય્યા પાસે જઇ ત્હેના મુખનું દર્શન કરી લેઉં. કો'ણ જાણે કદાચ કાંઇ અમંગલ ઘટના ઘટી ને પુન ચિનિને જોઈ શકાઇ નહિં તો ! ત્રણ વાગવાને હવે વિશેષ સમયની વાર નથી."

પુનઃ વિચાર ઉપસ્થિત થયો કે;—"ત્હેની શય્યા પાસે જઇને હું શું કરીશ? વિશ્વેશ્વરપ્રસાદ, પ્રમથનાથ, સુશીલા વિગેરે સર્વે જણ ત્ય્હાં છે પછી હું જઇને શું કરવાનો? વળી ઇશ્વરની ઈચ્છાનુસાર થયાં કરશે, ત્હેમાં મનુષ્યાત્મા શું કરી શકે તે'મ છે? ફક્ત તે અનાથનો નાથ રંકનો બેલી વૃજવિહારી કે જે'ના હાથમાં આ સકલ ઘટના છે તે જો ધારે તો ચિનિને બચાવી શકે. હું આજે ત્હેને જ બોલાવીશ. ચિનિને આરામ કરવા માટે હું ત્હેને સહૃદયથી પ્રાર્થના કરીશ"

કર્તવ્ય નક્કી કરવામાં એક પલ માત્રનો પણ વિલંબ થયો નહિં. મોહિતે વિચાર્યું આખી રાત્રિ જે અનિદ્રામા કાઢી છે તે સઘળો સમય વૃથા ગયો છે; હાવા વિચારથી ત્હેણે તરત જ પાદુકાનો ત્યાગ કરી હાથ મ્હોં ધોઇ વસ્ત્રો બદલ્યાં. શયનાલયના એક ખુણામાં ત્હેનું સંધ્યા કરવાનું કુશાસન, ગંગાજલ વિગેરે પડયાં હતા. ત્હેણે ફક્ત આસન લીધું. તે ગંગાજલને અડકયો નહિં; કારણ કે આજે ત્હેનાં ચક્ષુદ્રયમાંથી જે જલધારા વહે છે તે ગંગાજલ કરતાં પણ પવિત્રતર છે. આસનને લેઈ તે પાછલા ભાગના છજ્જામા જઈ બેઠો. આ જ છજ્જાની થોડે દૂર સરિતા મદમદ અવાજ કરતી વહે છે. મોહિતના મનમાં લાગ્યું કે "કેટલાક દિવસ પૂર્વે આ જ છજ્જામાં બેસી જય્હારે 'હું ઉપનિષદ્‌નુ અધ્યયન કરતો હતો ત્ય્હારે ચિનિ હાથમાં કાગળો લેઇ અક્ષરો કઢાવવા મ્હારી પાસે આવી હતી."

આસન પાથરી, પૂર્વ દિશા પ્રતિ મુખ કરી, હસ્ત જોડી, મુદ્રિતનેત્રે તે પ્રાર્થના કરવા લાગ્યો ઘડીઆળમાં આઠ વાગ્યા બ્હાર વિષમ અંધકાર છે. નદીનું જલ દેખાતુ નથી કિંતુ જલનાં મોજાનો

કિનારા સાથે અથડાતાં થતો મધુર અવાજ શ્રવણે પડે છે. અન્ય કોઇ પણ સ્થળેથી બિલકુલ અવાજ આવતો નથી. મોહિત ક્રમે ક્રમે પ્રાર્થનાની ભાષાનું ઉચ્ચારણ કરે છે–વળી કે'ટલીક વખત થોડા સમય સુધી નિસ્તબ્ધ પણ રહે છે

ચાર વાગ્યા; અંધકાર ધીમે ધીમે વિલય થતો ચાલ્યો, આકાશના તારકોની હવે પૂર્વ પ્રમાણે જ્યોતિ નથી રાત્રિ કેટલી બાકી રહી છે તે જાણવા માટે મોહિત કે'ટલીક વખત નેત્રો વિકાસી આકાશ પ્રતિ દૃષ્ટિ કરે છે, અને તરત જ પુન પ્રાર્થનામાં મગ્ન થાય છે

રાત્રિ દૂર થઇ, પૂર્વ દિશા પરિષ્કાર થઇ બે ચાર પક્ષીઓનો કલરવ શ્રવણે પડવા લાગ્યો સરિતાની દિશા તરફથી મૃદુમંદ ઉષાસમીરણે વહેવાનો આરંભ કર્યો. મોહિતે કે'ટલીક ક્ષણ સુધી પૂર્વ દિશા પ્રતિ દૃષ્ટિ કરી પુન: નેત્રદ્વય મુદ્રિત કર્યાં

પૂર્વદિશા લોહિતાભ થઇ ગઇ. અનેક પક્ષીઓ કલરવ કરવા લાગ્યા ક્રમે ક્રમે પૂર્વ દિશા તરફની લાલાશ વધતી ચાલી, તથા જોત જોતાંમા નવોદિત સૂર્યના કિરણોએ ભગવાનના આશીર્વાદ અનુસાર આવીને ધ્યાનમગ્ન મોહિતના લલાટદેશને સ્પર્શ કર્યો

આસનને ઉપાડી લઇ મોહિતે ત્હેને શયનાલયમાં મૂકયું, તથા તે ત્વરિતપદે અંત પુર તરફ ગયો અંત:પુર ત્હેને નિસ્તબ્ધ જણાયું.

દ્વારમા પ્રવેશ કરતા જ ચિનિની માતાએ મોહિતને આનંદ સમાચાર આપ્યા કે:–" ચિનિ સારી છે, જ્વર દૂર થયો છે, વાતચીત કરી શકે છે, હમણા તે નિદ્રિત છે " આમ કહી ત્હેણે મોહિતના તરફ તીક્ષ્ણ દ્રષ્ટિ કરી. મોહિતના નેત્રોમાંથી જલધારા વહેતી હતી ત્હેનું ત્હેને પોતાને અત્યહાર સુધી ભાન ન્હોતું, કિંતુ ભાન

આવતાં જ તે મસ્તક નમાવી બ્હાર ચાલ્યો ગયો. બ્હાર જઈ પુનઃ પૂજા કરવા બેઠો.

*   *   *   *

ચિનિ સારી થઇ ગઇ છે, કિંતુ હજુ સુધી ત્હેનું શરીર ઘણું દુર્બલ છે ત્હેનાથી હજુ પ્રથમાનુસાર હરી ફરી શકાતું નથી, હજુ તે દુર્બલતાને લીધે શય્યાવશ છે જેથી મોહિત ત્હેની પાસે વારંવાર જઈ શકતો નથી.

ચિનિના તરફ પોતાનો કેવો પ્રકારનો ભાવ છે તે મોહિત હવે સ્પષ્ટ સ્હમજી ચુકયો છે. કોઇની સાથે કથાવાર્ત્તા થતાં જો ચિનિનું નામ આવે છે તો તે નામની સાથે જ મોહિત કંપી ઉઠે છે. ત્હેના મનોપ્રદેશમા ચિનિ ભગવતી વિણાધારિણી સ્વરૂપે ઉપાસ્થિત થઈ વિણા બજાવી ત્હેના ચંચલ મનને કંપાવી મૂકે છે ચિનિનાં પ્રત્યક્ષ દર્શન થતાં તે લજ્જાવશ થઇ નીચું જોઇ રહે છે. પોતે કોઇ પણ ઉપાયથી આત્મસંવરણ કરી શકતો નથી. પોતાના ચિત્ત દૌર્બલ્યની ત્હેણે સારી રીત્યે ઉપલબ્ધિ કરી છે; માટે આ કારણથી ત્હેણે નકકી કર્યું છે કે **સંસારાશ્રમ એ ત્હેને માટે નિરાપદ સ્થાન નથી.** વડિલ બંધુની કથાનો મર્મ પણ પ્રસગાનુસાર ત્હેના મનમાં આવી રહે છે કે, ત્હું જો સંન્યાસી થઇ જાય તો તે જુદી વાત છે. ગૃહસ્યાશ્રમમાં રહી ત્હારાથી ધર્મના નિયમોનું પ્રતિપાલન થઇ શકશે નહિં. હેનું કુફલ અવશ્ય આવવાનું જ. જો કે ત્હેનો બંધુ આ વાકયો અન્ય ભાવર્થા બોલ્યો હતો, કિંતુ એ વચનો સત્ય જ હતાં એમ મોહિતને ખાત્રી થઇ; ત્હેના મનની હમણાંની અવસ્થા ત્હેનું પ્રત્યક્ષ-પ્રમાણ થઈ

હાવા પ્રકારના અનેક વિચારોથી મોહિતે નિશ્ચય કર્યો કે હવે વધારે વખત સુધી સંસારાશ્રમમાં રહેવું નહિં. હવે તો તે વિધિ-પૂર્વક **સંન્યાસી** થનાર છે. સંસારાશ્રમમા રહેવાથી પોતાની ઈશ્વરભક્તિમા પગલે પગલે વિઘ્ન આવશે, હેવો ત્હેણે વિચાર કર્યો છે. વળી પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરવાને માટે ઉપયુકત ગુરૂ-જનની પણ આવસ્યકતા હોય છે; ભ્હાર નીકળી પડયા સિવાય હેવા જ્ઞાની ગુરૂ મળે પણ ક્હાંથી ? ! મોહિતે જે'મ બને તે'મ જલદીથી વિશ્વેશ્વરપ્રસાદને ત્ય્હાંથી નીકળી સ્વગ્રહે જઈ ભગવાં વસ્ત્રો પરિધાન કરી બ્હાર નીકળી પડવાનો નિશ્ચય કર્યો આહ ! એ કે'વું આત્મ-ગ્નાનિશૂન્ય સ્વાધીનતાનું જીવન ! એકાંત સ્થળે ઈશ્વરની ભક્તિ કે'ટલી બધી દૃઢતાથી થઇ શકે છે ? !

વિશ્વેશ્વરપ્રસાદના અત્યાગ્રહથી તે એક અઠવાડીઉં વધારે રહ્યો. હવે વિદાય લેવાને શુ વિનબ છે ? ચિનિને આરામ થાય અને તે ઘરમાં હરી ફરી શકે હેવી થયેલી જોઇને ત્હેનો વિદાય ગ્રહણ કરવાનો વિચાર છે. તે હવે પોતાના હૃદયની ચંચલતાને ક્ષમાની દૃષ્ટિથી જુએ છે. કે'ટલાક દિવસથી ત્હેણે પોતાના હૃદય ઉપરથી સત્તા ઉઠાવી લેઇ ત્હેને સ્વતત્ર રહેવા દીધુ છે. હૃદય પણ રાત્રિ દિવસ પ્રિય-ચિંતાથી નિમગ્ન રહે છે.

* * * *

બે ચાર દિવસમાં તો ચિનિને બરોબર આરામ થઈ ગયો. ચોથે દિવસે સંધ્યા સમયે જનપાન કરવા માટે મોહિત અંત પુરમાં ગયો તો ચિનિ ત્હેની નજરે પડી. ત્હેનું દુ.ખની અસહ્ય વેદનાથી મ્લાન થઈ ગયેલું પાંડુવર્ણ મુખ જોતાં જ મોહિતને ઘણું લાગી

આવ્યું. એક સુંદર કિરમજી રંગની સાલને ઓઢી તે છજામાં આમતેમ લટાર મારતી હતી. મોહિતે ત્હેની પાસે જઇને પૂછ્યું:—
"કયેમ છે ચિનિ!"

"ઠીક છે, કિંતુ હું આટલી બધી જલદીથી સારી કયેમ થઈ ગઈ મોહિતલાલ?"

"ત્હેની મ્હને શુ ખબર?"

"મંદવાડ વખતે એક પ્રકાર બન્યો હતો ત્હેની ત્હમને ખબર છે?"

"ના, શું પ્રકાર?"

"મંદવાડમાં મ્હને ડિલિરિયમ થયો હતો, હું જે'મ ફાવે તે'મ બકતી હતી. ત્હમે મ્હારો બકવાટ સાંભળ્યો હતો કે!"

"હા, સાંભળ્યો હતો."

"એ સમયે હું શું બકી હતી ત્હેની મ્હને ખબર ન્હોતી, કિંતુ મા વિગેરે કહે છે કે હું 'મ્હારૂં ગ્રામોફાન કય્હાં છે? મ્હારૂં ગ્રામોફોન કય્હાં છે.' એમ બક્યા કરતી હતી. આથી કરીને મ્હારી ગ્રામોફોન ઉપરની નીસીમ પ્રીતિ જોઇને ભાઇએ મ્હને કહ્યુ હતું કે, 'બ્હેન? ત્હને ગ્રામોફોન ઉપર આટલી બધી પ્રીતિ છે તો ત્હું જલદીથી સારી થઈ જા એટલે ત્હને ગ્રામોફોન લાવી આપીશુ'. મોહિતલાલ! ગ્રામોફોન મેળવવાના લોભથી જ હું વહેલી વહેલી સારી થઇ ગઈ છું!"

આ સમયે સુશીલાએ ત્હાં આગળ આવી પહોંચી કહ્યું:—
"ગ્રામોફોનની જંખનામાં બ્હેનબાને ઉંઘ પણ આવતી નથી એ તે કે'વા આશ્ચર્યની વાન?!

જલપાન કરી રહ્યા પછી મોહિતે વિશ્વેશ્વરપ્રસાદ પાસે જઇ વિદાય માગી. વિશ્વેશ્વરપ્રસાદે ત્હેને બે ચાર દિવસ વધારે રહેવાનો આગ્રહ કર્યો મોહિતે અનેક કારણો દર્શાવી ત્હેમની ઇચ્છાનો સ્વીકાર કર્યો નહિ.

સંધ્યા સમયે ચ્હા પીતી વખતે જ્હારે સર્વે એકત્ર થયાં ત્હારે ચિનિએ કહ્યું'—" મોહિતલાલ ! કાલ્યે સ્હવારે શું આપ અત્રેથી વિદાય થનાર છો ?"

" હા. "

" નહિં, મોહિતલાલ ! કાલ્યે જશો નહિં. પ્રથમ મ્હારા ગ્રામોફોનને આવવા દ્યો. ત્હેને શ્રવણ કર્યા પછી સુખેથી ચાલ્યા જજો."

મોહિતે મસ્તક હલાવી ચિનિની ઇચ્છાને અમાન્ય કરી, કિંતુ ચિનિ કાંઈ ઓછી ચાલાક ન્હોતી. પોતાને નાસિપાસ થયેલી જાણી ત્હેણે પિતા તરફ દૃષ્ટિ કરી કહ્યું —" પિતાશ્રી ! મોહિતલાલને રહી જવાને માટે અનુરોધ કરોને ! ત્રણ ચાર દિવસમા તો મ્હારૂ ગ્રામોફોન આવી પહોચશે. "

વિશ્વેશ્વરપ્રસાદે કહ્યું.—" મ્હેં તો મોહિતને ઘણો અનુરોધ કર્યો, કિંતુ તે ક્ય્હાં માન્ય કરે છે ? "

મોહિતે સ્મિતસૂચક દૃષ્ટિથી ચિનિ તરફ જોઇ કહ્યું —" ત્હમારૂં ગ્રામોફોન આવવા દ્યો, હું પુન આવીશ ત્હારે ત્હેને શ્રવણ કરીશ જ, પછી તો ત્હમને શાતિ મળશે ને ? "

ચિનિ છેક જ નિરાશ થઇ ગઇ તે બિચારીનો હવે ઉપાયાંતર રહ્યો નહિં. છેવટે વિશ્વેશ્વરપ્રસાદે ચિનિ તરફ નજર કરી કહ્યું.—" જોને બ્હેન ચ્હાનું પાણી ઉકળ્યું કે નહિં ? "

હા, જોઈ આવું છું " કહી ચિનીએ દૃષ્ટિ નીચી રાખી શરમાતાં શરમાતાં મોહિતને પ્રશ્ન કર્યો:- " આપ ચ્હા પીશો ? આપને માટે એક પ્યાલો લાવું ? "

કેટલીક ક્ષણ સુધી નિરૂત્તર રહ્યા પછી મોહિતે કહ્યું.-" ઠીક છે લાવો. " 'ગ્રામોફોન આવે ત્ય્હા સુધી હું રહી શકું તે'મ નથી' આ વાકયથી મોહિતે ચિનિના મનને દુઃખી કર્યું છે અને તે'થી જ ત્હેણે ચ્હાનો પણ અસ્વીકાર કરી ત્હેને વધુ દુ ખી કરવાનું ઈચ્છયું નહિ. ત્હેણે વિચાર્યું કે-" કાંઈ ફિકર નહિં અસંયમ તે'મ જ આત્મપરાયણતાનો આજે છેલ્લો જ દિવસ છે. "

બીજે દિવસે સ્હવારે દશ વાગ્યે આહારાદિ કાર્યથી નીવૃત્ત થઈ મોહિત ચિનિની માતા પાસે વિદાય લેવા ગયો આ સમયે ચિનિની માતા સિવાય ત્યહાં આગળ અન્ય કોઇ ન્હોતું. બે ચાર સ્નેહસૂચક કથાવાર્તાઓ થઈ ત્યહાર પછી ગૃહિણીએ કહ્યું.-" ભાઈ ત્હને એક વાત કહેતા મ્હને કાંઇ સંકોચ થાય છે. "

મોહિતે કહ્યું -" શી વાત મા ? પ્રમથ જેવી રીત્યે આપનો પુત્ર છે તદનુસાર મ્હને પણ ગણજો. જે કહેવાની ઈચ્છા હોય તે ખુસીથી કહો- હેને માટે સકોચ રાખવાનું કાંઈ પ્રયોજન ? "

આ પહેલાં મોહિતે કોઈ પણ દિવસે બીજાની માને 'મા' શબ્દથી સંબોધી નથી.

ગૃહિણીએ ઉત્તર આપ્યો.-"જે'વી રીત્યે પ્રમથ મ્હારો બાલક છે, ત્હેવી રીત્યે ત્હુ પણ મ્હારો જ બાલક થાય એજ મ્હારી ઇચ્છા છે. મ્હારી મહત્વાકાંક્ષા એટલી જ છે કે ચિનિ સાથે ત્હારો વિવાહ થાય! ત્હને મા નથી તો ભાઇ હું ત્હારી મા થાઉં હેવી મ્હારી પ્રબલ ઇચ્છા છે."

મોહિત અનેક ક્ષણ સુધી નિરૂત્તરે નત મસ્તક કરી ઉભો રહ્યો; પછી ત્હેણે કહ્યું-" મા, તેમ બની શકે એમ નથી મ્હારા જીવનની ગતી મ્હેં અન્ય માર્ગ ઉપર નક્કી કરી રાખી છે. હું ગૃહસ્થાશ્રમમાં નહિં રહેતા સંન્યાસી થઈ જનાર છું."

ગૃહિણીએ આશ્ચર્યથી કહ્યું.-" એ શું કહે છે ભાઇ ? શું સંન્યાસી થવાની આ ત્હારી ઉંમર છે ? હેવી વાત કરીશ નહિ. જો મ્હારી પુત્રી સાથે ત્હારે વિવાહ ન કરવો હોય તો ન કરીશ, કિંતુ સંન્યાસી થઈ જવાની વાત મ્હોંમાંથી બ્હાર કાઢીશ નહિ. ત્હને ગમે તો અન્ય કોઇ સ્થળે કોઇ સત્પાત્રી શોધી કાઢી ત્હેની સાથે વિવાહ કરી સંસારી થા-તેથી કરીને હમને પણ આનંદ તેમ જ સુખ થશે."

મોહિતે ગભીર કંઠે કહ્યુઃ-" મા ! જો હુ વિવાહ કરવાનો હોત તો માતૃપદેથી ત્હમને વચિત કરવાનુ સાહસ હુ કરત જ નહિ. !"

ગૃહિણીએ છેક જ કરૂણાપૂર્ણ સ્વરે કહ્યુ.-" તો પણ ભાઈ! એમ કરીશ નહિ ત્હેમને કહી ત્હારા વડિલ બંધુને પત્ર લખીશું. આવતા માઘ માસમાં જ એક ઉત્તમ દિવસ આવે છે-એ દિવસે શુભકર્મ સંપન્ન કરી નાખીએ"

મોહિતનાં નેત્રદ્વયમા આસુ આવ્યાં જતાં જતાં ત્હેણે કહ્યુઃ— " મા ! મ્હને પ્રલોભનમા નાખશો નહિં - " આમ કહી ગૃહિણીને પ્રણામ કરી ત્હેની પદરજ લેઈ તે ચાલ્યો ગયો.

ગૃહે જઈ બે દિવસ રહીને તૃતીય દિવસે ઉષાકાલે ભગવાં વસ્ત્રોથી વિભુષિત થઇ, હાથમા મૃગચર્મ તથા એક કામળને લેઈ કામદેવના જેવી કાંતિવાળા મોહિતે ગૃહત્યાગ કર્યો.

દ્વાદશ પરિચ્છેદ.

સાધુ—સંગ.

હવે પંખી મુસાફિર ત્હું, બહેત્તર જા બિયાબાને,
કરી લે પ્રીત પ્રભુનાથી, પ્રેમી પ્હાડ પ્હાણો છે.

સૃષ્ટિદેવી પર સામાન્ય પ્રકાશ હતો સર્વત્ર નિસ્તબ્ધતા હતી. દાસ દાસી કોઇ પણ જાગ્રત ન્હોતુ નિર્વિઘ્ને સ્વગૃહનો ત્યાગ કરી મોહિત ગ્રામ્યપથ પર આગળ ચાલવા લાગ્યો, બે ચાર જણ પરિચિત લોકોને ત્હેણ્રે રસ્તે જતા જતાં જોયા ખરા, કિંતુ પ્રકાશના અભાવને લેઇ તે'ઓમાંનું કોઇ ત્હેને ઓળખી શક્યું નહિં.

મોહિતે એક ભગવા રંગની કફની પહેરી છે. ખભા ઉપર એક ત્હેવા જ રંગનો દુવાલ ઉત્તરિય વસ્ત્ર તરીકે રાખ્યો છે આ દુવાલની ઉપર ત્હેણે એક ઝોળી ભરવી છે. ઝોળીની અંદર એક ગીતા, એક ઉત્તમ સાખ્યદર્શન અને બીજાં પણ બે ચાર પુસ્તક છે. પાસે એક મ્હોટી છુરી પણ છે; મૃગચર્મને હાથમાં ઝૂલતું રાખ્યું છે, કામળને વીંટાળી બગલમાં દાબી છે.

પોતે કે'વી રીત્યે રસ્તો કાપશે ત્હેનો ત્હેને કાંઈ ખ્યાલ નથી, કિંતુ બાલ્યકાલથી ત્હેનુ હૃદય ભક્તિથી પરિપૂર્ણ હોવાને લીધે પ્રભુ ત્હેનો સ્હાયકાર છે. વળી મોહિતને શા માટે કોઇ પણ પ્રકારની ચિંતા રાખવી જોઇ'એ ? ત્હેને ખાત્રી છે કે જે'ણે જન્મ આપ્યો છે તે આહાર પણ આપશે જ. આ નિર્ભરશીલતાનો ભાવ પ્રાપ્ત કરતાં હવે ત્હેના મનમાં વધારે પ્રબલ થઈ ઉઠયો છે.

પોતે કયે રસ્તે થઈ ક્યહાં જશે ત્હેનો કાંઈ પણ વિચાર કર્યા સિવાય તે બ્હાર નીકળ્યો છે. કલ્યાણપૂરથી બેએક ગાઉ દૂર એક પાકો રસ્તો છે, એ બારોબાર ખુલના જાય છે. જ્યહારે રેલ્વે સ્થાપન થઈ ન્હોતી ત્યહારે લોકો એ રસ્તે થઇને જ ખુલના જીલ્લામાં જતા હતા ગ્રામ વટાવી રહ્યા પછી મોહિતે તે તરફના રસ્તા તરફ ચાલવા માંડ્યુ.

લગભગ તે એક ગાઉ દૂર ગયો હશે એટલામાં જ પૂર્વ દિશામા સૂર્યોદય થયો. સૂર્યોદયનું દશ્ય જોતાંની સાથે જ થોડા વખત ઉપર છેલ્લી વખતે સૂર્યોદયની સમક્ષ કરેલી પ્રભુપ્રાર્થના ત્હેના હૃદયમાં ઉપસ્થિત થઇ. આ પ્રાર્થનાની યાદદાસ્તે ત્હેને ગભીર વિચાર વમળોમા નાખી દીધો. ત્હેણે વિચાર્યું કે —" ચિનિને હવે કયેમ હશે? તે શુ કરતી હશે? એ બાલિકાનુ જીવન સુખમય થાઓ!" હાવા પ્રકારના અનખ્ય વિચારો થવા લાગ્યા, તથા એ વિચારોએ ત્હેના માનસક્ષેત્રને વિહ્વલ કરી મૂકયુ, કિંતુ એકાએક અન્ય કાંઈ વિચાર આવવાથી ત્હેણે સ્વગત કહ્યુ—" આ શુ! હુ તો ગૃહનો ત્યાગ કરી, ભગવાં વસ્ત્રોને ધારણ કરી સંન્યાસાશ્રમનુ અવલબન કરવાને જાઉં-છુ! હવે મ્હને ધર્મવિચારો—ભગવત્ વિચારો આવવા જોઇએ ત્હેને બદલે કામિનીના જ વિચારો કયેમ આવે છે? અરેરે! મ્હારા આ જીવને ધિક્કાર છે!" આ પ્રમાણે પલમાં જ પોતાના મોહમુદ્‌ગરને હૃદયમાંથી દૂર કરી તે ત્વરિતપદે આગળ ચાલવા લાગ્યો.

લગભગ અડધો કલાક એ પ્રમાણે ચાલ્યો, કિંતુ ધીમે ધીમે તાપ વધતો હોવાથી હવે ત્હેને કષ્ટ થવા લાગ્યુ. તે મહાકષ્ટે આગળ ચાલવા લાગ્યો. બન્ને બાજુએ મ્હોટાં મ્હોટાં ખેતરોમાં લીલી હરિ-

થાળી ઉભી રહી છે. રસ્તે લોકોનો પણ કાંઈક અવરજવર છે. જનાર આવનાર મનુષ્યો પૈકી કેટલાંક મોહિતને પ્રણામ કરતાં જાય છે

મોહિત જ્યારે પાકા રસ્તા આગળ આવી પહોંચ્યો ત્યારે લગભગ આઠેક વાગ્યા હતા, કિંતુ સ્હવારનો તાપ પણ ત્હેનાથી સહન કરી શકાયો નહિં. તે શ્રાન્ત થઈ ગયો હતો, વળી તે શ્રાન્ત થઈ ગયો ત્હેનુ એક કારણ તો એ હતુ કે ત્હેણે ગઈ કાલ્યે રાત્રે બિલકુલ નિદ્રા લીધી નથી, બીજુ ત્હેને કોઇ પણ દિવસે ચાલીને મુસાફરી કરવાનો મહાવરો થયો નથી. જ્યારે કલકત્તામા અભ્યાસ કરતો ત્યારે સ્હાંજના ફક્ત એક વખત બાગમાં ફરી આવતો; કૉલેજનો ત્યાગ કર્યા પછી તો પ્રથમનો મહાવરો પણ છેક જ બંધ પડી ગયો છે.

પાકો રસ્તો જ્યહાં આગળથી શરૂ થતો હતો ત્યહા આગળથી જ બીજા બે રસ્તા બીજી દિશાઓ તરફ જતા હતા. એ સંયોગ-સ્થલે એક મ્હોટું વડનું વૃક્ષ હતું. મોહિત એ વડની છાયા નીચે મૃગચર્મને પાથરી તે ઉપર બેઠો. મૃદુ મૃદુ પવન પણ વિહરતો હોવાથી મોહિતને કાંઇંક શાતિ મળી—ત્હેનો થાક દૂર થયો એ સ્થલે બેસી તે વિચારવા લાગ્યો—" હવે કઈ દિશા તરફ જઇશ ? " બીજા બે રસ્તાઓ જે દિશા તરફ જતા હતા તે દિશાએથી ક્યહાં આગળ જવાય છે ત્હેની ત્હેને ખબર ન્હોતી, તેથી ત્હેણે ખુલના તરફ જવાનો જ નિશ્ચય કર્યો. ત્યહાં થઇને રેલ્વેને રસ્તે કાશી કે વૃંદાવન ચાલ્યા જવાનું ત્હેણે વિચાર્યું.

જે સ્થલે મોહિત બેઠો છે ત્યહાંથી ખુલના પચીસ માઇલ દૂર થાય છે, એટલે કે લગભગ બે દિવસનો રસ્તો છે ત્રણ ગાઉ દૂર એક વિષ્ણુપુર ગામ આવેલુ છે ત્હેણે પુનઃ આગળ ચાલવા માંડ્યુ.

ચાલતા ચાલતા તાપ પણ વધી પડયો ત્હેની ચાલવાની ગતિ પણ ધીમી પડી. લગભગ દશેક વાગ્યાના સુમારે ત્હેનો કંઠ પિપાસાથી સુકાવા લાગ્યો રસ્તે જનાર આવનાર પૈકી એકાદ જણને પૂછી જોતાં મોહિતને માલૂમ પડયુ કે હવે ફક્ત એક જ ગાઉ ઉપર વિષ્ણુપુર ગ્રામ આવેલુ છે. આજે બજાર ભરાવાનો દિવસ હોવાથી અનેક જણ શાક ભાજી વિગેરે લેઇ વિષ્ણુપુર તરફ જાય છે. રસ્તે આગળ જતા જતા એક ન્હાનુ તલાવ આવ્યુ મોહિત તલાવના કિનારા તરફ વળ્યો.

જલની પાસે જઈ પહોંચતાં જ મોહિતને યાદ આવ્યુ કે 'હજુ સુધી સન્ધ્યાદિ નિત્યકર્મ થયુ નથી તો પછી જલપાન કે'વી રીત્યે કરીશ ?' આથી કરીને ત્હેણે હાથ મ્હો ધોઇ નાખી સ્નાન કરી લીધુ, તથા તલાવના કિનારા ઉપર જ એક મ્હોટા વૃક્ષની ડાળી સાથે ભીના ધોતીયાને સુકવી નાખી ત્હેની નીચે મૃગચર્મ બિછાવી સન્ધ્યા કરવાને માટે તે ત્હેના ઉપર બેઠો.

ત્હેના શરીર પર હજુ સુધી યજ્ઞોપવિત છે કારણ ત્હેનો વિચાર હેવો છે કે 'કોઈ સદ્‌ગુરૂ સંન્યાસી મળી આવ્યેથી ત્હેમની પાસેથી દીક્ષા ગ્રહણ કરી યજ્ઞોપવિતનો ત્યાગ કરીશ '

ગાયત્રી, સન્ધ્યા વિગેરે પૂર્ણ કરી રહ્યા પછી ત્હેણે ગીતાનું પુસ્તક પોતાના હાથમા લીધુ, તથા ત્હેનો પાઠ કરવા લાગ્યો હેવામાં ત્હાં આગળ બે અપરિચિત પુરૂષો આવી પહોંચ્યા કે જે'મણે તલાવમાથી પાણી પી મોહિત પાસે જઇ પ્રેમપૂર્વક પ્રણામ કરી ત્હેની આગળ બે ચાર ફલો મૂક્યા. મોહિતે ત્હેમને શુભાશિષ આપી. ત્હાર પછી તે'ઓ ઉભયમાંના એકે કહ્યું—" પ્રભુ ! અહિંથી થોડે

દૂર જ હમારો એક બાગ આવેલો છે આ ફૂલો પણ તે બાગમાં જ ઉત્પન્ન થયેલાં છે. તો હેનો સ્વીકાર કરી આપ આશીર્વાદ આપો કે જેથી બાગમાં વિશેષ ફૂલો થાય અને હમને બે પૈસાની પ્રાપ્તિ થાય."

મોહિતે કહ્યુ —" હું હમોને આશીર્વાદ આપું છુ કે હમને ભક્તિની પ્રાપ્તિ થાઓ. ભગવાનના તરફ હમારી પ્રીતિ હરહમેશને માટે કાયમ રહો. "

અર્થલાભનો આશીર્વાદ નહિં મળવાથી ઉભયને કાંઈક ખોટુ લાગ્યું, તો પણ " રજા લઇએ છીએ મહારાજ ! " આમ કહી એ બન્ને પુરૂષો ત્યહાંથી ચાલ્યા ગયા મોહિતે પુન પોતાના ચિત્તને ગીતાપાઠમાં રોકયુ

અડધો કલાક આ પ્રમાણે વીતિ ગયો; ત્યહાર પછી એક બે ફૂલોને ભક્ષણ કરી બાકીનાંને ઝોળીમાં મૂકી હેણે જલપાન કર્યું, તથા પુન. તે રસ્તે પડયો.

જ્યહારે મોહિત વિષ્ણુપુર પહોંચ્યો ત્યહારે મધ્યાન્હ કાલ થઈ ગયો હતો. ગામની વચ્ચે બજાર બેઠું છે, સખ્ત તાપ પડી પ્રાણિ માત્રને આકુલ વ્યાકુલ કરી રહ્યો છે. મોહિતે વિચાર્યું કે 'કોઈ સ્થલે બેસી થોડા સમયને માટે વિશ્રામ લેઉં '

વિશ્રામ મેળવવાની આશાથી મોહિત થોડે દૂર આવેલા એક વિશાલ વટવૃક્ષ તરફ ચાલવા લાગ્યો ત્યહાં જઈ હેણે જોયુ તો એ વૃક્ષની નીચે એક જટાજુટધારી આખા અંગ પર ભસ્મ ચોળેલા એક [illegible] સંન્યાસી બેઠો છે કેટલાક નરનારી હેની ચ[illegible] ગ્રામ એકત્ર થઇને બેઠા છે એક સ્ત્રી બેઠી બેઠી સંન્યાસીને પોતાનો હાથ બતાવે છે. સંન્યાસી જ્યહા આગળ બેઠો છે ત્યહાં આગળ એક

જ્યાનું વસ્ત્ર જમીન ઉપર પાથરેલુ છે કે જે'ની ઉપર કે'ટલાક પૈસાઓ, અનાજ વિગેરે પડયું છે.

કૌતુહલને લેઈ મોહિત ત્હ્યાં પહોંચતાંની સાથે જ સ્તંભિત થઈ ગયો. બેઠેલો સંન્યાસી મોહિતને જોતાં જ ક્રોધથી વિરક્તિપૂર્ણ નયનોએ ત્હેના તરફ ટગર ટગર જોઈ રહ્યો. મોહિત વખત વિચારી જઈ ત્યેહા આગળ ન જતાં બીજી તરફ જ્યહાં તલાવ હતું તે તરફ ચાલી નીકળ્યો. તથા તલાવને કિનારે વૃક્ષની શીતલ છાયા નીચે ઝોળીને નીચે મૂકી ગીતાપાઠ કરવા લાગ્યો.

કે'ટલાક સમય સુધી ત્હેણે ગીતાનો પાઠ કર્યો, પછીથી ધીમે ધીમે ત્હેને ક્ષુધા લાગી. સ્હવારથી ત્હેણે પરિશ્રમ વેઠયો છે ફક્ત એક બે ફલો સિવાય કાંઈ પણ આહાર કર્યો નથી. બિચારી ક્ષુધા હવે લાગે ત્હેમા ત્હેનો અપરાધ શું ? તથાપિ મોહિત મનમાં હસી સ્વગત કહેવા લાગ્યો —"સાધુ સંન્યાસી માણસ—આખો દિવસ ખાઉં ખાઉં કર્યા કરે એ કયેમ ચાલે ?"—આમ વિચારી ત્હેણે પુન. પોતાના ચિત્તને ગીતાપાઠમા રોકયુ, કિંતુ ક્ષુધા કાંઈ મોહિતને છોડે દેવી ન્હોતી તે ગાતા, ઉપનિષદ્ કે વેદાંતદર્શનને માનતી નથી. મોહિત ગીતાપાઠમા પોતાના મનને હવે વિશેષ સમય સુધી રોકી શકયો નહિં. છેવટે ગીતાને બંધ કરી ઝોળીમા મૂકી ત્હેમાથી બાકી રહેલાં બે ત્રણ મિષ્ટ ફલોને ત્હેણે બ્હાર કાઢયા. આ વખતે ત્હેને એ ફલો અમૃત જે'વા લાગ્યા આહાર કરી રહ્યા પછી તલાવમાં હાથ મ્હોં ધોઈ તે રામાયણ વાચવા લાગ્યો.

થોડો સમય થયો ન થયો એટલામા તો ત્હેના નેત્રો નિદ્રાથી ભારાક્રાંત થઈ ગયાં. ગઈ રાત્રિનો ઉજાગરો તથા આજે સ્હવારથી

તે અત્મ્હાર સુધી કરેલી મુસાફરીને લેઈ તે નિદ્રાને દૂર કરી શકયો નહિં. પુસ્તક બંધ કરી, ઝોળીને મસ્તક નીચે મૂકી કામળી બીછાવી તેની ઉપર તે સકોચાઇને સૂતો

લગભગ ચાર પાચ કલાક સુધી ત્હેણે શયન કર્યું. જ્મ્હારે તે ઉઠયો ત્મ્હારે ભગવાન્ ઉષાકાંત અસ્ત પામવાની તૈયારીમાં હતા. તે ઉઠીને બેઠા થયો તથા વિચારવા લાગ્યો કે.—" સ્વલ્પ સમયમાં જ રાત્રિ પડશે આ વૃક્ષ તળે ક્મ્હા સુધી પડયો રહીશ ? આશ્રય શોધ્યા સિવાય તો દુઃખી થવાનો પ્રસગ આવશે "

જોતજોતાંમા ઉષાકાન્ત અસ્ત પામ્યા. મોહિત ઉઠી, ઝોળીને ખભે ભેરવી, મૃગચર્મને હાથમા લેઈ ત્વરિત પદે જે સ્થલે બજાર બેઠું હતુ તે સ્થળ તરફ જવા લાગ્યો ત્હેણે વિચાર્યું કે ત્મ્હાં આગળ જવાથી કોઇ ઠેકાણે આશ્રય અવશ્ય મળશે જ.

પૂર્વોક્ત વટવૃક્ષ નજીક આવતાં ત્હેણે જોયુ કે પેલો સંન્યાસી હમણા પણ ત્મ્હાં બેઠો છે ત્હેની પાસે હમણાં કોઈ પણ મનુષ્ય નથી. બજાર પણ વેરાઈ ગયું છે મોહિતને જોતાં જ એ વ્યક્તિએ સ્મિતમુખે કહ્યુઃ—" આવ્ય ભાઇ! અહિં બેસ." કહી મોહિતને ત્હેણે પોતાની પાસે બેસવાની જગ્યા આપી

મોહિત હાથમાંના મૃગચર્મનને જમીન ઉપર બિછાવી ત્હેના ઉપર બેઠો.

સંન્યાસીએ પ્રશ્ન કર્યો:—" ત્હૂ ક્મ્હા બેઠો હતો ? "

મોહિતે જ્મ્હાં બેઠો હતો તે સ્થલ અંગુલિદ્વારા દર્શાવ્યુ.

" શું કમાયો તે કહે તો ખરો."

મોહિતને સંન્યાસીના આ પ્રશ્નમાં સ્હમજ નહિં પડી શકવાથી ત્હેણે પ્રશ્ન કર્યોઃ—"કમાવાનું શું ?"

સંન્યાસીએ આશ્ચર્યથી પૂછયું—"શું ત્હું કોઇને દવા બવા આપતો નથી ? કોઇનો હાથ જોતો નથી ?"

મોહિતે કહ્યુ—"દવાની વિદ્યા તે'મ જ હાથ કે'મ જોવો વિગેરે હું જાણતો નથી"

સંન્યાસીએ કહ્યુ—"તો ત્હું શુ જાણે છે ? ગાંજો, ભાંગ વિગેરે પીવાનુ જાણે છે કે નહિં ?"

મોહિતે હસીને કહ્યુ—"તે પણ હું જાણતો નથી અને જાણવાની જરૂર પણ જોતો નથી"

સંન્યાસીએ છેક'જ આશ્ચર્ય પામી પૂછયુ—"શુ હજુ સુધી ભાગ, ગાંજો પીતાં જાણતો નથી ? મ્હને લાગે છે કે ત્હુ "**નવીન સંન્યાસી**" જ છે ત્હારો ચ્હેરો જ જણાવી આપે છે કે ત્હુ "**નવીન સંન્યાસી**" છે. ત્હારા માથા ઉપર જટા ક્યહા છે ? શરીર ભસ્માચ્છાદિત ક્યહા છે ? શુ એકલા ભગવાં વસ્ત્રો પહેર્યાથી સંન્યાસી થવાય કે ? મ્હોટી દાઢી જોઇએ, માથા ઉપર મ્હોટી જટા જોઇએ, ઘડીએ ઘડીએ ગાંજો પીવો જોઇએ, નેત્રોને રાતાંચોળ બનાવી દેવા જોઇએ, આ પ્રમાણે સઘળુ બીજા માણસો જુએ તો જ તે આપણી ભક્તિ કરે હું જ્યારે સંન્યાસી થયો ત્યારે શરૂઆતમાથી જ મેં સ્હાડા ત્રણ રૂપિયાની મ્હોટી જટા ખરીદી લેઇ મસ્તક ઉપર ધારણ કરી હતી." આમ કહી સંન્યાસી ગાજાના દમ મારવા લાગ્યો. તથા ઝહરને અમૃત જે'વુ માની છાતીને બાળી ભસ્મ કરવા લાગ્યો.

ગાંજાની ચલમનો દમ મારતા મારતાં હેણે પ્રશ્ન કર્યો:—"કેટલા દિવસ થયા નીકળ્યો છે?"

"અલ્પ સમયથી જ."

સંન્યાસીએ એક વખત આજુબાજુ નજર કરી ધીમે સ્વરે પૂછ્યું—"કયા ખુનના મુકરદમા કે ચોરીના મુકરદમાને લીધે તું સંન્યાસી થયો છે?"

મોહિતે પ્રત્યુત્તર આપ્યો—"હું કોઈ પણ મુકરદમામાં પડ્યો નથી."

સંન્યાસીએ મોહિતની કથાને સત્ય ન માનતા કહ્યું—"સત્ય હકીકત કહેને મ્હારાથી શા માટે ચોરી રાખે છે? હુ કાંઈ ડિટેક્ટિવ નથી. કોઇની આગળ હું હારી કાંઈ પણ ગુપ્ત વાત કરૂં તો મ્હને હારા જ સોગન છે."

સંન્યાસીએ ઘણુંએ સ્હમજાવ્યો, કિંતુ મોહિતે હેવુ કાંઈ કબુલ કર્યું નહિં કે તે ફોજદારી ગુન્હામાં સપડાયો હતો

સંન્યાસીએ ગાજાના દમ પર દમ મારતા ચલમને નમાવી કહ્યું—"ચાલ્ય મ્હારી સાથે આવીશ કે?"

મોહિતે પૂછ્યું—"ક્યહાં?"

"મ્હોટા મંદિરમા, અહિયા એક ભવ્ય દેવાલય છે, હેની શું હને ખબર નથી?"

"ના."

"ત્યહારે તો તું અહિં પહેલવહેલો જ આવ્યો હોઈશ જો ગ્રામની વચ્ચે એક રાધાગોવિન્દજીનુ મંદિર છે ત્યાં રોજ માલપુડાનો ભોગ ધરાવવામા આવે છે. સાધુ સન્યાસી ત્યહા જાય છે તો પ્રસાદ પામે છે. ગરમાગરમ માલપુડા ઉડાવવાને માટે

સંન્યાસીઓ આવે છે, અને પોતાના પેટને ભાવતાં ભોજન આપી શાંત કરે છે, એટલુ જ નહિ પણ સંન્યાસીઓ તે'મજ કે'ટલાક યાત્રાળુઓને રહેવા માટે ત્હ્યાં ધર્મશાલા પણ છે. આવવું હોય તો મ્હારી સાથે ચાલ્ય " કહી સંન્યાસી ઉઠીને ઉભો થયો.

જો કે સન્યાસીના વાકયોથી મોહિત કાંઇ લોભાયો નો નહિ, કિંતુ આહારાદિને માટે આશ્રય મેળવ્યા સિવાય ત્હેનો ઉપાયાંતર ન્હોતો, આથી કરીને ત્હેણે સંન્યાસીની સાથે મદિરમાં જવાનું સ્વીકાર્યું, બન્ને જણા ધીમે ધીમે ધીમે મદિર તરફ જવા લાગ્યા

ત્રયોદશ પરિચ્છેદ.

ગુપ્ત રહસ્ય.

રસ્તે જતાં જતા મોહિતે સંન્યાસીને પ્રશ્ન કર્યો:—" પ્રભુ ! આપનુ નામ શુ ?"

" મ્હારૂ નામ ક્ષેમાનદ ભારતી છે હુ જ્યહારે ગૃહસ્થ હતો ત્યહારે, મ્હારૂં નામ બીજું હતુ. વારૂં, પણ ત્હારૂં નામ શુ ? "

' મ્હે હજુ મ્હારા પૂર્વના નામનો ઉદ્ધાર કર્યો નથી મ્હારૂં ગૃહસ્થ નામ જ હજી કાયમ છે "

" ત્યહારે ત્હારૂં ગૃહસ્થ નામ શું છે તે તો કહે ?"

" પ્રભુ ! એ નામ હું આપને કહી શકું તે'મ નથી, તે માટે આપની ક્ષમા ઇચ્છુ છું. "

" કિંતુ ભાઇ ! ત્હારે બ્હીવાનું કાંઈ જ કારણ નથી; ત્હેં

ચોરી કરી હશે યા તો કોઇનું ખૂન કર્યું હશે, ગમે તે'મ હશે તો પણ હું કોઇને કહી દેવાનો નથી, તે'મ જ વળી હુ કાંઇ ડિટેક્ટિવ નથી સ્હમજ્યો ?" આમ કહી સંન્યાસી હસવા લાગ્યો. મોહિત નિરૂત્તર જ રહ્યો.

ત્હેને નિરૂત્તર જોઈ સન્યાસીએ કહેવા માંડયુ –" જો સાંભળ! એક વિષયથી ત્હને અગાઉથી ચેતાવી રાખુ છું. મંદિરમાં જઇ મહાન ઇશ્વરભક્ત તરિકેનો આડંબર રાખવો, તથા મુખ હેતુ રાખવું કે જાણે અહરનિશ આપણે પરમાર્થ ચિંતા જ કર્યા કરતા કયેમ ન હોઇએ! રૂપિયા, સ્ત્રી યા તો માલપુડા એ તરફ જાણે આપણી નજર પણ જતી નથી હેવો ભાવ તથા હેવી રીતભાત રાખવી જોઇએ. હમે જો હસતા તથા મશ્કરી કરતા હોઇએ તો તે હમારા જ મંડળમાં, કિંતુ અન્ય જનો આગળ તો સાક્ષાત્ નારાયણ સ્વરૂપે જ વર્ત્તવુ વળી જો ત્હું મ્હારો ચેલો થઇશ તો ત્હને ઘણો જ લાભ થશે, તે'મ જ મ્હારી પણ સમાજમાં કાંઇંક પ્રતિષ્ઠા વધશે ચેલાઓનુ મંડલ રાખ્યા સિવાય ગુરૂમહાત્માની પ્રતિષ્ઠા સમાજમા પડતી નથી. વળી મ્હારા સહવાસથી ત્હું નવા નવા રવાઓ તથ યુક્તિઓ શીખી જઇશ તથા હું ત્હને વિજ્ઞાન પણ શીખવાડીશ."

મોહિતે આતુરતાથી પ્રશ્ન કર્યો —" આપ વિજ્ઞાન પણ શીખ્યા છો કે?"

સંન્યાસીએ પ્રત્યુત્તરમાં કહ્યું —" અરે વિજ્ઞાનશાસ્ત્રમા તો આ પૃથિવીમાં મ્હારી બરોબરી કરે હેવુ કોઈ ભાગ્યે જ હશે કોઇના સંબંધમાં આપણે ત્હેને બે ચાર વાત કહીએ અને ઇશ્વરના યા તો આપણા ધર્મના યા તો પછી વિજ્ઞાનના પ્રતાપે એ સત્ય ઠરી તો

પછી જુઓ માનની ખૂબી ! હેવુ બનવા પામ્યુ કે તુરત ડેપ્યુ-ટીઓ, મુન્સફો, આપણુને ગુરૂ તરિકે માને અને આપણી આગળ દોલતનો વરસાદ વરસાવે. મ્હારી પાસે વિજ્ઞાન સંબંધી એક પુસ્તક છે ત્હેમાથી પણ મ્હેં કાંઇક અભ્યાસ કર્યો છે. હું એક જણને ત્ય્હા અતિથિ તરિકે ગયો હતો; ત્હેનો છોકરો કૉલેજમા અભ્યાસ કરતો હતો ત્હેનું એ પુસ્તક હું તફડાવી લાવ્યો છુ. જો ત્હું મ્હારો ચેલો થઇશ, મ્હારી બરોબર સેવાસુશ્રુષા કરીશ તો પછી હું ત્હને એ પુસ્તક શીખવાને આપીશ ત્હને વાચતા લખતાં આવડતું હશે ? ત્હું ક્ય્હાં સુધી ભણ્યો છે ?"

મોહિતે પ્રત્યુત્તર આપ્યો—" બહુ ભણ્યો નથી. "

સંન્યાસીએ અલ્પ સમય સુધી વિચાર કર્યા પછી કહ્યું—" કાંઈ ફિકર નહિં, જો ત્હને નહિં સ્હમજાય યા તો ત્હારાથી નહિં વાંચી શકાય તો હુ ત્હને મ્હોડેથી જ શીખવાડી દેઇશ. "

આ પ્રમાણે વાતચીત કરતા કરતા ઉભય મંદિર આગળ આવી પહોચ્યા આ મદિરની અદર એક બાજુએ ધર્મશાલા આવેલી છે. મંદિરમાં પ્રવેશ કરતાંની સાથે જ મોહિતે ધર્મશાલાના ઓટલા ઉપર ત્રણ સન્યાસીઓને બેઠેલા જોયા. તે ત્રણ પૈકીનો એક ઘણો જ હૃષ્ટપુષ્ટ અને લાલચોળ બની ગયેલો હતો એક ન્હાનો બાલ-સન્યાસી બેઠો બેઠો ગાંજો તૈયાર કરતો હતો, તથા ત્રીજો યુવક-સંન્યાસી એક મ્હોટુ કુંદકુ લેઈ ભાગને ઘુંટવાના કાર્યમા પ્રવૃત્ત હતો. મોહિત તથા ક્ષેમાનંદને જોતાં જ ઉપરોક્ત હૃષ્ટપુષ્ટ સંન્યાસી ગંભીર સ્વરે બોલી ઉઠ્યો.—"બીજા બે સાધુ મહાત્માઓ પધારે છે. ત્હેમાં બીજી વધેલી ભાંગને પણ નાંખી દે." આમ કહી રહ્યા પછી

મ્હોટે સ્વરે હાંક મારતાં કહ્યું.–" પૂજારીજી ! ઓ પૂજારીજી ! "

અવાજ સાંભળી એક કૃશાંગ ભટ્ટે આવી પૂછ્યું:–" શું હુકમ છે સ્વામીજી ? "

સ્વામીજીએ કહ્યું –" બીજા બે સાધુજન પધાર્યા છે, માટે મેવો, દુધ, સાકર વિગેરે પદાર્થો મંગાવી આપો. "

" જેવી આજ્ઞા. " કહી પૂજારી ચાલ્યો ગયો.

એટલામાં જ મોહિત તેમ જ ક્ષેમાનંદ ત્હાં આગળ આવી પહોંચ્યા. સ્વામીજીએ કહ્યું –" બેસો. "

ઉભય ત્હાં જ આગળ બેઠા, ત્હાર પછી સ્વામીજીએ મોહિતને બરોબર નિહાળી આગન્તુક સન્યાસીને પ્રશ્ન કર્યો.–" કેમ ભારતીજી ! આ ત્હમારો કોઈ નવો ચેલો છે કે ? "

ક્ષેમાનંદે ઉત્તર આપ્યો.–" હા–ના–હજુ સુધી હેને ચેલો બનાવ્યો નથી, કિંતુ મ્હારો ચેલો બનવાને માટે તે ઘણો જ જીજ્ઞાસુ છે."

સ્વામીજીએ કહ્યું.–" ઘણું સારું, હેના જે'વી આનંદની બીજી શું વાત હોઇ શકે ? જુઓને ! મ્હારે પણ બે ચેલા છે; એક ભાગ ઘુટે છે ત્હારે બીજો ગાંજો તૈયાર કરે છે. " સ્વામીજી આટલુ બોલી રહ્યા કે તુરત જે ખાસ ચેલો હતો ત્હેણે ગાંજાની ચલમ લાવી ત્હેના હાથમાં આપી. અગ્નિનો સંયોગ કરી કે'ટલાક દમ માર્યા પછી ત્હેમણે ચલમને ક્ષેમાનંદને આપી; ક્ષેમાનંદે સંતોષ મેળવ્યા પછી બીજા સંન્યાસીને આપી. આ બીજા સન્યાસીએ બે દમ મારી મોહિતને ચલમ આપવા હાથ લબાવ્યો. આ સમયે સ્વામીજી બોલી ઉઠયા.–" કેમ રે, ત્હું પણ ગાંજો પીએ છે કે શું ? "

મોહિતે કહ્યું:—" ના. "

"બહુ સારૂં, બહુ સારૂં, પીશ નહિં. ગાંજો પીશ નહિ, તું ગાંજો પીશ તો દીવાનો બની જઈશ–મરી જઈશ. ભાગ પી–ગાંજો પીતો નહિં. ભાંગ સારી છે. જો ભાંગની સ્તુતી તો સર્વત્ર છે, સાંભળઃ–

परभाते एक लोटा दोपेरे थोडी तो सही ।
दिनाते नशा कायक पिवे भग यदा तदा ॥१॥

હેનો અર્થ હેવો થાય છે કે સ્હવારે નિદાન એક લોટો, તથા દ્વિપ્રહરે થોડી અવશ્ય, સંધ્યાકાળે નીશા જે'ટલી જ્યહા ત્યહાં ભાંગ પીને જ કરવુ"

મોહિતને આશ્ચર્ય લાગ્યુ ! ત્હેને આ ચાલતા રગ ઢંગ તરફ કંટાળો છુટયો, કિંતુ સમયને જાણી લેઈ પોતાના મનનો ભાવ નહિં જણાવા દેતાં તે નિરવે બેસી રહ્યો

ઉપરાક્ત ભાગનો શ્લોક સાંભળી ક્ષેમાનંદને પણ તાન છૂટયુ. ત્હેમણે એકદમ મ્હોટે સ્વરે કહ્યુ—"ઓહો ! હેમાં તે શુ બહુ મ્હોટી કહી ! જુઓ સાભળો —

दरशन भग देवीणाम सर्व पाप विनाशनं ।
सपर्सन लभते पुन्यं यानं मुक्ति दायक ॥

એટલે કે, ભાગભવાનીના ફક્ત દર્શન માત્રથી જ સર્વ પાપોનો નાશ થાય છે, ત્હેને ફક્ત હાથ અડકાડતા જ પુણ્યનો સંચાર થાય છે, તથા પ્યાલાથી મોક્ષ મળે છે. કહો જોઉ કો'નો મંત્ર ઉત્તમ?"

મોહિત સિવાય સર્વે સન્યાસી હસવા લાગ્યા

બીજી તરફથી અલ્પ સમયમા જ ભાંગ તૈયાર થઈ. દરેકે ભાગને ખૂબ વ્હડાવી. ભાંગના પાત્રને મ્હોએ અડકાડતાં સ્વામીજીએ પ્રશ્ન કર્યો.—"કયેમ રે ! તું ભાંગ પણ પીતો નથી કે શુ?"

મોહિતે પ્રત્યુત્તર આપ્યો કે પોતે ભાંગ પીતો નથી.

"ભાંગ પીતો નથી તો સાંભળ, બીજું પણ એક કવિત સાંભળ.
જિસને ઇસ દુનિયામેં આકર, એક દિનભિ પિયે ન ભાંગ,
ઉસને સચ પૂછો તો, ક્યા દેખા ઇસ જહાનકા રંગ.
સ્હમજ્યો ? નહિ સ્હમજ્યો ? જેણે આ દુનિયામાં આવીને એટલે કે જન્મ લેઇને એક દિવસે પણ ભાંગ પીધી નહિં ત્હેણે સત્ય જોવા જઇએ તો આ સંસારના રંગ ઢંગ—આ દુનિયાની મોજમજાઓને શું ભોગવી ?" આમ કહી સ્વામીજી 'હા—હા—' કરતા મ્હોટેથી હસવા લાગ્યા.

બીજા સંન્યાસીઓ હસતાં હસતાં સમસ્વરે બોલી ઉઠ્યાઃ—"કાંઈ ભોગવ્યું નહિ. કાંઈ જ નહિ."

ક્ષેમાનંદ ભારતી બોલી ઉઠ્યાઃ—વાહવાહ ! ઘણી જ સારી કવિતા છે ! ઘણી જ સારી કવિતા છે !!"

ધીમે ધીમે મંદિરમાં આરતિનો સમય થયો. એકે એકે ગ્રામવાસી સ્ત્રી પુરૂષો આરતિનાં દર્શન કરવાને માટે એકઠાં થવા લાગ્યાં. સોનાની ફ્રેમવાળાં ચશ્માં પહેરેલો એક ગૃહસ્થ ખભે શાલ ઓઢીને આવી પહોંચ્યો, તથા આરતિને થોડો સમય હોવાથી તે સંન્યાસીઓ પાસે આવીને બેઠો.

સ્વામીજી ભાંગના ચાર ગ્લાસ ચ્હડાવી ચુક્યા હતા તથા પાંચમા ગ્લાસમાંથી કેટલોક અંશ પોતે પી, બાકીનો બાલક ચેલાને પ્રદાન કર્યો. બાલક સંન્યાસીએ પણ એકજ ઘુંટડે બાકીનો ભાગ પોતાના પેટમાં પધરાવી દીધો. ત્યાર પછી સ્વામીજીએ કહ્યુંઃ—"અરે બચ્ચા ! હવે તો કાંઈક ભજન સંભળાવ. આ બાદશો

તથા માતાઓ આવે છે ત્હેમના કાન પણ ઇશ્વર ભજનના શ્રવણુથી પવિત્ર થઈ જઇ ત્હેમનાં પાપો દૂર થશે. હે હરિ ! હે પ્રભુ ! દીન-દયાળ ! !" આ પ્રમાણે કહેતા સ્વામીજી પોતાની ભક્તાઇ દર્શાવવા લાગ્યા.

સ્વામીજીની આજ્ઞા થતાં જ બાલક સંન્યાસી ઉભો થઇ નાચતો નાચતો ગાવા લાગ્યોઃ—

" રામ નામ લાડવા, ગોપાલ નામ ઘી;
હરિ નામ મિસરી, ઘોળી ઘોળી પી. "

શ્રોતાઓની અંદર જે એક વિધવા હતી ત્હેના તરફ અનિમિષ નયને જોઇ રહી. સ્વામીજીએ પ્રશ્ન કર્યો—" કેમ મંદાકિની મૈયા ! સ્હમજ પડે છે કે ? "

વિધવાએ હસીને ઉત્તર આપ્યો —" હા પ્રભુ ! રામ નામ—હરિ નામ મિસરીના કરતાં પણ વધારે મીઠુ—શ્રેષ્ઠ છે. "

" હા—ઘણું જ મીઠું—ઘણું જ મીઠું. એક સાધુએ કહ્યું છે કે,—

ભરોંસા દેહકા મત્ રાખો,
અમિ—રસ નામકા ચાખો.

સ્હમજો છો કે માજી ? આ જે માણસનો દેહ છે, ત્હેનો કાંઈ પણ ભરોંસો નથી—કાંઈ પણ નથી. વળી પણ કહ્યુ છે કે,—

" શ્વાસે શ્વાસે કૃષ્ણ રટ, શ્વાસ વૃથા નહિં ખો;
નહિ જાણો કે શ્વાસની, છેલ્લી પલ આ હો. "

બરોબર આ જ સમયે આરતિનો ઘટ થયો દર્શન કરવા આવેલાં મનુષ્યોએ સ્વામીજીને પ્રણામ કરી કોઇએ પાવલી, કોઇએ બેઆની તો કોઇએ પૈસો પણ ત્હેના પદપ્રાન્તમાં મૂકયો. ઉપરોક્ત ચશ્માં પહેરેલ ગૃહસ્થે પોતાના ખીસામાંથી એક રૂપિયો કાઢી સ્વા-

બીજીના ચરણો આગળ મૂકયો તથા એ પણ બીજાંઓની માફક આરતિનાં દર્શન કરવા ગયો.

આરતિ પૂર્ણ થઇ, પૂજારીજીએ આવી સંન્યાસીઓને દૂધપાક તથા માલપુડા પીરસ્યા. મોહિત આહાર ઉપર તો બેઠો, કિંતુ ત્હેનું મસ્તિષ્ક ભમી જવા લાગ્યુ. આ અન્ય લુચ્ચા સંન્યાસીઓની માફક પોતે પણ લુચ્ચાના વેશે જ ભોજન કરવા અહિ આવ્યો છે એમ ત્હેને લાગ્યુ—હાવો વિચાર આવવાથી ત્હેનું હૃદય લજ્જા તેમ જ ક્ષોભથી સંકુચિત થઇ ગયુ, કિંતુ શુ કરે ? ત્હેનો ઉપાય ન્હોતો. ક્ષુધાને લીધે ત્હેની નાડી બળી જતી હતી. અંધારામા આવેલા એક ખુણામા બેસી, આખ્યોમાંથી બ્હાર સરી પડવાને આતુર થઇ ગયેલાં આંસુઓને મહા પ્રયત્ને રોકી રાખી, ત્હેણે જેવો તેવો આહાર કર્યો.

* * * *

ધર્મશાલાના દ્વાર બંધ થઇ ગયા છે, પૂજારી વિગેરે સર્વ પોતપોતાને સ્થાનકે ચાલ્યા ગયા છે. ફક્ત સઘળા સંન્યાસી બેઠા હતા ત્હેમાંના સ્વામીજીએ પૂછયુઃ–" પ્રણામીમાં આજે શુ થયું ? "

યુવક ચેલાએ કહ્યુ —" બે રૂપિયા થયા છે. "

એક સંન્યાસીએ કહ્યુ —" મ્હને ભાગ આપવો પડશે "

આ કથા સાંભળી સ્વામીજીએ પૂછયુ.—"કયેમ ? ભાગ શાનો?"

" પેલો ચશ્માવાળો જે ગૃહસ્થ પ્રણામી આપી ગયો છે તે સર્વે સન્યાસીને માટે આપી ગયો છે; એકલા ત્હમનેજ આપી ગયો નથી!"

સ્વામીજીએ કહ્યુઃ—" કયેમ ? ત્હેણે પ્રણામ મ્હને કર્યા છે; વળી તે મ્હારા ચરણો આગળ રૂપિયો કયેમ મૂકી ગયો ? મ્હારા ચેલાએ જ નાચીને ભજન ગાયુ છે ! મ્હેં ત્હેને ખુશી કર્યો ત્હારે

જ ત્હેણે રૂપિયો મ્હારી આગળ મૂક્યો ! ત્હમે શું કર્યું છે તે ભાગ માગો છો ? શરમ નથી આવતી ?"

બીજા બે સંન્યાસીઓ બોલી ઉઠયાઃ—" હમે પણ આ જ સ્થળે બેઠા હતા. શું હમે અહિં ઘાસ કાપવાને આવ્યા છીએ ? ત્હમને પણ શરમ નથી આવતી ?"

ટંટો વધી પડયો, ધીમે ધીમે ગાળાગાળી પણ શરૂ થઇ. સ્વામીજીએ હેવા ખરાબ શબ્દો વાપરવા માંડયા કે જે સાંભળતાં કાનમાં આંગળીઓ ઘાલવી પડે. છેવટે ભાગ ઘુંટવાનું ગોળું કુંદકુ લેઈ સ્વામીજીએ મ્હોટે અવાજે કહ્યું—" આવો આવો—ત્યો હું ત્હમોને ભાગ આપુ ! બન્ને ચેલાઓ પણ ગુરૂની સાહાય્યમાં તૈયાર થયા. ઉભય સંન્યાસીઓ પોતાને નિરાધાર જાણી ત્યહાંથી ચાલ્યા ગયા.

મોહિત નીરવે આ દેખાવ જોઈ રહ્યો હતો. ગુસ્સાની આગથી ત્હેનું સર્વાંગ સળગી ઉઠયું. હાવા લુચ્ચાઓની સાથે એક રાત પણ કાઢવી પડશે આ વિચારથી ત્હેને ઘણું દુઃખ થવા લાગ્યું. છેવટે આત્માના ધિક્કારને માન આપી તે પોતાની ઝોળી ખભે ભેરવી હાથમા મૃગચર્મ લેઈ ત્યહાંથી બ્હાર ચાલ્યો ગયો.

ચતુર્દશ પરિચ્છેદ.

આત્માનું અસ્તિત્વ.

રાધાગોવિન્દજીના મંદિરમાંથી બ્હાર નીકળી પડી મોહિત મનના આવેગને લેઈ ઘણી જ ત્વરાથી ચાલવા લાગ્યો, સ્વચ્છ

જ્યોત્સ્ના આકાશપટ પર પ્રકાશી નીકળી હતી, રસ્તે કોઇનો પણ અવર જવર ન્હોતો; જગત્ નિદ્રાની સોડમાં નિરાંતે સુતું હતું.

દશ મિનિટ સુધી ત્વરાથી ચાલ્યા પછી મોહિતનું મન કાંઇક અંશે શાન્ત થયું. મન શાન્ત થતાંની સાથે જ પાછા વિચારોએ આવી ત્હેના મનને અસ્થિર કરી મૂક્યું. મોહિત વિચારવા લાગ્યોઃ—

"હાવી રાત્રે હું ક્યહાં જઇશ ? જો કોઇ પણ ગૃહસ્થની આગળ જઇ ફક્ત એક રાત્રિ શયન કરવા દેવાની પ્રાર્થના કરૂં, તો તે મ્હને ચોર ગણી મ્હારૂં અપમાન કરે. સાધુ સંન્યાસીની હમણાંની રીતિ-નીતિ જોતાં ગૃહસ્થો આ પ્રમાણે સંશય લાવે હેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી."

આ પ્રમાણે વિચાર કરતો કરતો મોહિત આગળ જવા લાગ્યો. કોઈ કોઇ વખત કોઇ કૂતરાનો ભસવાનો અવાજ ત્હેના કાન ઉપર પડતો હતો. થોડેક દૂર ગયા પછી મોહિતે જોયું કે એક મ્હોટા મેદાનમા કેટલાક બંગલાઓ થોડે દૂર બાંધેલા છે, જેના ઓટલા ઉપર કોઇ મનુષ્ય જણાતું નથી. આ બંગલાઓથી થોડે જ, દૂર એક વડનુ વૃક્ષ ત્હેણે જોયું. તરત જ ત્હેને માલૂમ પડયું કે, દિવસે જે સ્થલે બજાર ભરાયું હતું તે સ્થલે તે પોતે આવી ચ્હડયો છે. કોઇના ઓટલા ઉપર શયન કરવાનું પણ ત્હેણે ઉચિત ધાર્યું નહિં. વટવૃક્ષ નીચે શયન કરતા સર્પાદિનો ભય રહેવા લાગ્યા; આથી કરીને મોહિતે આ સ્થાનનો ત્યાગ કરી આગળ ચાલવા માંડયું.

તે થોડે દૂર આગળ ગયો કે પુનઃ એક વિશાળ બંગલો ત્હેની નજરે પડયો. આ બંગલાની નીચે આવેલા ઓટલા ઉપર

જ્યોત્સ્નાનો શુભ્ર પ્રકાશ પડતો હતો. ઓટલો ચારે બાજુએ ફરતો હતો. મોહિતે ઉપાયાંતર નહિં જોવાથી આ ઓટલા ઉપર શયન કરવાનો નિશ્ચય કર્યો; હ્હેણે વિચાર્યું કે આ જે'નો બંગલો છે હ્હેને પૂછીને શયન કરવું એ જ વધારે ઉત્તમ છે, તે'થી બંગલા આગળ જઈ ઉચ્ચકંઠે પ્રશ્ન કર્યો —" કોઈ છે કે ?"

કાંઈ ઉત્તર મળ્યો નહિ.

મોહિતે પુનઃ વિશેષ ઉચ્ચકંઠે એજ પ્રશ્ન કર્યો, કિંતુ કાંઈ પણ ઉત્તર મળ્યો નહિં. મોહિતે વિચાર્યુ કે આ બંગલો જનહીન તો નહિં હોય! આમ વિચારી તે બંગલાની આસપાસ આવેલા ઓટલા ઉપર થઈ પાછલા ભાગમાં ગયો તો ત્હ્યાં આગળ નીચે જ એક બારી ઉઘાડી જણાઈ, તથા દીપકનો મંદ પ્રકાશ બ્હાર આવતો માલૂમ પડયો. મોહિતે બારીમાથી અંદર દૃષ્ટિ કરી જોયુ તો એક ચટાઇની ઉપર એક ત્રીસેક વર્ષની ઉમરના યુવકને મુદ્રિત નેત્રે હાથ જોડી બેઠેલો જોયો. મોહિતે વિચાર્યું કે એ એકાગ્રતાથી ઉપાસના કરે છે. હ્હેણે હ્હેને પુન બોલાવ્યો નહિ તે થોડા સમય સુધી શાત રીત્યે બેસી રહ્યો. તે મનુષ્ય હમણા પ્રાર્થના કરી રહેશે હમણા પ્રાર્થના કરી રહેશે હેવી આશાથી મોહિત બેસી રહ્યો, કિંતુ જ્હ્યારે ઘણો સમય વીતિ ગયો ત્હ્યારે હ્હેનાથી સ્થિરતા ધારણ કરી શકાઈ નહિ. તે ધીમે ધીમે ગૃહના આગલા દ્વાર આગળ આવ્યો તો દ્વાર અંદરથી બંધ જ હતું. હ્હેને અતિશય થાક લાગેલો હોવાથી ઝોળીને ઓટલા ઉપર મૂકી ત્હ્યા બેસવાનો હ્હેણે વિચાર કર્યો; જે'વી મોહિત ખભેથી ઝોળી ઉતારી હ્હેને ઓટલા ઉપર મૂકી બેસવા જતો હતો હેવામાં અંદરથી અવાજ આવ્યો,–" કો'ણ છે ?"

મોહિતે પુનઃ ઉભા થઈ ઉત્તર આપ્યો —" સંન્યાસી."

'સંન્યાસી' ઉત્તર શ્રવણે પડતાં જ અંદરનો ગૃહસ્થ દ્વાર ઉઘાડી બ્હાર આવ્યો તથા પૂછયું -" આપ સન્યાસી છો ? પધારો, અંદર પધારો!"

મોહિતે કહ્યું:-" મ્હને અંદર આવવાની કાંઈ આવશ્યક્તા નથી. મ્હેં આપને વિરક્ત કર્યા તે માટે ક્ષમા કરશો આપના આ ઓટલા ઉપર આજની રાત્રિ શયન કરવા દેવાને માટે આપની અનુમતિ માગવા હુ આવ્યો છું "

ગૃહસ્થે કહ્યુ -" શયન કરવું છે ? ઓટલા ઉપર શા માટે શયન કરવાનું ઈચ્છો છો ? ઠંડીથી આપને કષ્ટ થશે. આ મ્હારા ઘરમાં આવીને જ આપ જો કાંઈ હરકત ન હોય તો શયન કરો ને ?"

મોહિતે કહ્યુ -" ના, આપને અડચણ કરવાની કાંઈ જરૂર નથી. ઓટલા ઉપર હું સુખેથી શયન કરીશ મ્હને કષ્ટ થશે નહિં."

" કિંતુ એમ કયેમ બને ? હું ઘરમા શયન કરૂં અને આપ ઓટલા ઉપર પડયા રહો એ સારૂ કહેવાય કે ? પધારો, પધારો; મ્હને કોઇ પણ પ્રકારની અડચણ થનાર નથી, ગૃહ વિશાલ છે."

છેવટે મોહિતે ગૃહસ્થની પાછળ ગૃહમા પ્રવેશ કર્યો. જે ઓરડામાં ઉભયે પ્રવેશ કર્યો તે ઓરડો મોહિતને ઘણો જ સુંદર લાગ્યો. એક બાજુએ એક પલંગ ઉપર બિછાનું બિછાવેલું તૈયાર હતું. થોડે દૂર એક બેંચ ઉપર એક સ્ટીલ ટ્રંક તથા ત્હેની પાસે જ એક ચંબુ પડયાં હતાં બીજી બાજુએ એક ખુણામા એક કીટલી, પ્યાલા, રકાબીઓ વિગેરે ચ્હાનો સામાન પડયા હતો. ઓરડાની વચ્ચે

એક ટેબલ ઉપર હેરિકન લેમ્પ બળતો હતો. ટેબલની સ્હામે જ એક ન્હાના કાચના કબાટમાં કેટલાંક પુસ્તકો ગોઠવેલા હતાં. ટેબલની આસપાસ ચારેક મેતરની ભરેલી ખુરસીઓ પડી હતી. ઉભયે ઓરડામાં આવી ખુરસીઓ ઉપર સ્થાન લીધું; મોહિતે ખુરસી ઉપર બેઠા પછી કહ્યું—"આપ ઉપાસનામાં હતા ને મ્હેં આવી હેમાં વ્યાઘાત કર્યો એ માટે મ્હને ઘણી લાગણી થાય છે."

ગૃહસ્થે કહ્યું—"શું મ્હારી ઉપાસના? ગૃહી પુરૂષનું મન શું સ્થિર હોય છે કે? એકાંત સ્થળે બેસીને એક રીતે ભગવાનને બોલાવવાનો યત્ન કરવો એટલું જ; આપ પધાર્યા એ મ્હારૂં સૌભાગ્ય; એ તો ઠીક, કિંતુ જો આપ અનુમતિ આપો તો આપને એક પ્રશ્ન કરવાનો વિચાર છે."

"ઘણી જ ખુશીથી જે પૂછવું હોય તે સંકોચ રાખ્યા સિવાય બેલાશક પૂછો"

ગૃહસ્થે ગંભીર સ્વરે કહ્યું—"મનુષ્યનું મૃત્યુ થતાં—આત્મા કહો,—યા ગમે તે કહો, ત્હેનું સ્વતંત્ર અસ્તિત્વ રહે છે ખરૂં કે?"

મોહિતે કહ્યુ—"હિંદુશાસ્ત્રો ઉપર શ્રદ્ધા રાખીએ—"

ગૃહસ્થે મોહિતને બોલતો અટકાવી કહ્યુ—"એ સર્વ હું જાણું છુ હું આપને એ પૂછતો નથી. શાસ્ત્ર બાસ્ત્રને છોડી દેઇ આપનો પોતાનો શું મત છે તે જ મ્હને જણાવોને."

મોહિતે કહ્યું—"મ્હારો પોતાનો તો હેવો મત છે, કે મનુષ્ય મરી ગયા પછી ત્હેનું સ્વતંત્ર અસ્તિત્વ રહે છે.

ગૃહસ્થ એક મિનિટ સુધી નીરવે બેસી રહ્યો, પછી ત્હેણે કહ્યું:—"સ્વતંત્ર અસ્તિત્વ રહેછે જ, હેવી દૃઢ ખાત્રી છે? જુઓ

મહારાજ ! હવે હું આપને ફક્ત એક જ બાબતનો પ્રશ્ન પૂછવા માગું છું તે આપ કૃપાભાવે મ્હારી કથા પ્રતિ દુર્લક્ષ્ય કરશો નહિં. હું આપની પરીક્ષા કરવા માટે કે હેવા જ કોઇ અન્ય કારણને લેઈ આપને આ પ્રશ્નો પૂછતો નથી, કિંતુ એક આંતરિક કારણને લેઇ મ્હારો આત્મા ઘણો વ્યાકુલ રહે છે. આપ કહો છો કે મૃત્યુ પછી મનુષ્યનુ સ્વતંત્ર અસ્તિત્વ રહે છે, ત્હમારૂં આ કથન ત્હમે કયા હેતુથી સત્ય માનો છો ? "

મોહિતે કહ્યુઃ—" મ્હને ખાત્રી છે કે a priori હેતુ ઉપર જ પ્રતિષ્ઠિત છે—"

મોહિતને બોલતો અટકાવી તે ગૃહસ્થે કહ્યુ.—" આપ ઈંગ્રેજી જાણો છો ? "

" હા. "

" પાશ્ચાત્ય દર્શનનો આપે કાંઇ અભ્યાસ કર્યો છે ? "

" હા, સાધારણ. "

" ઠીક, ત્હારે તો છેવટે આપણો મત એક જ પ્રકારનો નીવડશે; વારૂં કહો ત્હમે વિશેષ શું કહેવા માગો છો ? "

મોહિત કહેવા લાગ્યોઃ—" મ્હને ખાત્રી છે કે પ્રથમતઃ ઇશ્વર સૃષ્ટિકર્ત્તા છે, અને દ્વિતીયતઃ ત્હેની સૃષ્ટિનો અભિપ્રાય મંગલમય છે. જે માનુષની ત્હેણે સૃષ્ટિ કરી છે, તે માનુષને એકે એકે તે સોપાનો ઉપર ચ્હડાવે છે. જુઓ કે એક જ વિદ્યાલયમાં જૂદા જૂદા વર્ગો છે, તે જ પ્રમાણે મનુષ્ય જાતના પણ વર્ગો છે. મનુષ્ય આ સંસારમાં જન્મ લે છે તે પણ એક પ્રકારના વર્ગમાં દાખલ થયો જ કહી શકાય. એક જ જન્મમાં મનુષ્ય શું પોતાની ઉન્નતિ કરી શકે છે !

મૃત્યુની સાથે જો કે સર્વ શેષ થઇ જાય છે તો પણ મનુષ્યનો આત્મા નાશ પામતો નથી. વળી તે સંબંધી આપણા સર્વશ્રેષ્ઠ ધર્મ પુસ્તક શ્રી ગીતાજીમા કહ્યુ છે કે;–

वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि नवानि देही ॥

વળી વધાગમાં પણ કહ્યુ છે;—

नैन छिंदंति शस्त्राणि, नैनं दहति पावक ।
न चैन क्लेदयंत्यापो, न शोषयति मारुतः ॥

આ સર્વ સુત્રો ઉપરથી મ્હારો તો દૃઢ વિશ્વાસ છે કે આત્મા એ નિત્ય છે એ આત્મા મનુષ્યના દેહમાં વાસ કરે છે તથા જ્હારે દેહનો નાશ થાય છે ત્યહારે તે પુનઃ નવા માનવ દેહમાં વાસ કરે છે. ગત જન્મમા આપણે જે સ્થળેથી અટકયા હોઇએ છીએ તે જ સ્થળેથી આપણે પુન આગળ પ્રયાણ કરીએ છીએ ''

ગૃહસ્થે કહ્યુ —'' એક સમયે હુ પણ ત્હમારી માફક જ વિચારતો હતો. વારૂં, મ્હારી એક વાતનો ઉત્તર કૃપા કરી આપો. વૃક્ષોને આત્મા છે કે કયેમ ? વૃક્ષના મૃત્યુ પછી ત્હેનું સ્વતંત્ર અસ્તિત્વ કે જે'ને આપણે આત્મા કહીએ છીએ તે કાયમ રહી તે નુતનરૂપમા વાસ કરે છે કે કયેમ ? ''

મોહિતે કહ્યુ.—'' વૃક્ષોનું સ્વતત્ર અસ્તિત્વ ત્હેનો નાશ થયા પછી હોઇ શકતુ નથી. ''

'' જો એમ હોય તો પછી વૃક્ષાદિ પેદા કરવામાં ઇશ્વરનો કાંઈ પણ ઉદ્દેશ્ય હોવો જોઇએ નહિં. ''

"એમ કયેમ ? વૃક્ષ મરી જાય છે, પણ ત્હેના ફલના બીજમાંથી જે સેંકડો વંશધરો જન્મ ગ્રહણ કરે છે તેજ ઇશ્વરના ઉદ્દેશ્યને સ્પષ્ટ રીત્યે સૂચવે છે. વારૂં એ તો ઠીક કિંતુ મૃત્યુની પછી મનુષ્યનું સ્વતંત્ર અસ્તિત્વ રહી શકે છે એ આપ શુ આધારથી માનો છો તે કૃપા કરીને કહી શકશો ?"

ગૃહસ્થે ધીમે ધીમે કહ્યુ, "શા માટે નહિં ? જુઓ ન્હાની ઉંમરમાં હુ ધર્મચુસ્ત હિંદુ હતો, જ્યારે હુ કૉલેજમા પ્રથમ દાખલ થયો ત્યારે મ્હારી કલાસના એક વિદ્યાર્થીએ મ્હને કહ્યુ-" ગંગા બીજી બધી નદીઓના જેવીજ નદી છે. ત્હેમા કાંઇ વિશેષ પવિત્રતા નથી. એક માસ સુધી તો મ્હેં ત્હેના આ કથનથી ત્હેની અત્યંત મશ્કરી કરી હતી. ત્યાર પછી જ્યારે હુ બી. એ કલાસમાં અધ્યયન કરવા લાગ્યો ત્યારે ધીમે ધીમે મ્હને એમ લાગવા માંડયુ કે, આ કાલી, મહાકાલી, દુર્ગા તથા અન્ય દેવાદિ રૂષિમુનિયોની કપોલકલ્પના તો નહિં હોય ? જેમ જેમ આ વિષય ઉપર હુ વિશેષ વિચાર કરવા માગ્યો તેમ તેમ મ્હારો સંશય પણ વધવા લાગ્યો. એક દિવસે હમારા કૉલેજીયનોએ મિજબાની ઠરાવી હતી. મ્હારા મીત્રોએ લુચ્ચાઇ કરી સાધારણ બરફી કહી મ્હને સિદ્ધિ (ભાગ) ની બરફી ખવડાવી દીધી. ધીમે ધીમે મ્હારૂં મસ્તિષ્ક નીશાના જોરથી ભમવા લાગ્યુ. નીશાની અંદર મ્હે કેટલાક હેવા દેખાવો મ્હારી દૃષ્ટિ સમિપ દીઠા છે કે ત્હેનું હુ તહમને અત્યારે શુ વર્ણન કરી શકું ? બીજે દિવસે સ્વસ્થ થયા પછી મ્હેં વિચાર્યુ કે, હિંદુપુરાણમાં આ જે તેત્રીસ ક્રોડ દેવતા છે એ બધુ ઋષિ-મુનિયોનુ ગપાષ્ટક જ છે-સ્વપ્ન છે એમ. એ. કલાસમા હર્બર્ટ સ્પેન્સર શીખતાં શીખતા હુ એક ભયંકર

અજ્ઞેયવાદી થઈ ગયો. એમ. એ. માં પાસ થયા પછી હું હેડમાસ્તરની નોકરીમા જોડાયો—જે'મ જે'મ મ્હેં પાશ્ચાત્ય ધર્મ સંબંધીનાં પુસ્તકો વાંચ્યા તે'મ તે'મ હુ ઘણો જ સંશયવાદી થતો ચાલ્યો; આવી સ્થિતિમાં કે'ટલાંક વર્ષો પસાર થઇ ગયાં; ત્યહાર પછી— ”

અંદરના કોઇ એક ઓરડામાના ઘડીઆળમાં બાર ટકોરા થયા. ગૃહસ્થે નીરવ ઘડીઆળના ટકોરા સાભળ્યા; ત્યહાર પછી ત્હેણે પૂર્વના કરતાં પણ વિશેષ કોમલ કંઠે કહ્યું:—“ પછી મ્હારી સ્ત્રીનુ મૃત્યુ થયુ. મ્હારા ઉપર થયેલા એ સખ્ત આઘાતથી હું કે'ટલાક સમય સુધીને માટે તો છેક જ દીવાના જે'વો બની ગયો. છ મહિના સુધી મ્હારૂં મન તથા આત્મા ઉભય અસ્થિર રહ્યાં, તો પણ મ્હારા આત્માને વિસ્મૃતિરૂપી શાંતિ મળી નહિં. એક જગ્યાએ બેસી રહેવાનુ પણ ગમતું નહિં હોવાથી હુ જ્યહાં ફાવે ત્યહાં જવા આવવા લાગ્યો. મ્હારી ઉપર ઇન્સ્પેકટર સાહેબની સંપૂર્ણ કૃપા હતી. ત્હેમણે મ્હારી હાવી અસ્થિર અવસ્થા જોઈ મ્હને ડેપ્યુટી ઈન્સ્પેકટરની નોકરી આપી હુ વિભાગમાં આવેલી સર્વ પાઠશાળાઓનુ પરિદર્શન કરતો કરતો ફરવા લાગ્યો. અહિંની સ્કૂલ તપાસવાને હુ આજ સ્હવારનો આવ્યો છુ. કાલ્યે સ્હવારે અહિંથી બીજે ગામ જઈશ વાતમા ને વાતમાં આપણે આપણો મૂળ મુદ્દો ચૂકી ગયા છીએ. મ્હારી સ્ત્રીના મૃત્યુ પછી મ્હારા મનમાં એમ થવા લાગ્યુ કે મૃત્યુ પછી પણ મનુષ્યનું સર્વ શેષ થતુ જ નથી, એમ અનેક જણનુ કહેવુ છે, સાક્ષાત્ ભગવાને પણ એ પ્રમાણે જણાવ્યુ છે તો પછી શું હુ મ્હારી પત્નીના પુનઃ દર્શન કરી શકીશ નહિં ? નિશ્ચય કરી શકીશ. પછી મ્હારો એમ નિશ્ચય થઈ ગયો કે મ્હારી

પત્ની આત્મારૂપિણી થઇ કોઈ સ્થળે છે જ. મ્હારો આત્મા આ દેહનો જ્યારે પરિત્યાગ કરશે ત્યારે હમારૂં ઉભયનું પુનઃ પ્રેમમિલન થશે. પરલોકનો વિશ્વાસ બેસવાથી મ્હારી સંશયવૃત્તિ દૂર થઇ છે. ઈશ્વરમાં પણ આસ્થા રહેવા લાગી છે. આસ્થાને લીધે જ હું ભગવાનને પ્રાર્થના કરીને બોલાવું છું; તથા ત્હેને કર જોડી હમેશાં વિનતિ કરૂં છું કેઃ—" હે પ્રભુ ! મ્હારી પ્રેમદાયિની પ્રતિમા ક્ય્હાં છે ? ત્હેને ત્હું સુખમાં રાખ્ય, તથા અંત સમયે મ્હારૂં ને ત્હેનું પુનર્મિલન અવશ્ય કરજે."

આટલી વાતચીત કરી ગૃહસ્થ શાંત રહ્યો. મોહિત આશ્ચર્યથી મુગ્ધ થઈ જઈ ગૃહસ્થની શોક કહાણી સાંભળતો હતો. ત્હેને લાગ્યું કે એ જ્યારે એકાંત પ્રાર્થનામાં નિમગ્ન હતો ત્યારે આવીને મ્હેં ત્હેને વ્યાઘાત કર્યો છે એ ઘણું જ ખોટું કાર્ય કર્યું છે. આ વિચાર ઉપસ્થિત થતાં ત્હેને ઘણો અનુતાપ થયો.

ગૃહસ્થે પાસે જ પડેલા એક કલશમાંથી એક પ્યાલામાં જલ રેડી પાન કર્યું, તથા બીજો એક પ્યાલો ભરી લેઈ બ્હાર જઈ તે મ્હોં ધોઇ આવ્યો. ત્યાર પછી મોહિત પાસે આવી રૂમાલથી મ્હોં સાફ કરતાં કરતાં ત્હેણે કહ્યું.—" મહારાજ! મ્હને ક્ષમા કરજો. આપે આહાર કર્યો છે કે કેમ તે પૂછવાનું તો હુ છેક જ ભૂલી ગયો છું."

મોહિતે સ્મિત કરી કહ્યુંઃ—" આપને વ્યસ્ત થવાનું કાંઈ કારણ નથી. આપને ત્હાં આવી પહોંચતાં પહેલાં મ્હેં આહાર કરેલો છે."

" આપ ઘણા જ શ્રાન્ત જણાઓ છો. હવે પલંગ ઉપર શયન કરશો ? "

"ત્હારે આપ ક્યહાં શયન કરશો ?"

"બિછાનાની નીચે જે શેતરંજી છે તે હું મેજ ઉપર પાથરી ત્હેના ઉપર શયન કરીશ."

મોહિત બોલી ઉઠયો.—"ના, ના, એમ નહિં બને; હું મેજ ઉપર શયન કરીશ, આપ પલંગ ઉપર શયન કરો."

ગૃહસ્થે કહ્યું.—"ના, મેજ ઉપર શયન કરતાં આપને કષ્ટ થશે, આપ જ આ દાસ ઉપર કૃપા કરી પલંગ ઉપર શયન કરો."

મોહિતે દૃઢ સ્વરે કહ્યું—"મ્હને બીલકુલ કષ્ટ થનાર નથી. યોગીઓને કષ્ટની પરવા હોતી જ નથી. યોગીઓના મન તો હેવા જ હોવા જોઈએ કે,—

सुखदु खे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैव पापमवाप्स्यसि ॥

ગૃહસ્થે મોહિતની કથા ઉપર લક્ષ્ય ન આપતાં કહ્યું—"આપ મેજ ઉપર શયન કરો અને હું આ બે બાસ્ટીલોને સાથે રાખી ત્હેના ઉપર બિછાનું પાથરી શયન કરીશ."

મોહિતે ગૃહસ્થનું કહેવું માન્ય કર્યું. ઉભયે બિછાનાં બિછાવી શયન કર્યું; અર્ધી રાત્રે મોહિતે સ્વપ્નમા જોયું કે ચિનિ આવી ત્હેને કરગરીને વિનવે છે કે—"**પ્રભુ ! પધારો !**"

બીજે દિવસે પ્રભાતકાલે ઉઠી પ્રાત કાર્યાદિથી નિવૃત્ત થઇ મોહિત ઈન્સપેકટરના અનુરોધને લીધે ત્હેમની સાથે બળદ ગાડીમાં ખુલના તરફ જવા નીકળ્યો.

પંચદશ પરિચ્છેદ.

પ્રત્યાવર્ત્તન,

લગભગ દોઢ પ્રહર વતિ ગયો છે, ભદ્રેશ્વરથી ફરાસડાગા જવા માટે મોહિત ગંગાનદીના તીરઉપર આવેલે રસ્તે ધીમે ધીમે એકલો ચાલ્યો જાય છે, ધીમે ધીમે જાય છે હેનુ કારણુ એ છે કે હવે ત્હેના દેહમા બિલકુલ સામર્થ્ય રહ્યુ નથી. ત્હેના પગનાં તળીઆંમાં પણુ અતિશય વેદના થાય છે, વળી ગઈ કાલ્યનો તે અનાહાર છે. આજ કાલ્ય કરતા લગભગ બે અઠવાડીઆથી તે ગૃહેથી બ્હાર નીકળ્યો છે, આ બે અઠવાડીઆંમાં જે દિવસે તે ડેપ્યુટી ઈન્સ્પેકટર સાથે રહ્યો હતો તે જ દિવસે ત્હેને નિયમિત ખોરાક મળ્યો હતો. ત્યહાર પછી કોઈ પણુ દિવસે ત્હેને નિયમિત અન્ન મળ્યું નથી; કે'ટલાક દિવસો તો ત્હેણે ફલમૂલનો આહાર કરી કાઢયા છે, કે'ટલાક દિવસ દૂધ તથા થોડા મિષ્ટાન્ન ઉપર કાઢયા છે. જો કદાચિત્ ત્હેણે પોતાનું મ્હો ખોલી લોકોની પાસે ભિક્ષા માગી હોત તો ત્હેને હાવી રીત્યે અન્ન વિના દુઃખ વેઠવુ પડત નહિં, કિંતુ ભિક્ષા માટે યાચના કરવાનો ત્હેને અતિશય તિરસ્કાર છે ત્હેનો કાશી જવાનો વિચાર જાણી ઇન્સ્પેકટરે ત્હેને કાશી સુધીનું રેલ્વે ભાડું આપવા માડેલું, કિંતુ મોહિતે અતિ આગ્રહપૂર્વક એ દાનનો સ્વિકાર કર્યો નહિં. પગે ચાલતો ચાલતો તે આટલે સુધી આવી પહોચ્યો છે. ત્હેના સ્કંધ ઉપર હજુ પણુ ઝોળી ઝુલી રહી છે, બગલમાં કામળનો વીટો દાબેલો છે. ત્હેનાં ગૈરિક વસ્ત્ર અને ઉત્તરીય અત્યહારે ઘણા જ મલિન

થઈ ગયાં છે; મસ્તક ઉપર વધી ગયેલા કેશ ધૂળથી ભરાઈ ગયેલા છે. ચક્ષુઓ ઉપર કાંઈક શ્યામતા પ્રસરી રહી છે.

રસ્તા ઉપર વૃક્ષોની છાયા નીચે થઇ તે આગળ ચાલ્યો જાય છે; પથ ઉપર કવચિત્ જ કોઈ જતું આવતું જણાય છે; અલ્પ સમયને અંતરે કે'ટલાક ખેડૂત લોકો હળ લેઇ ખેતર તરફ જતા જણાય છે. જે'મ જે'મ તાપ વધતો જાય છે તે'મ તે'મ મોહિતની ચાલવાની ગતિ પણ મંદ થતી જાય છે હવે ફરાસડાંગા લગભગ દોઢ ગાઉ રહેલું છે; તે સ્થળે પહોંચ્યા પછી જો કોઈ કાંઈ પણ પૂછયા સિવાય હેને આહાર અર્પણ કરે તોજ તે જમે હેવો પોતાનો નિશ્ચય સાચવી રાખવાનું આજે હેને ઘણું કઠિન લાગે છે ! ચાલતાં ચાલતાં હેનો કંઠ પિપાસાથી સુકાઈ જવા લાગ્યો, તો પણ તે ધીમે ધીમે ચાલવા જ લાગ્યો. આગળ જતા જતાં એક વિશાલ વૃક્ષ હેની નજરે પડયું. મોહિત તે વૃક્ષ નિકટ જઇ હેની છાયા નીચે બેઠો. હેનો પાંચ મિનિટથી વધારે વખત બેસવાનો વિચાર નહિં હોવા છતાં દશ મિનિટ, પંદર મિનિટ થઇ ગઇ તો પણ ત્યહાંથી ઉઠવાની હેની ઈચ્છા થઇ નહિં. બેઠો બેઠો તે વિચારવા લાગ્યો કે-" હમણાં લગભગ અગીઆરેક વાગવાનો સુમાર થવા આવ્યો છે. જો સ્વગૃહે હોત તો આ વખતે દાસી આવીને કહેત કે ' ભાઇ ! ભોજન કરવા માટે ચાલો. ' ભોજન ઉપર જઇને બેઠો હોત તો અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજનો થાળીમાં પીરસેલાં હોત ! " કે'ટલાક સમય સુધી આ પ્રમાણે આકાશકુસુમ વિચાર કરતો તે બેઠો છે હેવામાં હેના કાન ઉપર કાંઈ અવાજ આવ્યો કે.-" હાય અન્ન !-હાય મોહિત!" આ વખતે તે ચમકીને ઉડી ઉભો 'યો. પોતાના મનની દુર્બલતાથી શરમાઇ પોતાના ઉપર વિરક્ત થઈ તે મહા કષ્ટે ધીમે ધીમે આગળ જવા લાગ્યો.

મધ્યાન્હકાલ વીતિ ગયો. ફરાસડાંગા હવે વિશેષ દૂર રહ્યું નથી. અડધા ગાઉથી પણ નજીક છે. નગરમાં આવેલી કે'ટલીક મ્હોટી હવેલીઓનાં છાપરા દૂરથી પણ દૃષ્ટિગોચર થાય છે. પિપાસાથી મોહિતનો આત્મા અતિશય આકુલ વ્યાકુલ થઈ રહ્યો છે. પાસે જ ગંગા નદી આવેલી હોવાથી તે ગંગા નદીની તરફ જવા લાગ્યો. તીરે જઈને જોયું તો તે જગ્યાએ શ્મશાનઘાટ માલૂમ પડ્યો. સ્થાને સ્થાને ચિતાઓનાં અવશેષ ચિન્હો વિદ્યમાન રહેલાં ત્હેની નજરે પડયાં. છેવટે ત્હેણે એક બાજુ તરફ જઇ થોડો સમય ભૂમાતા ઉપર ઉપવેશન કર્યું. તથા વિચાર્યું કે,—"થાક દૂર થયેથી જલપાન કરીશ."

ત્હાં બેઠો બેઠો તે વિવિધ પ્રકારના વિચારો કરવા લાગ્યો. એ સર્વ વિચારોમાં ભોજનની વાત મુખ્ય છે. કોઈ પણ પ્રકારે ભોજનની ચિંતા ત્હેનાથી દૂર કરી શકાઇ નહિં. શુ ફરાસડાંગા પહોંચ્યા પછી ત્હેનું ક્ષુધાતુર મુખ જોઈ કોઈ ત્હેના ભોજનની વ્યવસ્થા કરશે ? અરેરે મોહિત! અન્નક્લેશ કો'ણ સહન કરી શક્યુ છે તે ત્હું કરી શકીશ!

આજે હજુ સુધી સંધ્યાદિ નિત્યકર્મ થયું નથી. ઝોળી તથા ઉત્તરીય વસ્ત્ર વિગેરેને ઘાટ ઉપર મૂકી તે સ્નાન કરવાને જલમાં પડયો. સ્નાન કરી રહ્યા પશ્ચાત્ સંધ્યાદિ નિત્યકર્મ કરી રહી તે જલપાન કરશે.

સંધ્યાદિ કર્મ પૂર્ણ કરી, જલપાન કરી ત્હેણે ભીના વસ્ત્રને સુકવી દીધું; તથા પોતે ઝોળીમાંથી વેદાન્ત રામાયણ બ્હાર કાઢી ત્હેના દશમ સ્કંધનો ઘાટ ઉપર બેઠો બેઠો પાઠ કરવા લાગ્યો. ધીમે ધીમે નીચેનો શ્લોક પણ ત્હેના વાંચવામાં આવ્યો:—

सन्न्यासमाश्रयति यो हि विनैव कर्म
योगं स चेह लभते खलु दुःखमेव ।
य कर्मयोगमनुतिष्ठति वा मुनि सन्
स ब्रह्म विन्दति परं न चिरेण मर्त्य. *

આ શ્લોકને મોહિતે પહેલાં પણ વાચ્યો હતો, કિંતુ આ વખતે જ તે આ શ્લોકનું સત્ય રહસ્ય સ્હમજી શકયો પુસ્તકને બંધ કરી તે વિચારવા લાગ્યો.—' મ્હે જે પ્રકારનુ જીવન અવલંબન કર્યું છે તે તદ્દન કર્મહીન છે—આથી કરીને મ્હારે દુઃખ જ ભોગવવુ પડશે હું શાસ્ત્રચર્ચા તથા ભગવદ્ભક્તિ કોઇ પણ પ્રકારની ઉપાધિ વિના કરી શકીશ એમ ધારીને જ સસારનો લગભગ બે સપ્તાહ થયા મ્હે ત્યાગ કર્યો છે, કિંતુ અત્યાર સુધીમા હુ શુ કરી શકયો-છું ? ઘેર રહીને હું જે બે દિવસમા કરી શકતો હતો તે બ્હાર નીકળ્યા પછી મ્હારાથી બે સપ્તાહમા પણ થઈ શકતુ નથી ઉલટું દિવસે દિવસે મ્હારો દેહ શુષ્ક થતો જાય છે, તેમ મન પણ શુષ્ક થતુ જાય છે.

મોહિતે પુસ્તક ઉઘાડી પુન ત્હેનો પાઠ કરવા માંડ્યો, પણ શાસ્ત્રાર્થમાં ત્હેનું મન જોઇએ હેવુ એકાગ્ર થઇ શકયુ નહિ. ક્ષુધાથી મસ્તક ભમવા લાગ્યુ. દેહ અવસન્ન થઈ ગયો. બેસી રહેવાનુ પણ ત્હેને સારૂં લાગ્યુ નહિં તરત જ તે કામળ પાથરી ત્હેના ઉપર સૂતો અને વિના વિલંબે નિદ્રાધીન થઈ પડયો.

---

* જે કર્મયોગ—વિરહિત થઈ સન્યાસનો આશ્રય લે છે તે આ વિશ્વમા દુઃખી થાય છે, જે મનનશીલ થઇ કર્મયોગનું અનુષ્ઠાન કરે તે જ મનુષ્ય સહજમાં બ્રહ્મલાભ કરે છે.

નિદ્રામાં પણ ફક્ત અન્નનું જ સ્વપ્ન આવ્યુ–અનેક પ્રકારની વિચિત્ર અવસ્થામાં, વિચિત્ર સ્થળોમા તે વિચિત્ર પ્રકારનું ભોજન જમે છે–હેવું જ ત્હેને સ્વપ્નમાં લાગ્યું! હાવી અવસ્થામાં બે કલાક વીતિ ગયા.

નિદ્રાનો ભંગ થતાં મોહિતે જોયુ કે ભગવાન્ સૂર્યનારાયણ પશ્ચિમ દિશા તરફ ઢળી પડ્યા છે. ઉઠીને બેઠા થઈ તે સ્વપ્ન–વૃત્તાંતનું સ્મરણ કરવા લાગ્યો; પછીથી ધીમે ધીમે પ્રથમ એક સમયે શ્રવણ કરેલું હિન્દી ગાન ગાવા લાગ્યો.

"जब दांत न थे तब दूध दियेओ,
जब दांत दियेओ, क्या अन्न न देहै?
जो जलमे थलमे पशुपच्छिनको,
सुध लेत, सो तेरिहु ले है।
काहेको शोच करे मन मुरख?
शोच करे कछु हाथ न आइ है
जानको देत, अजानको देत,
जहानको देत–सो तोहुको दे है." ॥

સ્હામે તરંગમયી ગંગા નદી કલ્લોલ કરતી વહેતી ચાલી જાય છે. આગળ પાછળ આવેલાં અસંખ્ય વૃક્ષો ઉપર અસંખ્ય પક્ષીઓ કલરવ કરી રહ્યા છે ગાન પૂર્ણ થતાની સાથે જ મોહિતના નેત્રો-માંથી આસુ પડવા લાગ્યા. તે ગંગા તરફ થોડા સમય સુધી એકાગ્ર નજરે જોઈ રહ્યો ત્હાર પછી નેત્રો સાફ કરી ત્હેણે વિચાર્યું.–"ખ્રિસ્તિઓ પ્રાર્થના કરે છે કે, Give us this day our daily bread—પ્રભુ! આજે હમને હમારો દૈનિક આહાર આપ્ય–પહેલાં

હું એમ ધારતો હતો કે ખ્રિસ્તિઓની આ પ્રાર્થના ઘણી જ આધિભૌતિક પ્રકારની છે–પ્રભુ હમને ભક્તિ આપ્ય, મુક્તિ આપ્ય એમ ન ઇચ્છતાં પ્રભુ અન્ન આપ્ય એ એક પ્રકારની કામેચ્છા કયેમ નહિં કિંતુ અન્ન એ ઇશ્વરનું કે'વું મહાન દાન છે એ આજે જ મ્હારા સમજવામાં આવ્યું. અન્ન ઉપર જ દેહ ટકી રહે છે." આમ વિચાર કરી પુનઃ તે ધીમે ધીમે પોતાની સઘળી વસ્તુઓ લેઈ ચાલવા લાગ્યો. ફરાંસડાંગા જો કે વિશેષ દૂર નહિ હતુ છતાં ત્ય્હાં પહોંચતાં ત્હેને અડધો કલાક લાગ્યો. ત્હેણે જ્ય્હારે ગ્રામમાં પ્રવેશ કર્યો ત્ય્હારે સૂર્યનારાયણ અસ્ત પામ્યા હતા. ક્ષુધાની અસહ્ય વેદનાથી ધીમે ધીમે ત્હેનું મસ્તક ભમવા લાગ્યું, આંખ્યોએ અંધારાં આવવા લાગ્યાં. જાણે પોતે હમણાં પડી જશે એમ ત્હેને લાગવા માંડયુ. હેવામાં થોડે દૂર એક વિશાલ બંગલો આવેલો ત્હેની નજરે પડતાં જ તે એ બંગલાના ઓટલા ઉપર જઇને બેસી પડયો તથા છેવટે સંજ્ઞાશૂન્ય થઈ જઈ તે જ સ્થળે સુઇ ગયો.

થોડો સમય થઇ ગયો હશે ત્ય્હાર પછી એ જ બંગલામાંથી એક પંદર વર્ષનો અને બીજો અઢાર વર્ષનો હેવા બે બાલકો બ્હાર નીકળ્યા. ઓટલા ઉપર મોહિતને સંજ્ઞાશૂન્ય પડી રહેલો જોઇ ત્હેમને આશ્ચર્ય લાગ્યું. બેમાંથી મ્હોટો બોલી ઉઠયોઃ–" સુરેશ ! જાને પિતાને બોલાવી લાવ્ય આ સંન્યાસીને મુર્છા આવી ગઈ હોય એમ જણાય છે. રસ્તે જનાર એક માણસ બોલી ઉઠયોઃ–" સંન્યાસીજીએ ભાંગનો ઠીક પ્રસાદ લીધો જણાય છે. ! "

બીજો એક બોલી ઉઠયોઃ–" કદાચ ગાંજાનો દમ પણ વધી પડયો હશે ! "

કોઇની કથા ઉપર લક્ષ્ય ન આપતાં ન્હાનો બાલક ગૃહમાં જઇને પિતાને બોલાવી આવ્યો.

ગૃહમાંથી જે માણુસ આવ્યો તે શરીરે હૃષ્ટપુષ્ટ, શ્યામવર્ણનો, તેમ જ લગભગ પીસ્તાલીસ વર્ષનો છે. માથામાં ટાક પડી રહી છે. આંખ્યો ઉપર સોનાની ફ્રેમવાળા ચસ્માં ચમકી રહ્યાં છે. હાથમા એક પુસ્તક છે. ત્હેણે આવી મોહિતની નાડીની પરીક્ષા કરી–છાતી ઉપર હાથ મૂકી હૃદય તપાસ્યું. છેવટે કહ્યુ:–" જો કે વિશેષ કાંઈ હરકત જેવું તો નથી, કિંતુ નાડી ઘણી ક્ષીણ છે. ક્ષુધાની વેદનાને લીધે આમ થયુ હોય એમ લાગે છે." આમ કહી પુનઃ મોહિતના હૃદય ઉપર હાથ મૂકી તપાસ કરવા લાગ્યો. આ વખતે મોહિતે નેત્રો વિકાસી ત્હેના તરફ એકાગ્ર નજરે જોયુ !

ગૃહસ્થે કહ્યું –" ત્હમે કોણ છો ? "

મોહિતે ક્ષીણ સ્વરે ઉત્તર આપ્યો:—" હું સંન્યાસી છું."

" ત્હમને શું થયું છે ? "

કાંઈ પણ ઉત્તર મળ્યો નહિં. ગૃહસ્થે પુનઃ પ્રશ્ન કર્યો·— " ત્હમે કાંઈ ખાશો ? "

" ખાઇશ. "

તરત જ એ ગૃહસ્થ પોતાના બે પુત્રોની સાહાય્યથી મોહિતને ઉંચકી ગૃહમાં લેઈ ગયો તથા ત્હેને પલગ ઉપર સુવાડયો. મોહિતને જે ઓરડામાં સુવાડયો તે ઓરડામાં બે ત્રણ મ્હોટાં કાચનાં કબાટો દવાની બાટલીઓથી ભરેલા હતા. આ ગૃહસ્થ તે ફરાસડાંગાનો સુપ્રસિદ્ધ ડૉક્ટર છે.

થોડા સમયમાં જ બે ચાર દવાઓનું એક મિકસચર બનાવી

ડૉકટરે તે મોહિતને પાઈ દીધું. મિકસચર પીધાને લગભગ દશેક મિનિટ થયા પછી મોહિત કાંઈક સ્વસ્થ થયો પુનઃ ત્હેણે પોતાનાં નેત્રો ઉઘાડયાં ડૉકટરે નાડીની પરીક્ષા કરી પ્રશ્ન કર્યો:—" હવે કેમ છે ? "

" સારૂં છે. "

" થોડું દૂધ પીશો ? "

" પીશ "

એક વાટકીમા થોડું દૂધ ગરમ કરી લાવવાનો ડૉકટરે આદેશ કર્યો.

મોહિતે કહ્યુ—" આજે આપે મ્હારા પ્રાણનુ રક્ષણ કર્યું. "

ડૉકટરે પૂછ્યુ—" કે'ટલા દિવસથી અનાહાર છો ? "

મોહિતે કહ્યુ—" પરમ દિવસે સંધ્યા સમયે ભોજન કર્યું હતું. ત્હાર પછી જલપાન ઉપર જ અત્હાર સુધીનો સમય ગયો છે!"

ડૉકટરે થોડા સમય સુધી મોહિતના મુખ તરફ એકાગ્રતાથી જોઈ રહી કહ્યુ—" આપણા હિંદુ સમાજના લોકો વકતૃતા કરવામાં ઘણા શૂરા હોય છે, ત્હારે કર્તવ્યમા છેક જ શૂન્ય હોય છે. બાકી આપના જેવા મહાત્મા સંન્યાસીનો ભૂખ્યે પ્રાણ ચાલ્યો જાય એ શુ થોડા અફસોસની વાત છે ? "

મોહિતે કહ્યું—"હેમાં કોઇનો કાંઈ દોષ નથી, કારણ હુ કોઈની પાસે યાચના કરતો નથી. "

ડૉકટરે કહ્યુ.—" શુ યાચના થયા સિવાય આપી શકાય નહિં ? " આ સમયે જ દૂધ આવી પહોંચ્યુ. મોહિતે દૂધ પી લીધું.

આ દિવસે રાત્રે આહારાદિ કરી રહ્યા પછી મોહિતે શયન કર્યું, પણ ઘણા સમય સુધી નિદ્રા આવી શકી નહિં ત્હેને એમ

લાગ્યુ કે પોતે જે રસ્તા ઉપર જીવન ચલાવવા ઇચ્છયું છે તે રસ્તો હેને માટે પ્રકૃષ્ટ નથી. એક વખતે હેની ધારણા હેવી હતી કે સંસાર-બંધનોનો ત્યાગ કરી સંન્યાસી થયા સિવાય ઈશ્વરની આરાધના એકાગ્રચિત્તથી થતી નથી, પરંતુ હવે તો હેને એમ જ લાગ્યું કે પોતે જે રસ્તો ગ્રહણ કર્યો છે હેનાથી તો ઉલટું આત્મચિંતાને લીધે ઇશ્વરની બિલકુલ આરાધના થઈ શકતી નથી. હેને ચોક્કસ ખાત્રી થઇ કે સંસારમા રહીને તે જે પ્રમાણે શાસ્ત્રચર્ચા તથા ઇશ્વ-રાધના કરી શકત હેનો એક શતાંશ પણ ગૃહત્યાગી-સંન્યાસી થવાથી એ કરી શકતો નથી. સંન્યાસી થયા પછી હેનું ચિત્ત અન્નચિંતા તથા આશ્રયચિંતા એ બે પ્રકારની ચિંતાઓમા જ ચિંતિત રહ્યુ છે. વીતિ ગયેલા બે સપ્તાહોની પ્રત્યેક દિવસની પ્રત્યેક ઘટના એક પછી એક હેના મનમા તાજી થવા લાગી. રાત્રિની નિસ્તબ્ધતામા ડેપ્યુટી ઇન્સ્પેક્ટરની ઉપાસના સમયની મૂર્ત્તિ હેનાં નેત્રો સમિપ ઉપસ્થિત થઇ. મોહિતને એમ લાગ્યુ કે, એ ગૃહસ્થા-શ્રમનું પાલન કરે છે અને હુ સંન્યાશ્રમનું પાલન કરૂ છુ છતા હેના જેવી એકાગ્રતાથી હુ આરાધના કરી શકતો નથી આ કથાની યાદ આવતાની સાથે સાથે જ તે દિવસની રાત્રિનુ સ્વપ્ન હેને યાદ આવ્યુ તથા '**પ્રભુ પધારો !**' એ ચિનિના શબ્દો પુન હેના મનમાં આવ્યા ચિનિના મદવાડ સમયે છજામાં બેસી પ્રભાતકાલે હેણે જે ઈશ્વરાધના કરી હતી હેના જેવી એકાગ્રવૃત્તિપૂર્ણ આરાધના તે હેના જીવનમાં અદ્યાપિપર્યંત કોઇ પણ સમયે કરી શકયો નથી ! આ સર્વ વિચારો આવતા હેણે નક્કી કર્યુ કે, **સંસાર બંધનમાં રહી ઈશ્વરાધના કરવાથી જ ઇશ્વરનો પ્રેમ સંપાદન કરી**

શકાય છે. એક વખત ત્હેના મનમાં એમ આવ્યું કે 'ઇશ્વરની હેવી ઉપાસના તે તો સકામ ઉપાસના કહેવાય' પણ તરત જ પાછું વિચાર્યું કે–' શુષ્ક નિરૂપાસનાના કરતા સકામ ઉપાસના શું ખોટી ? જે ભૂમિ સાધારણ ભીંજાયલી હોય છે તે ભૂમિ મરૂભૂમિના કરતા તો સારી ગણાય છે ને !' આ પ્રમાણે વિચારો આવવાથી ત્હેણે સંન્યાસનો પરિત્યાગ કરી બીજે દિવસે સ્વગૃહે ઉપડી જવાનો નિશ્ચય કર્યો.

મોહિતની વિચારમાલાના મણકા ગુંથાવાના જ્યારે અટકી પડયા ત્યારે ઘડીઆળમાં એક વાગ્યો. પાસે રેલ્વેનું ભાડું નહિં હોવાથી કે'વી રીત્યે ઘેર જવું હેનો વિચાર કરતાં કરતાં તે નિદ્રાધીન થયો.

બીજે દીવસે સ્હવારે ડૉકટરની ડિસ્પેન્સરી (દવાખાના)મા જ મોહિતનો એક પરિચિત મનુષ્ય ત્હેને મળી ગયો; ત્હેની પાસેથી પચીસ રૂપિયા ઉછીના લેઈ ગૃહસ્થને યોગ્ય હેવાં વસ્ત્રોમાં પુન સજ્જિત થઈ સ્હાજની ગાડીમાં ત્હેણે કલ્યાણપુર તરફ પ્રયાણ કર્યું.

ષોડષ પારચ્છેદ.

સ્નેહ લગ્ન !

It is a secret sympathy,
The silver link, the silken tie,
Which heart to heart and mind to mind,
In body and in soul can bind.

—sir Walter scott.

* * * *

A kiss is a lrue loves token,
Better than gems or gold:
A kiss is a glimpse of glory,
Brighteing tho darkest place·
A kiss,—it is Loves oid story
Breathed in a moments space.

આજે મોહિત તથા ચિનિતું શુભ લગ્ન થનાર છે. આજનો દિવસ અત્યાનંદદાયક છે. કન્યાપક્ષની સ્ત્રીઓએ મંગલ ગીતોથી આકાશ ગજવી મૂકયું છે, અનેક વાદ્યોના રમણિય ધ્વનિ શ્રવણે પડે છે, વિસ્તિર્ણ વિવાહ મંડપ તૈયાર થયો છે; આ વિવાહ મંડપમાં રક્તવર્ણ વસ્ત્રના આસન ઉપર મોહિતની દેવતુલ્ય મૂર્ત્તિ શોભી રહી છે! અનેક આભુષણો તે'મ જ અલંકારોથી તે ઝળહળી રહ્યો છે. વિશાલ વક્ષસ્થળ ઉપર જે એક મુક્તાહાર શોભી રહ્યો છે તે'વો મુક્તાહાર રાજ્યગૃહમા પણ ભાગ્યે જ હશે. યુવાના ઉન્નત લલાટ ઉપર ચંદન શોભી રહ્યુ છે. સભામાંના સકલ જને જ્યહારે આ દેવતુલ્ય મૂર્ત્તિનું અવલોકન કર્યુ ત્યહારે સર્વે ત્હેને એક સ્વરે આશીર્વાદ આપવા લાગ્યા.

· વર ગૃહની અંદર ગયો. સેંકડો નારીઓના આનંદ ગીતોથી સર્વત્ર મગલ ધ્વનિ પ્રસરી રહ્યો. આજે રાત્રે આ સ્ત્રીસમાજની કેવી ભીડ, કે'વો હાસ્યધ્વનિ, કેવો નારીકંઠનિ.સૃત કલકલ શબ્દ ત્હેનું વર્ણન કરવાની શક્તિ આ ક્ષુદ્ર લેખકની લેખિનીમાં નથી. પતિ પુત્રવતી નારીઓએ મહા આનદથી આ મંગલ કાર્યમાં ભાગ લેઈ સુંદર વરને ઘેરાને અનેક પ્રકારના હાસ્ય પરિહાસ કરતાં કરતાં સ્ત્રી—આચાર સંપાદન કર્યો.

સ્ત્રી–આચાર થઇ ગયા પછી વર કન્યા બ્હાર નીકળ્યાં, તથા સભા મડપમા બેઠા સભાનાં સર્વે જનોએ પ્રથમથી જ વરનું ઉજ્વલ સૌંદર્ય જોઇ અનેક પ્રકારની સ્તુતિ કરી છે; વળી જ્યહારે લક્ષ્મી સ્વરૂપા સરોજિનીની કાતિ લાવણ્ય અને કમનિયતા જોઈ ભુયો ભુય: સ્તુતિ કરવા લાગ્યા કે:–' આજે વિધાતાએ ગોગ્યની સાથે યોગ્ય પાત્રનું મિલન કરી આપ્યું.

વિવાહકાર્ય પૂર્ણ થઈ ગયા પછી રાત્રે મોહિત તથા ચિનિ ફૂલશય્યાના શયન કરવા ગયા મોહિતે શયનાલયમા ગયા પછી ચિ-નિને એક ગાન ગાવાની પ્રેમમય વાણિથી સૂચના કરી

ચિનિએ કોઇ દિવસ ગાન ગાયું ન્હોતુ જો કે કાવ્યશાસ્ત્રના નિયમો તે જાણુતી હતી, કિતુ ત્હેને પોતાને ગાવાનો વધારે અ-ભ્યાસ ન્હોતો આથી કરીને થોડા સમય સુધી શુ કરવુ ત્હેની વિમાસણમા તે પડી ગઇ, છેવટે ગૃહમા જઇ પોતાનું ગ્રામોફોન લેઈ આવી ત્હેણે કહ્યું –' આ મ્હારો પ્રતિનિધિ–હેને જે'ટલાં ગાન ગાવાનું કહેશો તેટલા તે ગાશે!"

ચિનિની બુદ્ધિ જોઈ મોહિતને આશ્ચર્ય લાગ્યું ત્હેણે એ નવ વધુને પોતાની છાતી સરસી ચાપી ત્હેના લલાટદેશે અનેક ચુબનો કરી ત્હેને વિહ્વલ બનાવી મૂકી. ચિનિનો પ્રતિનિધિ રાગિણી પછી રાગિણીનુ વર્ષણ કરી દપતિના મનમાં આનંદની ધારા વહેવડાવવા લાગ્યો!!! **इत्योम्**

આ નવલકથાના લેખકની બીજી

નવલકથાઓ !

કે જે સાક્ષરો તેમ જ અનેક પત્રોદ્વારા પ્રશંસિત થઇ ચુકી છે ! !

(૧) પ્રેમની પ્રતિજ્ઞા–(એક કરૂણાજનક પ્રેમ કહાણી) કન્યાવિવાહની પ્રતિજ્ઞાનું અનેક સંકટો હોવા છતાં કે'વી રીત્યે પાલન કરવામા આવ્યુ છે એ, ખરી નીતિ કોને કહે છે એ વિગેરે સુત્રોના રહસ્યને સ્પષ્ટ રીતે સ્હમજાવી આનદ તેમજ બોધ આપનાર ઉત્તમ નવલકથા. કિંમતમાત્ર ૦–૩–૦ **ત્રણ આના**

(૨) નિર્ભાગી કુસુમ·–બાલવિધવાઓની કરૂણાજનક સ્થિતિનો સંપૂર્ણ રીત્યે ખ્યાલ કરાવી, સત્ય નીતિનું દર્શન કરાવે છે **'મૉડર્ન રિવ્યુ'** જે'વા ઈંગ્રેજી ભાષાના સર્વશ્રેષ્ઠ માસિકદ્વારા પણ પ્રશંસા પામી છે. પ્રકરણ ૨૧ કાગળ, છપાઇ, બંધાઇ સર્વે સર્વોત્તમ, કિંમત માત્ર ૦–૪–૦ **ચાર આના.**

(૩) ગૃહિણી કે દેવી? –'મુંબઇ ગુજરાતી' નામક સાપ્તાહિક પત્રમા પ્રસિદ્ધ થયેલી, પતિવ્રતા સ્ત્રીના કર્ત્તવ્યનુ યોગ્ય રીત્યે રહસ્ય દર્શાવનાર લગભગ ૨૨૫ પૃષ્ઠની દળદાર મનોમુગ્ધ નવલકથા કિંમત ૦–૧૨–૦ **બાર આના.**

(૪) સુલતાન બહાદુરની ચિત્તોડ પર ચ્હડાઇ યાને **પદ્મિનીનું અનુસંધાન**·—(છપાય છે)

દીપોત્સવીનો ખાસ અંક લગભગ ૧૫૦ પૃષ્ઠનો મળશે.

દરેક અંકમાં નાના પ્રકારનાં ઇનામો આવે છે તેનો લાભ મળશે.

ઈનામી વાર્તા વાંચી ઇનામ મેળવવાનો લાભ મળશે.

કોઈ પણ **વિષયની** માહિતી **મફત** મેળવવાનો લાભ મળશે

નાના પ્રકારની બીજી અનેક **ઇનામી સ્પર્ધાનો** લાભ મળશે.

ભેટ ઉપરાંત બીજાં મફત તેમજ ખાસ ઘટાડેલા ભાવના પુસ્તકો મેળવવાનો લાભ મળશે.

રૂ. ૨૦૦ રોકડા મેળવવાનો લાભ મળશે

વાર્તાવારિધિના પ્રત્યેક પૃષ્ઠમા કંઈક નવીનતા છે

વાર્તાવારિધિનો **નમુનાનો અંક** એક મગાવી સંપૂર્ણ વિગતથી જાણીતા થવા વિનંતિ છે.

ચાલુ વર્ષના દીપોત્સવીના ખાસ અંકમા ૧૪ કથાઓ સંપૂર્ણ આપી છે. આ અંકની કિંમત. ૦-૮-૦

સરસીવાડ, ખાડીઆ,	**ગણપતિરામ ઉત્તમરામ** ભટ્ટ,
અમદાવાદ.	**પ્રયોજક, વાર્તાવારિધિ.**

પ્રથમ ભેટનું પુસ્તક ચારુચિત્રા બહાર પડી ચુકયું છે.